## Gujarat Chamber of Commerce and Industry



# AIનો વધી રહેલો દબદબો

# Gateway To Growth




KUNVARJI

Kunvarji brings a wealth of knowledge accumulated over 60+ years of our commitment to growth. With the help of this knowledge, Kunvarji has consistently improved the lives of everyone we touch. No wonder then, Kunvarji continues to evoke a sense of trust whether it is Wealth Solutions, Agro Commodities, Real Estate Advisory, Integrated Logistics, Tech Solutions or Insurance Advisory.

+91 98796 13753 wealth@kunvarji.com www.kunvarji.com

# Leading From The Front


President
**Pathik Patwari**

Sr. Vice President
**Ajay Patel**

Vice President
**Yogesh Parikh**

Hon. Secretary
**Anil Jain**

Hon. Secretary (Regional)
**Dilip Padhya**

Hon. Treasurer
**Apurva Shah**

Immediate Past President
**Hemant Shah**


# Contents


૧. બેન્ક અગત્યના દસ્તાવેજ ખોઈ નાખે તો શું કરી શકાય? ................ ૪

૨. શું AIના ભરોસે ઈન્વેસ્ટમેન્ટના નિર્ણય લેવા જોઈએ? ...................... ૮

૩. KYCના અભાવે બેન્ક તમારું એકાઉન્ટ ફ્રીઝ કરી શકે કે નહિ?........૧૦

૪. સોનાના ઘરેણાની ખરીદી કે વેચાણ વખતે HUID કોડ અવશ્ય ચેક કરો ..............................................૧૪

૫. આત્મ નિર્ભર ગુજરાતની યોજના હેઠળ તમે સબસિડી કઈ રીતે લઈ શકશો ..........................................૧૬

૬. મેડિકલ ડિવાઈઝ માટે આવી રહેલી નવી પોલીસી ઉદ્યોગની શિકલ બદલશે .....................................૨૦

૭. વિલફૂલ ડિફોલ્ટર્સ પ્રત્યે કૂણું વલણ દાખવતી રિઝર્વ બેન્કની નવી જોગવાઈ અંગે ઊહાપોહ-મતમતાંતર ................૨૪

૮. યુરોપિયન સંઘના દેશોમાં ભારતના એકમોની નિકાસ પર કાર્બન ટેક્સ વસૂલશે ...........................................૨૮

૯. વિલ બનાવવાનું વિચારી રહ્યા છો? આ ૧૧ ભૂલો કરવાનું ટાળો ........૩૨

૧૦. મર્જર તથા એક્વિઝિશન: કંપનીઓએ શું ધ્યાન રાખવું જોઈએ? .......૩૫

૧૧. જરૂરિયાત પ્રમાણે સ્ટાફમાં વધઘટ કરતા રહે તો MSMEને ફાયદો થાય ..................................................૪૦

૧૨. ખોટી માહિતી ફેલાવી લિસ્ટેડ શેર્સના ભાવ ભડકાવનારા પર સેબી ગાળિયો કસશે ........................................................૪૩

૧૩. ChatGPT:નોકરીઓ ઓહિયા કરી જશે?.................................૪૬

૧૪. ઇન્સાઈડર ટ્રેડિંગ: સેબીનો ટૂંકો પડી રહેલો પનો ..........................૫૨

૧૫. ખેત ઉપજનું ગ્રેડિંગ હવે ખેડૂતો ઘર આંગણે જ કરી શકશે...............૫૬

૧૬. ભારતીય ચલણમાં આયાત અને નિકાસના સોદા કરવા શક્ય છે ખરા?..................................................૫૮



Gujarat Chamber of Commerce & Industry,
Ashram Road, P. O. Box No. 4045,
Ahmedabad - 380 009.
Tel.: +91 79 26582301 / 2 / 3 / 4,
Email: gcci@gujaratchamber.org,
Web.: www.gujaratchamber.org

We welcome your feedback and suggestions.
Do write to us on :
bulletin@gujaratchamber.org

Editorial Coordinator: Runal Patel



**Disclaimer:**
The articles contained in this publication represent the individual views and opinions of the writer and GCCI does not necessarily conform or share the same views with that of the writer. The article does not constitute comprehensive professional advice and is meant for information purposes only. The information, data and figures in the articles have been obtained or derived from sources believed to be reliable, but GCCI does not represent that this information is accurate or complete. Any opinions or estimates contained in the articles represent the views of the writer at that time and are subject to change without notice. Readers of this publication are advised to seek their own professional advice before taking any course of action or decision, for which they are entirely responsible. GCCI neither accepts nor assumes any responsibility or liability towards any reader of this publication in respect of the information obtained within this publication or for any decisions readers may take or decide not to take or fail to take, based on the contents of this publication.

# President Message



**Pathik Patwari**

President, GCCI

Dear friends,

As we can witness from all recent developments, India's economy has indeed gained unprecedented momentum as we pass through our nation's "Amritkaal". For the people associated with Trade & Industry this certainly is the most propitious time when we must take full advantage of this unprecedented momentum and grab innumerable opportunities that have been arising through the government's proactive trade & industry related policies.

For Gujarat state this is all the more propitious time because of the synchronicity of vision & action between the state government and the central government. The state government's policy actions clearly demonstrates the eagerness of Government to take full advantage of central government's vision and their policy decisions.

Our commitment to become "Atmanirbhar" in various new age sectors like Semi-conductor Industry, Defense Industry, Renewable Energy, Infrastructure Sector, Digitization and Artificial Intelligence as well as industries connected with Internet of Things offers huge opportunities to trade and industry and we must be ready and proactive to take advantage of the same and ensure organic and inorganic growth of our industries.

The recent signing of MoU between the Gujarat government and US chipmaker Micron to invest USD 2.5 billion (INR 22,500 crore) to establish an ATMP (Assembly, Test, Marking, and Packaging) facility in Gujarat's Sanand GIDC has been one such exciting development for Gujarat and especially for all our trade & industry partners, because this staggering investment will provide a huge boost to the entire semiconductor ecosystem, as other associated industries for raw materials and finished products related to this sector will also be drawn to Gujarat and the Cascading Effect of this development will greatly benefit all trade & industry directly and indirectly.

It is heartening that this important announcement follows the equally exciting announcement of the joint venture between India's Vedanta Limited and Taiwanese electronics giant Foxconn to set up their semiconductor and display manufacturing facility at the Dholera Special Investment Region, where they would be deploying India's biggest ever corporate investment to the tune of INR 1,54,000 crore.

Micron Technology will be establishing an Assembly and Test facility wherein they will focus on transforming wafers into ball grid array (BGA) integrated circuit packages, memory modules and solid-state drives and this will prove to be a game-changer in India's semiconductor manufacturing sector. It will provide innumerable direct and indirect employment opportunities.

During Hon'ble Prime Minister's recent visit to the USA, President Joe Biden announced significant investment in India aimed to boost India's Semicon Program

through the establishment of a semiconductor assembly, test, marking, and packaging (ATMP) facilities here.

Google Inc's CEO Sundar Pichai also announced to establish Google's Global Fintech Centre in GIFT City, Gandhinagar. Through this center, Google will be investing USD 10 billion of their India Digitization Fund in India. This will help Gujarat emerge as the apex state in Investments and Economic Development Index.

Equally exciting development is in the Defense Sector where there is now utmost focus on "Make in India" and in this sector also there has been noteworthy investment in Gujarat.

All these developments are quite akin to Tata Motors entry in Gujarat through their "Nano Car" manufacturing facility in Sanand which culminated into large number of auto makers namely Maruti Suzuki, MG, Ford Motor, Mitsubishi etc. and many ancillary industries setting their ventures in Gujarat.

Incidentally Micron is the fifth largest company in the realm of manufacturing semiconductors used by mobiles, laptops, servers, defense equipment, cameras, electric vehicles, trains, cars, and telecom equipments. One can therefore well imagine what kind of breathtaking cascading impact this will have on all the industries.

It is heartening that there is an excellent synchronicity of "Vision & Efforts" between Gujarat government and the Central Government and this has been amply demonstrated by the Gujarat Government having unveiled their dedicated 'Gujarat Semiconductor Policy 2022-27' which aims to create at least 2,00,000 new employment opportunities over the five years. Incidentally, Gujarat is the first state in India to have a dedicated semiconductor policy. Government has also proposed to develop a special 'Semicon City' as a part of Dholera Special Investment region.

Recently, India's Defence Acquisition Council (DAC) approved the purchase of US-MADE Predator Drones, arguably the best in the world at the cost of around USD 3.5 billion.

Boeing, the US aerospace major is all set to invest big in Gujarat and thus ensuring Boeing's greater presence in aviation sector in India, including the domain of Maintenance, Repair and Overhaul (MRO) of aircrafts. Boeing President and CEO Dave Calhoun met our Hon'ble Prime Minister recently and explored wider partnership & participation in India's Atmanirbhar Bharat agenda.

It has also been recently announced that Airbus Defence & Space and Tata Advanced Systems Ltd will manufacture the C-295 transport aircraft for the Indian Air Force (IAF) in Vadodara, Gujarat.

All this development bides well for Gujarat's trade & industry with India's GDP surging to USD 3.75 Trillion making us the 5th largest economy in the world, our USD 770 Billion exports, our 76% digital transactions, 771.3 million broadband subscriptions, 95.7 GW of renewable energy generation and construction of 1,45,155 KM of National Highways.

Considering all this, it is the most appropriate time for Gujarat's Industries to renew their focus on all new age & new tech industries and meticulously work out how we can take full advantage of these developments and expand our ventures organically and inorganically.

In all your efforts, GCCI is committed to offer you all support, assistance and facilities through our continuous liaison & representations to Government and also through our help desks and our round the year projects, seminars and workshops.



# બેન્ક અગત્યના દસ્તાવેજ ખોઈ નાખે તો શું કરી શકાય?

પરેશ શાહે હોમલોન લીધી હતી. સાત વર્ષમાં હોમલોનની ચૂકવણી કરી દીધા પછી તેણે રાહતનો દમ લીધો. બેન્કમાંથી નો ડ્યૂ સર્ટિફિકેટ આવી ગયું. હા....શ.. મારું ઘર હવે મારું પોતાનું થઈ ગયું. આ ખુશીમાં મસ્ત પરેશે બેન્કે આપેલી ફાઈલ ચેક ન કરી. ફાઈલ કબાટમાં મૂકી દીધી. વરસો પછી ફ્લેટ વેચીને મોટા ફ્લેટમાં જવાનો રૂડો દિવસ આવ્યો. પરેશે જૂનો ફ્લેટ વેચવા કાઢ્યો. ફાઈલ કાઢી તો ખબર પડી તેમાં શેર સર્ટિફિકેટ જ નથી. શેરસર્ટિફિકેટ વિના ફ્લેટનો સોદો જ ન થાય. સોસાયટીના પ્રમુખનો સંપર્ક કર્યો. સોસાયટીના પ્રમુખે ડુપ્લિકેટ ઈશ્યૂ કરી આપવાની ના પાડી. બિલ્ડરનો સંપર્ક કર્યો. બિલ્ડરે કહ્યું પચ્ચીસ વર્ષ જૂનો રેકોર્ડ મારી પાસે નથી. તમે તમારી રીતે જોઈ લો. પરેશે વકીલનો સંપર્ક કરવો પડ્યો. વકીલે કહ્યું મારી ફી રૂ. ૧૦૦૦૦ થશે. ફ્લેટ વેચવો હતો તેથી પરેશે સંમતિ દર્શાવી. શેરસર્ટિફિકેટ ખોવાયું હોવાની અને તેના પર કોઈનો બોજો ન હોવાની જાહેરાત અખબારમાં જાહેરાત આપવી પડી.આ જાહેરાત આપવા માટે બીજો સાતેક હજારનો ખર્ચ કરવો પડ્યો. પંદર દિવસમાં કોઈપણ જગ્યાથી મિલકતના શેરસર્ટિફિકેટને ગિરો મૂકીને બેન્ક કે અન્ય કોઈ નાણાં સંસ્થાનો બોજો ઊભો કરવામાં આવ્યો હોય તેવો કોઈપણ જાતનો પ્રતિભાવ ન આવ્યો. વકીલે આ હકીકતને સર્ટિફાય-પ્રમાણિત કરતું પ્રમાણપત્ર આપ્યું. સોસાયટીના પ્રમુખે ડુપ્લિકેટ શેરસર્ટિફિકેટ ઈશ્યૂ કરી આપ્યું. ત્યારબાદ પરેશના ફ્લેટનો સોદો થઈ શક્યો. આ સોદો થતાં લગભગ બે મહિના જેટલો સમય લાગી ગયો. હોમલોન ચૂકવ્યા પછી નો ડ્યૂ લઈને સંતોષ માનીને બેસી ગયેલા પરેશે આટલી જફા કરવી પડી. તેની સાથે વીસ હજાર જેટલો ખર્ચ કરવો પડ્યો તે છોગામાં.

હા, બેન્કમાંથી લોન લેતી વખતે સબમિટ કરવામાં આવેલા દરેક દસ્તાવેજ અત્યંત મહત્વના હોય છે. આ દસ્તાવેજની ઓરિજિનલ નકલ બેન્ક રાખી લેતી હોય છે. પરિણામે નો ડ્યૂ લેતી વખતે બેન્ક તમે આપેલા દરેક દસ્તાવેજો પરત કરે છે કે નહિ તેની ચકાસણી કરવી જરૂરી છે. હવે તો બેન્ક પણ દરેક દસ્તાવેજ બતાવી બતાવીને તે પરત કરવામાં આવ્યા હોવાના પુરાવા તરીકે વિગતો સાથેના અલગ પેપર્સ બનાવે છે અને તે પેપર પર લોન લઈને ચૂકવી દેનારની સહી પણ કરવામાં આવે છે. જોકે આ પ્રક્રિયા ન કરી હોય તેવા ઘણા લોકો આજે તેમના ઓરિજિનલ દસ્તાવેજ ન મળતાં હોવાથી પરેશ શાહની જેવી જફા કરવાની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યા છે.



**પૂર્વી ભાવસાર,** કો-ચેરપર્સન, બેન્કિંગ એન્ડ ફાઈનાન્સ ટાસ્કફોર્સ, GCCI

સામાન્ય રીતે બેન્કો લોન આપતી વખતે ઓરિજિનલ ડોક્યુમેન્ટ જ લે છે. લોન પૂરી ન ચૂકવાય ત્યાં સુધી ઓરિજિનલ દસ્તાવેજો તેના કબજામાં જ રાખે છે. આ દસ્તાવેજો પરત મેળવવા માટે લોન લેનારાઓએ કોર્ટના દરવાજા ખટખટાવવાની પણ નોબત આવે છે. માત્ર હોમલોનના જ નહિ, શિક્ષણ માટે લીધેલી લોનના દસ્તાવેજો, વેપારના કે બિઝનેસના હેતુથી લીધેલી લોનના દસ્તાવેજો ગુમ થઈ જતાં હોવાના કિસ્સાઓ બને છે. લોન ભરપાઈ કરી દીધા પછી ઓરિજિનલ દસ્તાવેજો પરત કરવામાં બેન્કો બહુ જ વિલંબ કરતી હોવાની અનેક ફરિયાદો રિઝર્વ બેન્કમાં થઈ રહી છે.

શું તમે બેન્કમાંથી લોન લેતી વખતે તમે બેન્કને આપેલા દસ્તાવેજો ચકાસી ચકાસીને પરત લો છો? ને લેતા હોવ તો હવે પછી તેમાં જરાય ચૂક ન કરતાં. કારણ કે ભવિષ્યમાં તે એક બહુ જ મોટી સમસ્યા બનીને તમારી હાલત કફોડી કરી નાખશે. આ હકીકતને સમજીનો રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા પણ લોન લેનારાના પ્રોપર્ટીના કે મહત્વના અન્ય દસ્તાવેજો ખોઈ નાખનારી બેન્કોને પેનલ્ટી-દંડ કરવાની જોગવાઈ લાવી રહી છે. કારણ કે લોન લેતી વખતે આપેલા દસ્તાવેજો ખોવાઈ જવાના કિસ્સાઓને કારણે વિવાદ પણ થઈ રહ્યો છે અને લોન લેનારાઓની હાલાકી પણ વધી રહી છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ આ માટે પૂર્વ ગવર્નર બી.પી. કાનુગોના વડપણ હેઠળ આ મુદ્દે તપાસ કરી નિયુક્ત કરેલી કાનુગો કમિટીએ પણ પેનલ્ટી-

● લોન લેતી વખતે બેન્કને તમે આપેલા ડોક્યુમેન્ટ્સ ખોવાયા છે?

● લોન લેનારાઓના દસ્તાવેજો ખોઈ નાખનારી બેન્કને દંડ કરવાની જોગવાઈ લાવવાનું આયોજન કરી રહેલી રિઝર્વ બેન્ક.

દંડની જોગવાઈ દાખલ કરવાની ભલામણ કરી છે. આ ભલામણનો સ્વીકાર કરી દેવામાં આવશે તો લોન લેનારના દસ્તાવેજો ખોઈ નાખવા બદલ બેન્કોને દંડ કરવામાં આવશે. અમદાવાદ જિલ્લા સહકારી બેન્કના એક અધિકારી નામ ન આપવાની શરતે જણાવે છે કે, "બેન્કે દસ્તાવેજો તેનાથી ખોવાયા હોવાની એફિડેવિટ કરી આપવી પડે છે. પ્રોપર્ટીનો ઓરિજિનલ દસ્તાવેજ હોય તો તમારે દસ્તાવેજની ડુપ્લિકેટ કોપી મેળવવાની કાર્યવાહી કરવી પડે છે. સ્ટેમ્પ ડ્યૂટી કલેક્ટરની કચેરી તેને માટે કિંમત વસૂલે છે. આ કિંમત બેન્કે ભોગવવી પડે છે. ઓરિજિનલ દસ્તાવેજની ડુપ્લિકેટ મેળવવા માટેનો તમામ ખર્ચ બેન્કે ભોગવવો પડે છે.બેન્કે દસ્તાવેજ પરત કર્યા તે વખતે જ લોન લેનારે ધ્યાન રાખવું જરૂરી છે. બેન્ક તેમાં ન સહકાર આપે તો રિઝર્વ બેન્કમાં ફરિયાદ પણ કરી શકાય છે."

ગુજરાત ચેમ્બરના બેન્કિંગ એન્ડ ફાઈનાન્સ ટાસ્કફોર્સના કો-ચેરપર્સન અને પહેલ ફાઈનાન્શિયલ સર્વિસના કો-ફાઉન્ડર પૂર્વી ભાવસાર કહે છે, “બહુધા કોમર્શિયલ હેતુ માટે લેવામાં આવેલી લોનમાં આ પ્રકારની સમસ્યા નડતી નથી. પર્સનલ લોન, ક્રેડિટ કાર્ડ માટે કે ટુ વ્હિલર કે ફોર વ્હિલરની લોન લીધી હોય તો તેમાં લોન લેનારે ઓરિજિનલ ડોક્યુમેન્ટ લેવાની જરૂર ઊભી થતી નથી. પરિણામે લોન અપાવવાની પ્રક્રિયા કરનાર એજન્ટ્સ સારા પકડો. બીજું, તમારે તમારા દરેક ડોક્યુમેન્ટની સોફ્ટ કોપી સ્કેન કરી તૈયાર કરીને એક જગ્યાએ સાચવી રાખવી જોઈએ. તમે બેન્કને આપેલા ડોક્યુમેન્ટનો લેટર બનાવીને તેના પર બેન્ક પાસે ડોક્યુમેન્ટ મળ્યા હોવાનો સ્ટેમ્પ લઈ લેવો જોઈએ. લોન પૂરી થયા પછી પણ તમામ ડોક્યુમેન્ટ પાછા મેળવવાનો પ્રયાસ તમારે પોતે જ કરવો જોઈએ.”

દસ્તાવેજની સાચવણી કરવી અને તે પરત કરવા એ બેન્કની સર્વિસનો જ આ હિસ્સો ગણાય

## પૂરા દસ્તાવેજો બેન્કે પરત ન આપ્યા હોવાનું જણાય તો શું કરી શકો?

તમે લોન ચૂકવી દો તે પછી તમને બેન્ક તમારા ઓરિજિનલ ડોક્યુમેન્ટ લેવા માટે બોલાવે છે. આ દસ્તાવેજના સેટનું એક લિસ્ટ બેન્ક તૈયાર કરે છે. આ લિસ્ટમાં મૂકેલા ક્રમ પ્રમાણે તમને એક પછી એક દસ્તાવેજ બતાવીને પરત આપે છે. પરત કરેલા દસ્તાવેજના લિસ્ટ પર તમારી સહી લે છે. આ સહી કરેલો કાગળ સાચવી રાખવા બેન્ક બંધાયેલી છે. અમદાવાદ જિલ્લા સહકારી બેન્કના અધિકારી નામ ન આપવાની શરતે જણાવે છે કે, “તમને લાગે કે દસ્તાવેજ સુપરત કર્યા ત્યારે તમને તમામ દસ્તાવેજો નથી મળ્યા તો તમે બેન્કમાં જઈને તમારા લોનના પેપર્સ બતાવીને બેન્કને તમને પરત કરેલા દસ્તાવેજનો તમારી સહી સાથેનો કાગળ બતાવવા જણાવી શકો છો.” આ પેપર ન બતાવે તો તેવા સંજોગોમાં બેન્ક સામે રિઝર્વ બેન્કે ઊભી કરેલી બેન્કિંગ ઓમ્બ્ડ્સમાનની કચેરીમાં ફરિયાદ કરી શકો છો. ત્યારબાદ તમને ન્યાય ન મળે તો તમે કન્ઝ્યુમર કોર્ટનો આશરો લઈ શકો છો. બીજું, બેન્કો તમને લોન આપતી વખતે તમારી પાસે જે જે દસ્તાવેજી પુરાવાઓ માગે તેની પણ યાદી બનાવવામાં આવે છે. આ યાદીની એક નકલ તમારી પાસે લોન લેતી વખતે પણ હોય જ છે. તમારી ફાઈલમાંનો આ કાગળ સાચવી રાખવો અત્યંત જરૂરી છે. આ કાગળ સાથે રાખીને તમને લોન ચૂકવ્યા પછી ઓરિજિનલ દસ્તાવેજો પરત કરે ત્યારે તેની સાથે સરખાવી લેવા જરૂરી છે. તેમ કરવાથી વિવાદ નહિ થાય અને તમને ભવિષ્યમાં કોઈ જ તકલીફ પડશે નહિ.

## કાનુગો કમિટીની ભલામણો શું છે?

- બેન્ક લોન ભરપાઈ થઈ ગયા પછી લોન આપતી વખતે લીધેલા દસ્તાવેજી પુરાવાઓ ચોક્કસ સમય મર્યાદામાં બેન્કને પરત કરવા જણાવવું.
- લોન લેનારના દસ્તાવેજો ગુમ થઈ જાય તો તેની ડુપ્લિકેટ કે પ્રમાણિત નકલ મેળવવા માટે કરવો પડતો તમામ ખર્ચ બેન્કોએ જ ભોગવવો.
- કાનુગો કમિટીએ દર્શાવેલી સમય મર્યાદામાં બેન્કો લોન લેનારાઓને દસ્તાવેજો પરત ન કરે તો તેવા સંજોગોમાં લોન લેનારને વિલંબ માટે વળતર ચૂકવવું અને વિલંબના દિવસો માટે દિવસ દીઠ ચોક્કસ રકમની પેનલ્ટી કરવી.

બેન્ક મિલકતના ઓરિજિનલ દસ્તાવેજ ખોઈ નાખે તો પહેલા બેન્ક પાસે તેનાથી દસ્તાવેજો ખોવાઈ ગયા હોવાનું એફિડેવિટ પર લખાણ મેળવી લો. સાદા કાગળ પર આપેલું આ પ્રકારનું લખાણ અર્થહીન છે.

મિલકતના ઓરિજિનલ દસ્તાવેજો ખોવાઈ ગયા હોવાની એફઆઈઆર પોલીસમાં લખાવી દો.

ગુજરાતી અને અંગ્રેજી ભાષાના અખબારોમાં ઓરિજિનલ દસ્તાવેજો ખોવાયા હોવાની જાણ કરતી જાહેરાત આપી દો.

અખબારી જાહેરાત અને પોલીસ એફઆઈઆરનો ઉપયોગ કરીને નવેસરથી પ્રમાણિત નકલ-સર્ટિફાય કરેલી દસ્તાવેજની કોપી મેળવવાની કામગીરી ચાલુ કરો.

આ મિલકત પર તમારી લોનનો બોજો હોવાનું એક નવું પ્રમાણપત્ર સબરજિસ્ટ્રારની કચેરીમાંથી મેળવી લો. તેમ કરવાથી મિલકત પરની તમારી માલિકીનો અધિકાર પ્રસ્થાપિત થઈ શકશે.

ઉપરની પ્રક્રિયા કરીને તમે એકત્રિત કરેલી તમામ નકલો તમારી સાસોયટીની કારોબારીના હોદ્દેદારોને આપીને હકીકતની જાણ કરી દો. તેમ કરવાથી તમારા ખોવાયેલા દસ્તાવેજોનો દુરુપયોગ કરીને મિલકત વેચી દઈને વધુ મોટો ફ્રોડ થતો અટકી જશે.

બેન્ક સહકાર આપવાની ના પાડે તો તેને માટે લોન લઈને ચૂકવી દેનારે પોતાના ખર્ચે આ સમગ્ર પ્રક્રિયા કરી લેવાની રહેશે. તેમાં જ તેમની મિલકતની માલિકીની સલામતી છે. તેથી જ બનતી ઝડપે આ તમામ કાર્યવાહી કરી લેવી જોઈએ. કાયદાની કોઈ જોગવાઈ તમને નડી જાય તે પૂર્વે આ પ્રક્રિયા કરી લો.

છે. બેન્કોની સર્વિસના સ્ટાન્ડર્ડનું પુનરાવલોકન કરીને તે અંગે અહેવાલ આપવા માટે પણ રિઝર્વ બેન્કે એક કમિટીની રચના કરી છે. આ કમિટીએ લોન ચૂકવાઈ ગયા પછી ચોક્કસ સમયગાળામાં લોન આપતી વખતે લેવામાં આવેલા દસ્તાવેજો પરત કરી દેવા માટેનો સમયગાળો નિશ્ચિત કરવાને મુદ્દે પણ વિચારણા કરી રહી છે. આ જવાબદારી અદા કરવામાં નિષ્ફળ જનારી બેન્કોને દંડ કરવાની જોગવાઈ દાખલ કરવામાં આવે તેવી પૂરેપૂરી સંભાવના રહેલી છે. તેમાં વિલંબ થાય તો તેને માટે પણ બેન્કને દંડ કરવાની એટલે કે લોન લેનારને વળતર ચૂકવવાની જોગવાઈ આવી શકે છે. પ્રોપર્ટીના ડોક્યુમેન્ટ બેન્કથી ખોવાઈ જાય તો તે ડોક્યુમેન્ટની પ્રમાણિત નકલ મેળવવા માટે કરવો પડતો તમામ ખર્ચ બેન્કોએ ભોગવવો પડશે. તદુપરાંત લોન લેનારને પડનારી માનસિક તકલીફ માટે લોન લેનારને પૂરતું વળતર આપવાની જોગવાઈ પણ લાવવામાં આવશે. આ દસ્તાવેજોની પ્રમાણિત નકલ મેળવવામાં કેટલો સમય લાગે છે તેને આધારે વળતર આપવાને મુદ્દે નિર્ણય લેવામાં આવે છે.આ માટેની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર ન હોવાથી અને દંડની જોગવાઈ ન હોવાથી બેન્કો પરેશ શાહ જેવા પરેશાન વ્યક્તિની ફરિયાદને કાને પણ ધરતી નથી. તેમ જ દસ્તાવેજ પરત કર્યાની વિગતો આપતા પત્ર પર સહી લીધી હોવાના કાગળ બતાવવાની પણ એચડીએફસી બેન્ક જેવી બેન્કો દરકાર કરતી નથી. પરેશ શાહની વાત તો રિસેપ્શન કાઉન્ટર પર બેઠેલી મહિલાથી આગળ પણ જવા દીધી નહોતી. પ્રોપર્ટીની માલિકીના પુરાવા ગણાય તેવા દસ્તાવેજો પણ બેન્કોથી ગુમ થઈ જતાં હોવાના કિસ્સાઓ બને છે.

અમદાવાદ જિલ્લા સહકારી બેન્કના અધિકારી ફરી નામ ન આપવાની શરતે સ્વીકારે છે કે, "માલિકી પુરવાર કરતાં દસ્તાવેજો ગુમ થઈ જાય અને તેની ડુપ્લિકેટ નકલ મેળવી લેવામાં આવે તે પછીય તે મિલકતની ખરીદી કરનારના મનમાં શંકાનું બીજ રોપાયેલું રહે છે. આ મિલકત અન્ય કોઈને વેચી તો નહિ દીધી હોય કે પછી તેના પર કોઈ પ્રકારનો બેન્કનો કે અન્ય નાણાં સંસ્થાનો બોજો તો નહિ હોય તેવી શંકા ખરીદનારના મનમાં રહ્યા કરે છે. પરિણામે તેની અસલ બજાર મૂલ્ય મિલકત વેચતી વખતે ન મળે તેવી પણ સંભાવના રહેલી છે.આ નુકસાનીનું વળતર મિલકત માલિકને ક્યારેય મળતું જ નથી. બેન્કો તેમાંથી આબાદ રીતે છટકી જાય છે." રિઝર્વ બેન્કે નિયુક્ત કરેલી કાનુગો કમિટીના રિપોર્ટમાં આ અંગે વ્યક્ત કરવામાં આવેલી ચિંતા બરાબર પ્રતિબિંબત થાય છે. તેને માટે મિલકત માલિકોએ કાનૂની લડત કરવા સુધીના વિકલ્પોનો આશરો લેવો પડે છે.

કાનુગો કમિટીએ આ મુદ્દે કરેલી ભલામણ અંગે પ્રતિભાવ આપવા માટે દરેક બેન્કોના સાતમી જુલાઈ સુધીનો સમય આપવામાં આવ્યો છે.



તમે લોન લઈને ચૂકવી દો છો. તેની સામે બેન્ક તમને તમારા ઓરિજિનલ ડોક્યુમેન્ટસ આપી પણ દે છે. તમને બધું જ સરળતાથી પૂરું થઈ ગયું હોવાની લાગણી પણ થાય છે. પરંતુ આ દસ્તાવેજ ચેક કરવાની તકેદારી દરેક લોન લેનારે રાખવી જરૂરી છે. અન્યથા તમને ખબર પડશે કે તેમને અમુક દસ્તાવેજ તો બેન્કે પરત કર્યા જ નથી. ત્યારે કદાચ બહુ મોડું થઈ ચૂક્યું હશે. મોડું થઈ જાય તો પણ તમારી પાસે એક વિકલ્પ મોજૂદ છે. (જુઓ બોક્સઃ પૂરા દસ્તાવેજો બેન્કે પરત ન આપ્યા હોવાનું જણાય તો શું કરી શકો) આ પ્રક્રિયા સરળતાથી અને વિના વિવાદે પૂરી થાય તેવી રિઝર્વ બેન્કની પણ ઈચ્છા છે. તેથી જ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર તૈયાર કરી રહી છે. તેનાથી લોન ચૂકવાનારાઓને થતું નુકસાન ઓછું થઈ શકશે. સપનાનું ઘર બનાવ્યા પછીની જફામાંથી છુટકારો મળી જશે. કેટલીકવાર બેન્કના અધિકારીઓથી તે દસ્તાવેજો ખોટી જગ્યાએ મૂકાઈ જતાં હોવાનું જોવા મળે છે. પરંતુ લોન લેનાર ગંભીર ન બને ત્યાં સુધી બેન્કો તેમને ગાંઠતી પણ નથી. કારણ કે આજની તારીખ સુધીમાં રિઝર્વ બેન્કે કે પછી નેશનલ હાઉસિંગ બેન્કે આ અંગે કોઈ જ પરિપત્ર કરેલો નથી. પરિણામે લોન ચૂકવ્યા પછીય લોન લેનારાઓ હાલાકીને સામનો કરી રહ્યા છે.

તમે બંગલો બનાવવા માટે જમીન ખરીદવા માટે લોન લીધી હોય અને તે લોન લેવા માટે આપેલા વેચાણ દસ્તાવેજની ઓરિજિનલ કોપી ખોવાઈ જાય તો તેવા સંજોગમાં જીવન વીમા નિગમ પાસેથી તમારી જીવન વીમાની પોલીસી પર લોન લેવા માટે સંપર્ક કરો તો તમને તે લોન ન મળે તેવી સંભાવના રહેલી છે. તમને લોન ન મળે તો તમે તમારા સપનાનું ઘર કે બંગલો બાંધવાથી જોજનો દૂર રહી જશો. આ જફામાંથી બચવા માટે પણ દરેક દસ્તાવેજની કાળજી રાખવી જરૂરી છે. બંગલો બાંધવા માટે લીધેલી જમીન પણ પછી વેચી શકાતી નથી. આ સંજોગોમાં બેન્કે લોન લેનારને તમામ દસ્તાવેજોની પ્રમાણિક નકલો મેળવી આપવાની જવાબદારી છે. આ જવાબદારી અદા કરવામાં પણ બેન્કો ગલ્લાતલ્લાં કરતી હોવાનું જોવા મળે છે. આ દસ્તાવેજોની ઓરિજિનલ નકલ કેવી રીતે ગુમ થઈ તેની આંતરિક તપાસ પણ યોજવા કાયદાકીય જોગવાઈ હેઠળ બેન્કો બંધાયેલી છે. પરંતુ બેન્કો આ કવાયત ન કરતી હોવાથી લોન લઈને ચૂકવી દેનારાઓની હાલાકી વધે છે.

આ રહ્યા તેના કારણો. રાષ્ટ્રીય સ્તરની કન્ઝ્યુમર કોર્ટના ચૂકાદા પછી તમને મળી જતી ઓરિજિનલ દસ્તાવેજની પ્રમાણિત નકલ હોવા છતાંય તમારી મિલકતનું ટાઈટલ સો ટકા પરફેક્ટ ગણાતું નથી. તેનાથી મિલકતનું મૂલ્ય ગગડી જવાની સંભાવના રહેલી જ છે. મિલકતના મૂલ્યમાં આવતા ઘટાડાનું વળતર આપવા માટે કોઈ નિશ્ચિત ફોર્મ્યુલા મોજૂદ નથી. પરિણામે કોર્ટના ન્યાયમૂર્તિ કે પ્રમુખને જે યોગ્ય લાગે તે રીતે વળતર આપવાનો ચૂકાદો આપી શકે છે. તમારી મિલકતની બજાર કિંમત અને તમને મળેલી કિંમત વચ્ચેનો ગાળો મોટો રહી જવાની શક્યતા રહેલી છે. જોકે તમે કેટલી રકમની લોન લીધી છે તેની સાથે તેને કોઈ જ નિસબત નથી. તેનાથી નુકસાની બહુ જ મોટી થઈ શકે છે. તેથી જ બેન્ક પાસેથી ઓરિજિનલ દસ્તાવેજો તેનાથી ખોવાયા હોવાની એફિડેવિટ કે ઇન્ડેમ્નિટી બોન્ડ લઈ લેવા જરૂરી છે. તેમ કરીને તમે તમારી મિલકતનું બજાર મૂલ્ય ગગડી જતું અટકાવી શકો છો. તમારી મિલકતના મૂલ્યની સુરક્ષા માટેનો વીમો પણ તમે લઈ જ શકો છો.

## કન્ઝ્યુમર કોર્ટ કેવા ચૂકાદાઓ આપી શકે છે?



હોમ લોન ચૂકવી દીધા પછી દસ્તાવેજો પરત ન કરવાની સમસ્યા દેખાય છે તેના કરતાં બહુ જ મોટી છે. આ અંગે બેન્કિંગ ઓમ્બ્ડુસમાનમાં સંખ્યાબંધ ફરિયાદો થયા જ કરે છે. બેન્કો લોન ચૂકવાયા પછી લોન લેનારના ઓરિજિનલ દસ્તાવેજો આપવામાં ઘણો લાંબો સમય લગાડે છે. લોન સમયસર ચૂકવી દેનારાઓને પણ બેન્કો આ રીતે પરેશાન કરતી હોવાના કિસ્સાઓ બને છે. પાંચ મહિના પૂર્વે નેશનલ કન્ઝ્યુમર ડિસ્પ્યૂટ રિડ્રેસલ કમિશને હોમ લોન લેનારને તેના દસ્તાવેજો પરત ન કરવા માટે આઈડીબીઆઈ બેન્કને જવાબદાર ઠેરવી હતી. આ ગુનો કરવા બદલ અને લોન લેનારની હાલાકી વધારવા બદલ લોન લેનારને રૂ. ૨૦ લાખનું વળતર ચૂકવવાનો આદેશ કર્યો હતો. તેમ જ તેની માનસિક પીડા અને પરેશાની વધારવા બદલ રૂ. ૧ લાખ ચૂકવવા આદેશ કર્યો હતો. આ જ રીતે કન્ઝ્યુમર કોર્ટમાં કેસ લડવા માટે કરવા પડેલા ખર્ચ પેટે રૂ. ૫૦,૦૦૦ ચૂકવવાનો પણ આદેશ આપ્યો હતો.

કન્ઝ્યુમર કોર્ટે લોન ચૂકવનારના ફ્લેટના મૂલ્યને ધ્યાનમાં રાખીને ચૂકાદો આપ્યો છે. તે ફ્લેટ વેચવા માટેનો ઓરિજિનલ દસ્તાવેજ ન હોય તો તેને પરિણામે ફ્લેટ વેચવા કે ખરીદવા માટેના સોદાની કાર્યવાહી આગળ વધી શકતી જ નથી. ફ્લેટને લગતા સોદામાં ઊભા થયેલા અવરોધ, માનસિક ત્રાસ અને લોન લેનારને થયેલી પરેશાનીને ધ્યાનમાં લઈને વળતર માટેનો ચૂકાદો આપવામાં આવ્યો હોવાનું અવલોકન કન્ઝ્યુમર કોર્ટે કર્યું હતું. ફ્લેટનો સોદો કરવા માટે ઓરિજિનલ ડોક્યુમેન્ટ્સ હોવા અનિવાર્ય જરૂરિયાત છે. તેનાથી જ માલિકી હક્ક પ્રસ્થાપિત થાય છે. ભવિષ્યમાં પણ સોદો કરવો હોય તો ઓરિજિનલ ડોક્યુમેન્ટ હોવા જરૂરી છે. તેમાં વેચાણના દસ્તાવેજ, ટાઈટલ ડીડ વગેરે મિલકતની માલિકી પ્રસ્થાપિત કરે છે. ઓરિજિનલ ડોક્યુમેન્ટ જળવાઈ રહે તો ભવિષ્યમાં વિવાદ થવાની સંભાવના કે ફ્રોડ થવાની શક્યતા પર પડદો પડી જાય છે.

# શું AIના ભરોસે ઈન્વેસ્ટમેન્ટના નિર્ણય લેવા જોઈએ?

છેલ્લા થોડા વર્ષોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે AI ટેક્નોલોજી અનેક ઈન્ડસ્ટ્રીમાં મોટા પરિવર્તન લાવી રહી છે. તેમાં ફાયનાન્સ પણ અપવાદ નથી. ફાયનાન્સ ક્ષેત્રે ખાસ કરીને રોકાણમાં AI ઘણી મોટી ભૂમિકા ભજવી રહી છે. તેને કારણે રોકાણકારોને ઈન્વેસ્ટમેન્ટને લગતા નિર્ણયો વધુ ચોકસાઈથી કરવાની તક મળે છે, પરંતુ અમુક વાર AI માણસનું દિમાગ જે જે પાસાઓનું વિશ્લેષણ કરે તે કરવામાં નિષ્ફળ પણ જાય છે. તેને કારણે ઈન્વેસ્ટમેન્ટ માટે નિર્ણય લેવા માટે AI પર બંધ આંખે વિશ્વાસ ન મૂકી શકાય. જો કે, તેના દ્વારા પૂરા પડાતા ચાર્ટ્સ અને એનાલિટિક્સની વિગતોને ચોક્કસ ધ્યાનમાં રાખી શકાય.



**જૈનિક વકીલ,** ચેરપર્સન
ડાયરેક્ટ ટેક્સ ટાસ્કફોર્સ, GCCI

AI એ કોમ્પ્યુટર સિસ્ટમ છે જે મનુષ્યના દિમાગની જેમ વિચારી શકે છે. તે તેને મળેલા ડેટામાંથી સતત શીખે છે અને ઈમ્પ્રુવ પણ થાય છે. ઈન્વેસ્ટમેન્ટમાં AIનો વ્યાપક ઉપયોગ માર્કેટના ટ્રેન્ડનું એનાલિસિસ કરવામાં, કંપનીના પરફોર્મન્સનો ક્યાસ કાઢવા માટે, અથવા તો અન્ય આર્થિક માપદંડોનો અભ્યાસ કરવા માટે થઈ રહ્યો છે.

AI અલગોરિધમ સતત સુધરી રહ્યા છે અને તે પોતાના જ ડેટામાંથી નવું નવું શીખી રહ્યા છે. આથી તે મનુષ્યના ધ્યાનમાં ન આવે તેવી બાબતોને પણ ધ્યાનમાં રાખીને ઈન્સાઈટ્સ આપી શકે છે. આથી માર્કેટમાં આજકાલ AIથી ચાલતા રોબો-એડવાઈઝર પણ લોકપ્રિય બની રહ્યા છે.




આ અંગે વિસ્તૃત સમજૂતી આપતા GCCIની ડાયરેક્ટ ટેક્સ કમિટીના ચેરમેન તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જૈનિક વકીલે જણાવ્યું કે, "ફાયનાન્શિયલ માર્કેટમાં AI ખૂબ મોટું પરિવર્તન આણી શકે છે. તેનાથી વળતર વધુ સારુ મળે છે અને જોખમની સંભાવના ઘટી જાય છે. તેનો અર્થ એ કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને રોકાણકારો ડેટા આધારિત વધુ સારા નિર્ણયો લઈ શકે છે. પરિણામે તેમને રોકાણ પર વધુ સારા રિટર્ન મળવાની શક્યતા વધી જાય છે."

સી.એ જૈનિક વકીલે વધુમાં એ પણ જણાવ્યું કે AIને કારણે માણસોથી થતી ભૂલ કે પૂર્વગ્રહને કારણે લેવાતા નિર્ણયોમાં પણ ઘટાડો કરી શકાય છે. સરવાળે, રોકાણકારો વધુ સારા નિર્ણયો લઈ શકે છે. AI જ્યારે ડેટાનું વિશ્લેષણ કરે છે ત્યારે તે લાગણી, અભિપ્રાયો કે અંગત પૂર્વગ્રહથી ઉપર ઊઠીને પરિણામ દર્શાવે છે. આ કારણે ઈન્વેસ્ટર સ્ટ્રેટજી બનાવવા માટે AIનો ઉપયોગ કરી શકાય.

**રોકાણકારે શું કરવું જોઈએ?**

જો તમે માર્કેટમાં નવી જ એન્ટ્રી લીધી હોય તો AI તમને ચાર્ટ કેવી રીતે વાંચવા, તેનું સરળીકરણ કરીને માર્ગદર્શન આપી શકે છે. વળી, વિસ્તૃત ડેટાના વિશ્લેષણ માટે પણ AI ઉપયોગી છે. આથી મશીન જે કામ કરી શકે તેમાં કિંમતી સમય આપવાને બદલે વ્યક્તિ જિયોપોલિટિકલ ઈવેન્ટ પર નજર રાખવા, માર્કેટને મોનિટર કરવા જેવા અન્ય અગત્યના કામ પર ફોકસ કરી શકે છે.

AIને કારણે તમે ઝડપી અને સારા નિર્ણય લઈ શકશો અને સાથે સાથે જોખમ પણ ઘટાડી શકશો. પરંતુ આનો અર્થ એ નહિ કે તમે શેરબજારમાં તમારું ઈન્વોલ્વમેન્ટ બિલકુલ ઘટાડી દો. શેરબજારમાં સેન્ટિમેન્ટ્સ સર્વોચ્ચ છે. તેનો અંદાજ મનુષ્યથી વધારે મશીન કાઢી જ ન શકે. આથી જો તમે ઈન્વેસ્ટમેન્ટને લગતા નિર્ણય લેવા માંગતા હોવ તો AIની મર્યાદિત મદદ લો, પરંતુ સાથે સાથે શેરબજારને લગતું વાંચન અને નિષ્ણાંતોની સલાહ લેવાનું ચૂકતા નહિ.

# ચેટજીપીટીથી પસંદ કરેલા પોર્ટફોલિયોમાં ૪.૯ ટકા નફો થયો



ચેટ જીપીટીની મદદથી ઈન્વેસ્ટમેન્ટ કરવાનો અખતરો કરવામાં આવ્યો હતો. તેના અદભૂત પરિણામો મળ્યા છે. ચેટબોટ આધારિત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને સ્ટોકનું સિલેક્શન પસંદ કરવામાં આવ્યા હતા. બ્રિટનમાં કરવામાં આવેલા આ અખતરાના અદભૂત પરિણામો જોવા મળ્યા હતા. છ માર્ચ અને ૨૮મી એપ્રિલ વચ્ચે ૩૮ સ્ટોકનું સિલેક્શન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના માધ્યમથી કરવામાં આવ્યું હતું. આ સ્ટોક્સના પરફોર્મન્સનો ત્યારબાદ અભ્યાસ કરવામાં આવતા તેમાં ઈન્વેસ્ટમેન્ટ કરનારાઓને ૪.૯ ટકાનો નફો થયો હતો. તેની સામે એચએસબીસી અને ફાઈડાલિટીએ પસંદ કરેલા સ્ટોક્સમાં રોકાણ કરનારાઓને ૦.૮ ટકાનું નુકસાન થયું હતું. આમ ચેટજીપીટી છૂટક રોકાણકારોને સારું માર્ગદર્શન આપનાર સાબિત થઈ શકે છે. ઈન્વેસ્ટર્સ પણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને માપી રહ્યા છે. તે કંપનીઓ, ઉદ્યોગો અને સમકાલીન બિઝનેસ નીતિરીતિઓને કેટલી ઊંચાઈએ લઈ જઈ શકે છે તેનો તાગ મેળવી રહ્યા છે. તેને ધ્યાનમાં લઈને ત્યારબાદ જ તેઓ તેમના નાણાં લગાવી રહ્યા છે.

આમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઈન્વેસ્ટમેન્ટના માર્કેટમાં ધૂમ મચાવી શકે તેવી સંભાવના જોવામાં આવી રહી છે. દરેક યુવાનો તેનો ઉપયોગ કરતા થઈ ગયા છે. તેવી જ રીતે કંપનીઓએ પણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરવાનું શરૂ કરી દીધું છે. તેમણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં કરોડોનું ઈન્વેસ્ટમેન્ટ કરવા માંડ્યું છે. કારણ કે તે માહિતીના વિરાટ ઢગમાંથી ઉપયોગી માહિતી કાઢીને મિનિટોમાં તેને પ્રોસેસ કરી આપે છે. સ્ટાર્ટ અપ્સ પણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને બિઝનેસ મોડેલ તૈયાર કરવા માંડ્યા છે.

**ફાયદા:**

- AIનો સૌથી મોટો ફાયદો એ છે કે તે વિસ્તૃત ડેટાબેઝનું ગણતરીની સેકન્ડોમાં એનાલિસિસ કરી આપે છે. આ વિશ્લેષણ કરતા મનુષ્યોને કલાકો કે દિવસો લાગી જાય છે.
- મશીન લર્નિંગ અને પ્રેડિક્ટિવ એનાલિટિક્સના માધ્યમથી AI નજીકના ભવિષ્યમાં કેવા ટ્રેન્ડ અને પેટર્ન રહેશે તેનો પણ ક્યાસ કાઢી આપી શકે છે.
- AI જૂના ટ્રેન્ડ અને પેટર્નનું વિશ્લેષણ કરી શકે છે. તેના આધારે ભવિષ્યમાં શેરની કિંમત કેટલી અને ક્યારે ઉપર જશે તેનો અંદાજ બાંધી આપે છે.




- AI કોમ્પ્યુટરાઈઝ્ડ હોવાથી મનુષ્યો દ્વારા જેવી ભૂલ થાય તેવી ભૂલ AIથી નથી થતી. આથી તેનું વિશ્લેષણ વધુ ચોકસાઈભર્યું હોય છે.

**ગેરફાયદા:**

- AI ટેક્નોલોજી હાલ મોંઘી છે. આ માટે તમારે સોફ્ટવેર અને સર્વિસ ખરીદવા પડે છે જે મોટું ઈન્વેસ્ટમેન્ટ માંગી લે તેમ છે. ખાસ કરીને નાના ઈન્વેસ્ટર્સ અને કંપનીઓને આ ખર્ચ મોંઘો પડી શકે છે.
- AI અલગોરિધમ અને પ્રેડિક્ટિવ એનાલિટિક્સ બધી જ બાબતો ધ્યાનમાં નથી લઈ શકતા. માર્કેટ સેન્ટિમેન્ટ પર ચાલે છે. એક તાજું ઉદાહરણ અદાણીના શેર્સનું છે. પૂરપાટ ઝડપે આગળ વધતા અદાણીના શેર્સની આગેકૂચ પર હિડનબર્ગના એક રિપોર્ટથી બ્રેક લાગી ગઈ હતી. આવા પાસાઓને AI પોતાની જાતે પ્રોસેસ કરી શકતું નથી.
- AI કંપનીના સ્ટોકનું ટેક્નિકલ વિશ્લેષણ કરી શકે છે. તેના આધારે તે અપવર્ડ, ડાઉનવર્ડ કે સ્ટેગનન્ટ ટ્રેન્ડ દર્શાવી શકે છે. પરંતુ કોઈ કંપનીના મેનેજિંગ ડિરેક્ટરનું વિઝન શું છે, અનુભવ શું છે, વગેરે જેવી બાબતોને લક્ષમાં લઈને ફંડામેન્ટલ એનાલિસિસ AI કરી શકતું નથી. આ એનાલિસિસ સ્ટોક માર્કેટના નિષ્ણાંત કન્સલ્ટન્ટ જ કરી શકે છે.
- માર્કેટના સેન્ટિમેન્ટ, કંપનીના બેકગ્રાઉન્ડ, વિઝન વગેરેની વિગતોનું પ્રેડિક્શન ટૂલ્સ મારફતે શક્ય નથી. આથી ઈન્વેસ્ટમેન્ટ માટે AI ટેક્નોલોજી પર ૧૦૦ ટકા મદાર બાંધી શકાય નહિ.

# KYCના અભાવે બેન્ક તમારું એકાઉન્ટ ફ્રીઝ કરી શકે કે નહિ?

બેન્કોની એક ખાસિયત છે. ઝીરો બેલેન્સની શરતે સેલરી એકાઉન્ટ ખોલી આપવાની વાત સાથે તેમના એજન્ટ્સ બજારમાં ફરતાં મૂકી દે છે. એકાઉન્ટ ખૂલી ગયા પછી છ આઠ મહિને 'તમારા એકાઉન્ટમાં પૂરતું બેલેન્સ નથી, પેનલ્ટીથી બચવા બેન્કમાં મિનિમમ રૂ. ૫૦૦૦નું બેલેન્સ રાખો.' આ પ્રકારના મેસેજ મોકલીને ગ્રાહકોને માથે દબાણ વધારવાનું બેન્કો ચાલુ કરી દે છે. ત્યારબાદ થોડા મહિના જવા દે છે અને એકાએક એક મહિને તમારા એકાઉન્ટમાંથી ઓછું બેલેન્સ હોવાને નામે રૂ. ૧૦૦૦ ડેબિટ કરી દે છે. આ સાથે જ ખાતેદારો સાથે સંઘર્ષ ચાલુ કરે છે. મોટાભાગના ખાતેદારો એકાદ બે વાર રજૂઆત કરીને પછી લડત પડતી મૂકી દે છે. ત્યારબાદ તે ખાતાને તેઓ મિનિમમ બેલેન્સના નિયમ સાથે જોડી દે છે. આ પ્રકારનો જ એક મુદ્દો છે KYCનો.

અત્યારે KYC એટલે કે તમારા ગ્રાહકને ઓ ળ ખ ો - નો યોર કસ્ટમર્સના નિયમ હેઠળ બેન્કના દરેક ખાતેદારને તેમના KYC અપડેટ કરવા ડેડલાઈન આપી દેવામાં આવી છે. તમે અગાઉ KYC આપ્યા હોય તો પણ તમારે તમારું ખાતું ચાલુ રાખવા માટે પાસપોર્ટ, ડ્રાઈવિંગ લાઈસન્સ, આધારકાર્ડ, પાનકાર્ડ, ચૂંટણી પંચે આપેલું મતદારકાર્ડ, મનરેગા યોજના હેઠળ સરકાર દ્વારા આપવામાં આવેલું જોબકાર્ડ કે પછી નેશનલ પોપ્યુલેશન રજિસ્ટર દ્વારા આપવામાં આવેલા લેટર સહિતના દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવા ફરજિયાત છે. આ તમામ KYC માટે સત્તાવાર રીતે માન્ય ગણવામાં આવે છે. તેમાંથી કોઈપણ બે કે ત્રણ પુરાવાઓ KYC તરીકે આપવાના હોય છે.



**હિતેશ પોમલ,** ચેરપર્સન, બેન્કિંગ એન્ડ ફાઈનાન્સ ટાસ્કફોર્સ, GCCI

અમદાવાદની એક સહકારી બેન્કના ટોચના અધિકારી નામ ન આપવાની શરતે કહે છે, "KYC ન અપગ્રેડ કરાવે તો તે વ્યક્તિ બેનામી ટ્રાન્ઝેક્શન કરતી હોવાની આશંકા બળવત્તર બને છે. તેથી ખાતું સ્થગિત કરી દેવામાં આવે છે. તેમાં કોઈ જ આર્થિક વહેવાર કરવા દેવામાં આવતા નથી. જે તે ખાતેદાર તેના KYC અપગ્રેડ કરાવે તે પછી જ તેમને નવેસરથી એકાઉન્ટનો ઉપયોગ કરવા દેવામાં આવે છે." KYC ન મળ્યા હોવાને નામે પેન્શન ધારકોના પણ એકાઉન્ટ પણ કેટલીકવાર સ્થગિત કરી દેવામાં આવે છે.






ભલેને પછી તે વ્યક્તિનું ખાતું ૩૦થી ૩૫ વર્ષથી બેન્કમાં ચાલતું હોય. તે વ્યક્તિએ તેના એકાઉન્ટ ચલાવવા માટે પહેલા KYC આપ્યા હોય અને રિન્યુ ન કરાવ્યા હોય તો પણ બેન્ક તેમના ખાતાને સ્થગિત કરી દેતા ખચકાતી નથી. વરસોથી ખાતું ધરાવનારાઓને તેમનું એકાઉન્ટ સ્થગિત કરી દેવામાં આવ્યું હોવાની જાણ કરવાની તસદી પણ બેન્કો લેતી નથી. વાસ્તવમાં આ કસ્ટમર રિલેશનશીપને ખતમ કરવા જેવું જ પગલું છે. પરંતુ કસ્ટમર જ બેન્કોનો ભગવાન હોવા છતાં બેન્કો તેમની સાથે દુર્વ્યવહાર કરવાની તક જતી કરતી નથી.

ગુજરાત ચેમ્બરના બેન્કિંગ એન્ડ ફાઈનાન્સ ટાસ્કફોર્સના ચેરમેન હિતેશ પોમલ કહે છે, "KYC અપગ્રેડ કરવા જરૂરી છે, પરંતુ તે અપગ્રેડ ન થયા હોય તો તેવા સંજોગોમાં બેન્કો ચેક બુક પણ ઇશ્યૂ કરવાનું અટકાવી દે છે. રિઝર્વ બેન્ક પણ KYC અપડેટ કરવા માટે સતત આગ્રહ રાખે છે. તેથી બેન્કોને પગલા લેવાની ફરજ પડે છે."

ખાતુ સ્થગિત થઈ જવાને કારણે ખાતેદારના ચેક બાઉન્સ થઈ શકે છે. ઉદાહરણ આપીને વાત કરીએ. કોઈ સિનિયર સિટીઝન કે નોર્મલ ખાતેદારના મેડિક્લેઈમના પ્રીમિયમનો ચેક ઇશ્યૂ કરવામાં આવ્યો હોય અને તે ચેક રિટર્ન કરી દેવામાં આવે તો તેવા સંજોગોમાં તેની પોલીસી લેપ્સ થઈ જઈ શકે છે. તેને કારણે તેણે અગાઉના વર્ષમાં કોઈ ક્લેઈમ ન કર્યા હોય તો તેમને મળતાં ક્લેઈમના બોનસ છીનવાઈ જાય છે. બીજું, ચેક રિટર્ન ગયો હોવાથી તેમની પોલીસી લેપ્સ થઈ ગયાની જાણ તેમને ન થઈ હોય અને તેમને મોટી માંદગી આવી જાય તો તેમને ટ્રીટમેન્ટ કરાવવાના ફાંફા પડી જાય છે. આ જ પ્રકારની સ્થિતિ કાર ઈન્સ્યોરન્સના કિસ્સામાં સર્જાઈ શકે છે. કાર ઈન્સ્યોરન્સ રિન્યુ ન થાય અને અકસ્માત થઈ જાય તો તેવા સંજોગોમાં કાર રિપેર કરાવવાનો હજારો કે પછી લાખો રૂપિયાનો ખર્ચ કાર માલિકના માથે આવી શકે છે.



બેન્ક અધિકારીઓનાં આ ગેરકાયદે પગલાંને પરિણામે ખાતેદારના લોનના હપ્તાની ચૂકવણીના ચેક બાઉન્સ થાય છે. ક્રેડિટ કાર્ડના પેમેન્ટ અટકી જાય છે. તેમ જ વીજળીના બિલની ચૂકવણી અટકી જાય છે. માત્ર પેન્શનની આવક પર જીવતા સિનિયર સિટીઝનના એકાઉન્ટ સ્થગિત કરી દેવાય તો તેમને માટે જીવન ગુજારો કરવો પણ કઠિન બની જાય છે. પરિણામે બેન્ક ખાતેદાર અને પેન્શનર પરેશ શાહ કહે છે, “કોઈપણ ખાતેદારના ખાતાને સ્થગિત કરતાં પહેલા તેને જાણ તો કરવી જ જોઈએ. જાણ ન કરવામાં આવે અને મેડિક્લેઈમ કે કાર વીમો લેપ્સ થઈ જાય તો તેને માટેની જવાબદારી બેન્કને માથે નાખવી જોઈએ.”

બીજું, સરકારે સેન્ટ્રલ-KYCની સિસ્ટમ ચાલુ કરેલી છે. તેમાં એકવાર કોઈપણ વ્યક્તિ તેના KYC આપે તો તેમાંથી અપગ્રેડ કરી શકાય છે. અમદાવાદની એક બેન્કના અધિકારી પોતાનું નામ ન આપવાની શરતે જણાવે છે કે, “સી.-KYC પણ ખાતેદારની સહમતી વિના લઈ શકાતા નથી. બેન્ક તેમને SMS પાઠવીને C-KYC લેવા માટે તેમની મંજૂરી માગે છે. તેમ જ તેમને KYC અપગ્રેડ કરવા માટેની માગણી જ SMSના માધ્યમથી કરવામાં આવે છે. સી-KYCમાંથી ખાતેદારના પુરાવાઓ લેવા માટે પણ વન ટાઈમ પાસવર્ડ માગવો પડે છે. ખાતેદારે તેના માટે બેન્કના પાસવર્ડ આપવો પડે છે. વર્તમાન સંજોગોમાં સરકાર અને બેન્કો વધુમાં વધુ ડિજિટલ માધ્યમથી આગળ વધતી હોય ત્યારે ખાતેદારની પત્ર લખીને જાણ કરવામાં આવે તેવી માગણી વધુ પડતી છે.”

જોઈન્ટ એકાઉન્ટ હોય અને બેમાંથી એક વ્યક્તિના KYC અપડેટ કે અપગ્રેડ ન કરવામાં આવ્યા હોય તો તેવા સંજોગોમાં પણ ખાતું ફ્રિજ-સ્થગિત કરી દેવામાં આવે છે. આમ બેન્કો દરેક એકાઉન્ટમાં KYC અપગ્રેડ કર્યા વિના કરવામાં આવતા વહેવારને શંકાની નજરથી જુએ છે. પરિણામે રોજના હજારો બેન્ક એકાઉન્ટ ફ્રીજ-સ્થગિત કરી દેવાતા હોવાનું જોવા મળે છે. સેંકડો લોકોએ તત્કાળ KYC આપવા માટે દોડધામ કરવી પડે છે. ખાતેદારના ખાતામાં પૈસા હોવા છતાં તેમની પોતાની જરૂરિયાત માટે તેનો ઉપયોગ કરી શકતા નથી. બેન્કના અધિકારીઓ તેમને વારંવાર આ માટે દંડ કરી રહ્યા છે. તેમાંય ખાતેદારને વ્યવસ્થિત જાણકારી આપ્યા વિના તેમને દંડવામાં આવી રહ્યા છે.

બેન્ક SMS કરીને છૂટી ગયાની વાત કરે છે. પરંતુ પગારદારના ખાતામાં પગાર જમા થયાનો મેસેજ HDFC બેન્કના સેંકડો ખાતેદારને મળતો જ નથી. આ જ HDFC બેન્કના બીજા પ્રમોશનના SMS મેસેજ મળી જાય છે. પરંતુ સેલેરી જમા થયાના મેસેજ મળતાં જ નથી. ગ્રાહકોના હિતમાં વાત કરતાં પલાશ શાહ કહે છે, “આ ગેરકાયદેસર એક્શન માટે બેન્ક અધિકારીને દંડ કે સજા કરવામાં આવે તો તેને પરિણામે આ પ્રકારની ઘટનાઓ અંકુશમાં આવી શકે છે. કેટલાક કિસ્સાઓમાં તો ખાતેદારને યોગ્ય નોટિસ આપ્યા વિના જ તેમના એકાઉન્ટ સ્થગિત કરી દેવામાં આવે છે. ખાતેદારોને પૂરતો સમય પણ આપવામાં આવતો નથી.”

## રિઝર્વ બેન્કની ગાઈડલાઈન્સ શું કહે છે?




રિઝર્વ બેન્કે KYC અંગે આપેલી સૂચના મુજબ કોઈપણ ખાતેદાર સામે KYC અપગ્રેડ ન કરાવવા બદલ કોઈપણ જાતના આકરાં પગલાં લેતા પહેલા બેન્કે તેમને તમની સામે લેવામાં આવનારા પગલાંની લેખિત જાણકારી આપવી જરૂરી છે. આ રીતે જાણ કર્યા વિના જ ખાતેદારના ખાતા સ્થગિત કરી દેવામાં આવતા તેમની હાલાકી વધી જાય છે.



# બેન્ક અધિકારીઓને ખાતાં સ્થગિત કરવાની સત્તા જ નથીઃ કાનુગો કમિટી

ગ્રાહકો KYC સમયસર ન જમા કરાવે તો તેમના ખાતાં સ્થગિત કરી દેવાની સત્તા રિઝર્વ બેન્કે અને કેન્દ્ર સરકારના નાણાં મંત્રાલયે આપેલી છે. રિઝર્વ બેન્કે કસ્ટમર્સ સર્વિસના ધોરણો પ્રસ્થાપિત કરવા માટે એક સમિતિની રચના કરી છે. આ કમિટીના વડા રિઝર્વ બેન્કના જ પૂર્વ ડેપ્યુટી ગવર્નર બી.પી. કાનુગો છે. બી.પી. કાનુગોએ બેન્કના ખાતેદારોની તમામ મોટી ફરિયાદોનું નિવારણ લાવવાની ભલામણ કરી છે. તેની સાથે જ બેન્કના ખાતાઓ સ્થગિત કરી દેવામાં આવતા હોવાની વાતની કબૂલાત કરી હતી. કાનુગો કમિટીના શબ્દોમાં જ તેમની વાત સાંભળીએ.

કાનુગો કમિટીએ કહ્યું છેઃ "KYCના દસ્તાવેજો સમયસર રજૂ ન કરી શકનારાઓના ખાતાએ ફ્રીજ-સ્થગિત કરી દેવામાં આવ્યા હોવાના અને તેમણે ઈશ્યૂ કરેલા ચેક બાઉન્સ થવા દીધા હોવાના કિસ્સાઓ કમિટીના ધ્યાનમાં આવ્યા છે. બેન્ક માટેના નિયંત્રણોમાં ખાતાઓ સ્થગિત કરી દેવાની જોગવાઈ ન હોવા છતાંય તે સ્થગિત કરી દેવામાં આવી રહ્યા છે." કાનુગો કમિટીની આ વાતે બેન્કો દ્વારા હજારો લાખો ખાતેદારોને આ રીતે અન્યાય કરવામાં આવી રહ્યો હોવાની હકીકત પરથી પડદો ઊઠાવી લીધો છે. બેન્કની ઈચ્છાઓ સંતોષવા માટે ખાતેદારોએ ઘણીવાર દોડમદોડ કરવી પડી રહી છે. કોઈના પણ ખાતામાં મની લૉન્ડરિંગ ન થાય અને નાણાંકીય ફ્રોડ ન કરવામાં આવે તે માટે સમયાંતરે KYCના ડોક્યુમેન્ટ્સ નવેસરથી માગવામાં આવી રહ્યા હોવાની દલીલ બેન્કો દ્વારા કરવામાં આવી રહી છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે એકાઉન્ટ સ્થગિત-ફ્રીજ કરી દેવા એ ગેરકાયદેસર છે. હવે કેટલીક બેન્કો એવી પણ દલીલ કરી રહી છે કે અમે કે.વાય.સી. અપગ્રેડ ન કરાવીએ તો રિઝર્વ બેન્કના ઈન્સ્પેક્ટર્સ અમને પરેશાન કરી રહ્યા છે. તેથી તેઓ બેન્ક એકાઉન્ટ સ્થગિત ન કરે તો તેવા સંજોગોમાં કોઈ પણ ખાતેદાર તેમને કે.વાય.સી. અપગ્રેડ કરવા માટે આવતા જ નથી. રિઝર્વ બેન્કે કાનુગો કમિટીનો રિપોર્ટ જાહેર કરી દીધો છે. કમિટીના આ રિપોર્ટમાં કરવામાં આવેલી ભલામણ અંગે સાતમી જુલાઈ સુધીમાં બેન્ક કસ્ટમર્સને તેમનો અભિપ્રાય આપવા જણાવવામાં આવ્યું છે. ત્યારબાદ રિપોર્ટના અમલીકરણ અંગે નિર્ણય લેવામાં આવશે.

બેન્કના ખાતેદાર પરેશાન થઈ રહ્યા હોવાનું રિઝર્વ બેન્ક જાણતી હોવા છતાંય સાતમી જુલાઈ સુધી રિઝર્વ બેન્ક કેમ રાહ જોવા માગે છે તે અસ્પષ્ટ છે.બેન્કના ખાતેદારોની પરેશાની દૂર કરવા માટે રિઝર્વ બેન્કે આ પગલું વહેલું લેવું જોઈતું હતું. તેને બદલે રિઝર્વ બેન્ક તો એક વાતને વળગી રહી છે કે અમે ખાતાને એટેચ કરવાની કોઈ જ સૂચના આપી નથી. તેમ છતાંય બેન્કોએ ચોક્કસ કસ્ટમર્સના ખાતાઓની ગતિવિધિઓ પર નજર રાખીને તેમના ખાતાઓ સીલ કરી દેવાના પગલાં લીધા છે. તેનાથી કાયદાનું પાલન કરતાં બેન્કના હજારો ખાતેદારોને બહુ જ મોટો અન્યાય થયો છે. બીજી તરફ બેન્કની ઓમ્બ્ડુસમાનની સિસ્ટમ એટલે કે બેન્કિંગ લોકપાલની સિસ્ટમ એકપક્ષીય પદ્ધતિ ચાલતી હોવાની ટીકા પણ કરવામાં આવી છે. આ સંદર્ભમાં બેન્કની જવાબદારી નક્કી કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. એક જ બાબત અંગે કોઈ ખાતેદાર વારંવાર ફરિયાદ આપે છતાંય કોઈ પગલાં ન લેવાય તો બેન્ક સામે આકરાં પગલાં લેવા જરૂરી છે. તેને બદલે રિઝર્વ બેન્કે સર્વસામાન્ય સૂચનાઓ ઈશ્યૂ કરવાનું વલણ અપનાવ્યું છે. તેથી બેન્ક અધિકારીઓને યોગ્ય લાગે તે રીતે તેમણે પગલાં લીધા છે. તેઓ રિઝર્વ બેન્કની સૂચનાનું જુદી જુદી રીતે અર્થઘટન કરતા આવ્યા છે. આમ સર્વસામાન્ય સૂચનાઓને બદલે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસેસ નક્કી કરી આપવી જોઈએ. નોમિનેશન અને વારસાઈ માટેની કાર્યપદ્ધતિ પણ દરેક બેન્કની એક સમાન જ હોવી જોઈએ. કાનુગો કમિટી માને છે કે ટેકનોલોજી છે, પરંતુ તેનો લાભ માત્ર બેન્કોને જ મળે તેવું ન હોવું જોઈએ. ખાતેદારોને પણ તેનો લાભ મળવો જોઈએ. નવા બેન્ક એકાઉન્ટ ઓનલાઈન ખોલી શકાતા હોય તો બેન્ક એકાઉન્ટ ઓનલાઈન બંધ કરવાની સુવિધા પણ બેન્ક ખાતેદારોને મળવી જોઈએ. આજે બેન્ક એકાઉન્ટ બંધ કરાવવાની પ્રક્રિયા એટલી બધી ગૂંચવાડા ભરી છે કે ખાતેદાર બેન્કમાં થોડી રકમ પડી રહેવા દઈને પછી ખાતાને ભૂલી જવાનું પસંદ કરે છે. તેઓ કાયદેસર ખાતું બંધ કરાવવામાં તકલીફ અનુભવી રહ્યા છે.





# સોનાના ઘરેણાની ખરીદી કે વેચાણ વખતે HUID કોડ અવશ્ય ચેક કરો

સોનાના કિંમતી ઘરેણાની ખરીદી કે વેચાણમાં ગ્રાહકો છેતરાય નહિ તે માટે ભારત સરકારે ગોલ્ડ જ્વેલરી માટે હોલમાર્ક ફરજિયાત બનાવ્યો છે. છતાં, ગ્રાહકોમાં હજુ સુધી આ અંગે જોઈએ એવી જાગૃતિ આવી નથી. વાસ્તવિકતામાં તો HUID ફક્ત જ્વેલર્સ માટે જ નહિ, ગ્રાહકો માટે પણ ખૂબ ઉપયોગી છે.

HUID એટલે હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબર. આ એક છ અંકનો આલ્ફાન્યુમેરિક કોડ છે જે સંખ્યા અને અક્ષરોને ભેગા કરીને બનાવવામાં આવે છે. હોલમાર્કિંગની પ્રક્રિયા દરમિયાન જ્વેલરીના દરેક યુનિટને HUID નંબર આપવામાં આવે છે. એસઈંગ એન્ડ હોલમાર્કિંગ સેન્ટર (AHC) ખાતે જ્વેલરી પર મેન્યુઅલી નંબર સ્ટેમ્પ લગાવવામાં આવે છે. કેન્દ્ર સરકારના આદેશ મુજબ ૩૧ માર્ચ ૨૦૨૩ પછી વેચાતા સોનાના દરેક ઘરેણા અને કલાકૃતિઓમાં HUID નંબર હોવો ફરજિયાત છે.

આ અંગે વાત કરતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સ્વાતિ પંચાલ જણાવે છે, "HUIDની રચના ગ્રાહકોના હકોના રક્ષણ માટે કરવામાં આવી છે. HUID કોડ સૂચવે છે કે જ્વેલર્સે સોનાના ઘરેણાની શુદ્ધતા અંગે જે દાવા કર્યા છે તે સાચા છે. આ કોડને તમે BIS Care મોબાઈલ એપ્લિકેશન પર ચકાસી શકો છો. જો કોઈ ઝવેરીએ નકલી HUID કોડ સ્ટેમ્પ કર્યો હશે તો ખરીદદારો તેને મોબાઈલ એપ્લિકેશનની મદદથી ચકાસી શકશે અને જરૂર પડે તો ઝવેરી વિરુદ્ધ ફરિયાદ પણ નોંધાવી શકે છે."



**સ્વાતિ પંચાલ**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

અત્યાર સુધી ગ્રાહકોની માનસિકતા એવી હતી કે સોનાનો ઘરેણા જ્યાંથી ખરીદ્યા હોય તે જ ઝવેરીને વેચવાથી સારામાં સારુ મૂલ્ય મળશે. HUIDને કારણે આ માનસિકતામાં પણ મોટું પરિવર્તન આવી ગયું છે. ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સના જેમ્સ એન્ડ જ્વેલરી કમિટીના કો ચેરમેન જિગરકુમાર સોની જણાવે છે, "HUIDને કારણે આખા ભારતમાં સોનાના દાગીનાનું એક સમાન મૂલ્ય મેળવવું શક્ય બની ગયું છે. ઝવેરીઓએ બે ગ્રામથી ઉપરનો દાગીનો વેચવો હોય તો તેના માટે HUID ફરજિયાત છે. પ્રામાણિક વેપારીઓને આનાથી ફાયદો એ થયો છે કે હવે તેમના ઘરેણા પર સરકારના વિશ્વાસની પણ મહોર વાગી ગઈ છે."

ગ્રાહકોમાં પણ HUID અંગે ખાસ્સી જાગૃતિ આવી રહી છે. સોનાના ઘરેણા ખરીદતી વખતે ગ્રાહકો હવે મેગ્નિફાઈંગ ગ્લાસ માંગીને પણ હૉલમાર્ક અને આઈડી તપાસવાનો આગ્રહ રાખતા થયા છે. આ ઉપરાંત દાગીના સાથે અપાતા બિલમાં પણ HUID નંબરનો ઉલ્લેખ કરવામાં આવે છે.

૧. શુદ્ધતાની ચકાસણી: ધારો કે તમે HUID ધરાવતો સોનાનો હાર ખરીદો છો. આ HUID તમે BIS Care એપમાં તાત્કાલિક તપાસીને સોનાની શુદ્ધતાની ચકાસણી કરી શકો છો. જો HUIDમાં પણ તે ૨૨ કેરેટ શુદ્ધતા ધરાવતો હોય તો તમે ૯૧.૬ ટકા શુદ્ધ સોનું ધરાવતો હાર નિશ્ચિંત થઈને ખરીદી શકો છો. HUIDથી એ વાતની ખાતરી થઈ જાય છે કે તમે જે

સોનુ ખરીદ્યું છે તેની શુદ્ધતાનું સ્તર ઊંચું છે.

૨. કાયદેસરતાઃ સોનાના ઘરેણા જ્યારે બિલ વગરના હોય ત્યારે તેને લઈને ઘણી મૂંઝવણ ઊભી થતી હોય છે. દાખલા તરીકે, સાસુએ વહુને વારસામાં આપેલા દાગીનાનું વહુ વર્ષો બાદ વેલ્યુએશન કરાવે તો ખબર પડે કે દાગીનો ૨૨ કેરેટના બદલે ૧૮ કે ૧૬ કેરેટનો જ છે. સોનાના ઘરેણાને લઈને આવી અનેક મૂંઝવણો અને ગેરસમજો ઊભી થતી હોય છે. જ્યારે કુટુંબનો વારસાગત દાગીનો વારસદારને HUID સાથે મળે તો આ આઈડેન્ટિફિકેશન નંબર દાગીનાની અધિકૃતતાના પુરાવા તરીકે કામ કરે છે. અર્થાત્, જો HUID નંબર સૂચવે છે કે તમારો દાગીનો શુદ્ધ છે, તો વર્ષો પછી પણ કોઈ ઝવેરી તેને નકારી શકશે નહિ અને તમને સોનાના દાગીનાનું શ્રેષ્ઠ મૂલ્ય મળશે. આમ એક પેઢીથી બીજી પેઢીને અપાતા દાગીનામાં HUID નંબર દાગીનાની ખરાઈનો પુરાવો બની રહે છે.

૩. ગ્રાહક સુરક્ષાઃ HUID નંબર સોનુ



**જિગરકુમાર સોની,** કો-ચેરપર્સન
જેમ્સ એન્ડ જ્વેલરી કમિટી, GCCI

ખરીદવામાં જેટલો ઉપયોગી છે તેટલો જ સોનું વેચવામાં પણ છે. દાખલા તરીકે તમે HUID નંબર સાથે સોનાની વીંટી કે સેટ વેચવા મૂકશો તો સંભવિત ખરીદદારોને તેની શુદ્ધતા અને અધિકૃતતામાં ઝડપથી વિશ્વાસ બેસી જશે. આ નંબર ખરીદદારને નકલી કે હલકી ગુણવત્તાવાળી જ્વેલરીથી રક્ષણ આપે છે. HUIDથી ગ્રાહકોનો જ્વેલરી ખરીદવામાં વિશ્વાસ વધુ મક્કમ બન્યો છે.

૪. રિસેલ વેલ્યુઃ કલ્પના કરો કે તમે વર્ષો પછી તમારું સોનાનું બ્રેસલેટ વેચવા કાઢો છો. જો તેના પર HUID નંબર હશે તો ખરીદદારને તેની શુદ્ધતા અને ગુણવત્તાની તાત્કાલિક ખાતરી થઈ જશે. ખરીદદારો અને ડીલરો HUIDને ઘરેણાની શુદ્ધતાના સૂચક તરીકે ધ્યાનમાં લેશે અને તમે સરળતાથી બ્રેસલેટને રિસેલ કરી શકશો. તેથી વિરુદ્ધ જો તમારી પાસે બિલ સહિતના નક્કર પુરાવા ન હોય તો અમુક વર્ષો પછી દાગીના વેચવા, તેના પર શ્રેષ્ઠ મૂલ્ય મેળવવું મુશ્કેલ બની જાય છે.

૫. સરકારની મહોરઃ ભારત દેશમાં સોનાના દાગીના પર હોલમાર્ક કાનૂની દૃષ્ટિએ ફરજિયાત છે. અર્થાત્ સોનાના ઘરેણા પર સોનીઓએ કરેલા દાવાને પણ સરકારની મહોર વાગે છે. આનાથી ગ્રાહકોનો વિશ્વાસ વધે છે, છેતરપિંડી ઘટે છે અને ગ્રાહકોને મૂલ્ય પ્રમાણે શ્રેષ્ઠ દાગીના મળે છે.

# તમારા ઘરેણા પર હોલમાર્ક ન હોય તો શું કરશો?

સરકારનો આ નિયમ ગ્રાહકો નહિ પરંતુ જ્વેલર્સ માટે છે. એટલે કે આ નિયમની સોનાના દાગીના કે ચીજો વેચવા માંગતા ગ્રાહકો પર ખાસ અસર પડશે નહિ. આ નિયમ સોનાના જે નવા ઘરેણા વેચાય તેના માટે છે.

તેનો અર્થ એમ કે ગ્રાહકો તેમના જુના ઘરેણા યથાવત્ રાખી શકે છે. પરંતુ ધારોકે તે હોલમાર્ક વિનાનો દાગીનો કે જૂના ચાર ડિજિટનો હોલ માર્ક ધરાવતો દાગીનો વેચીને તેના બદલામાં નવો દાગીનો ખરીદવા માંગે તો ઝવેરીએ છ ડિજિટનો યુનિક આઈડેન્ટિફિકેશન નંબર ધરાવતો જ દાગીનો વેચવો પડશે. આવા સંજોગોમાં ઝવેરીઓ પાસે જૂના દાગીનાને ગાળીને તેમાંથી છ-ડિજિટ હોલમાર્ક ધરાવતો નવો દાગીનો બનાવવા સિવાય અન્ય વિકલ્પ બાકી રહેતો નથી.

નવા નિયમ મુજબ હવે પછીના દરેક દાગીના શુદ્ધતાના સર્ટિફિકેટ સાથે જ આવશે. મોટા ઝવેરીઓ આ નિયમથી ખુશ છે. સ્પષ્ટપણે સોનામાં ભેળસેળ કરીને ગ્રાહકોને છેતરતા સોનીઓ પર સરકારે HUIDના નિયમ સાથે ગાળિયો કસ્યો છે. જેમની પાસે હજુ પણ જૂના ચાર ડિજિટ વાળા હોલમાર્ક વાળા ઘરેણા પડ્યા છે તેમણે તે હટાવીને નવું છ ડિજિટ વાળું આઈડી છપાવવું પડશે. નવા હોલમાર્ક વિના તે દાગીનો વેચી શકશે નહિ. ઉલ્લેખનીય છે કે જૂના લોગોમાં માર્કિંગનું વર્ષ, હોલમાર્ક સેન્ટરની નિશાની, જ્વેલરની ઓળખની નિશાની, BISનો લોગો અને શુદ્ધતાનો ગ્રેડ એ તમામ વિગતો લખવામાં આવતી હતી. નવા હોલમાર્કમાં બીઆઈએસનો લોગો, શુદ્ધતાનો ગ્રેડ અને છ ડિજિટનો આલ્ફા ન્યુમેરિકલ કોડ લખવામાં આવે છે.



# આત્મ નિર્ભર ગુજરાતની યોજના હેઠળ તમે સબસિડી કઈ રીતે લઈ શકશો

ગુજરાતમાં ઉદ્યોગોને આત્મમનિર્ભર બનાવવા માટે ગુજરાત સરકારે સબસિડીની ખાસ યોજના જાહેર કરી છે. માઈક્રો સ્મોલ અને મિડિયમ ઉદ્યોગોને આ યોજના હેઠળ ખાસ્સો લાભ મળશે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હેતલ શાહ કહે છે, "પ્લાન્ટ અને મશીનરીમાં રૂ. ૧ કરોડ સુધીનું રોકાણ કરનારા ઉદ્યોગ સાહસિકોને કેપિટલ સબસિડી, વ્યાજની સબસિડી અને જીએસટીની સબસિડીનો લાભ મળે છે. બીજીતરફ નાના અને મધ્યમ ઔદ્યોગિક એકમોને કેપિટલ સબસિડી ન આપવાનો અને માત્ર વ્યાજ અને જીએસટીની સબસિડી આપવાનો નિર્ણય ગુજરાત સરકારે કર્યો છે. જીએસટી સબસિડીમાં એક શરત રાખી છે. ઉદ્યોગ સાહસિક દ્વારા નેટ એસજીએસટી જમા કરાવ્યો હશે તેને આધારે તેમને સબસિડી મળશે."

તેનું ઉદારણ આપતા હેતલ શાહ કહે છે કે લઘુ ઉદ્યોગ-સ્મોલ ઈન્ડસ્ટ્રીનું એકમ નાખવા ઈચ્છતી વ્યક્તિએ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ રૂ. ૧૦ કરોડ કરેલું હોય અને તે એકમ કેટગરી થ્રીમાં



**હેતલ શાહ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ**
હેતલ એચ.શાહ એન્ડ કંપની

આવતું હોય તો વ્યાજની સબસિડી પેટે પાંચ વર્ષમાં રૂ. ૧. ૨૫ કરોડ મળે છે. તદુપરાંત જીએસટી સબસિડીમાં તેણે જમા કરાવેલી અને આઈટીસી લીધા પછીની સરકારની તિજોરીમાં બચતી જીએસટીની રકમના ૮૦ ટકા અથવા તો એલિજિબલ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટના ૫ ટકા પ્રમાણેની સબસિડી વાર્ષિક ધોરણે મળે છે. આ ધોરણે ગણતરી માંડવામાં આવે તો તે યુનિટને દસ વર્ષને અંતે રૂ. ૫ કરોડની સબસિડી મળવાપાત્ર થાય છે. આ જ એકમ ચલાવવાની જગ્યા ભાડેથી લીધી હોય તો તેવા સંજોગોમાં કંપની ચલાવનારી વ્યક્તિ જેટલું ભાડું એક વર્ષમાં ચૂકવે છે તેના ૬૫ ટકા રકમ અથવા વાર્ષિક રૂપિયા એક લાખ બંનેમાંથી જે ઓછું હોય તે સબસિડી તરીકે પરત મળે છે. આ જ રીતે એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડની પણ સહાય મળે છે. તેમાં એમ્પ્લોયિ એક્ટ હેઠળ ઈપીએફને પાત્ર બનતા કર્મચારી દીઠ મહિનાના રૂ. ૧૮૦૦ની સહાય આપે છે. આમ દસ કર્મચારી હોય તો મહિને રૂ. ૧૮૦૦૦ અને વર્ષે રૂ. ૨.૧૬ લાખની સહાય મળે છે. એન્ટર પ્રાઈસ રિસોર્સ પ્લાનિંગ સિસ્ટમ હેઠળ કરવામાં આવેલા મૂડી ખર્ચના ૬૫ ટકા રકમ સબસિડી તરીકે પરત મળે છે. તેમાં મહત્તમ મર્યાદા રૂ. ૧ લાખની છે. આ સહાય ૧૦ વર્ષમાં માત્ર એક જ વાર મળે



છે. ક્વોલિટી સર્ટિફિકેશન માટે ચૂકવેલી ફીના ૫૦ ટકા રકમ સહાય તરીકે પરત મળે છે. આ સર્ટિફિકેટ મેળવવા માટે અન્ય કોઈ મશીનરી કે સાધનો ખરીદવા માટે મૂડી રોકાણ કરવામાં આવે તો તે મૂડી રોકાણની રકમના ૫૦ ટકા અથવા તો મહત્તમ રૂ. ૧૦ લાખ, બેમાંથી જે ઓછી રકમ હોય તો સહાય તરીકે પરત આપવામાં આવે છે. આ બંને ખર્ચનો સરવાળો કરતાં થતી રકમના ૫૦ ટકા અથવા ૧૦ લાખની મહત્તમ મર્યાદામાં આપવામાં આવે છે. આ જ રીતે નવી ટેક્નોલોજી હસ્તગત કરવા માટે કરવો પડતા મૂડીરોકાણના ૬૫ ટકા રકમ મહત્તમ રૂ. ૫૦ લાખની મર્યાદામાં પરત કરવામાં આવે છે. પેટન્ટ રજિસ્ટ્રેશન કરાવે તો તેને માટે ચૂકવેલી ફીના ૭૫ ટકા અથવા તો મહત્તમ રૂ. ૨૫ લાખ સહાય પેટે પરત કરવામાં આવે છે.

નવી ફેક્ટરી ચાલુ કરતી વખતે કંપનીએ વીજજોડાણ લેવું પડે છે. તે માટે ડિસ્ટ્રીબ્યુશન લાઈસન્સ લેવું પડે છે. આ લાઈસન્સ એલ.ટી.-લો ટેન્શન અને એચ.ટી.-હાઈટેન્શન જોડાણ માટે લેવામાં આવે છે. આ લાઈસન્સ લેવા માટે કરવામાં આવેલા ખર્ચના ૩૫ ટકા અથવા તો મહત્તમ રૂ. ૫ લાખ સહાય પેટે પરત મળે છે. આ જ રીતે કંપની કોમર્શિયલ પ્રોડક્શન ચાલુ કરે તે દિવસથી પાંચ વર્ષ સુધી વીજળીના વપરાશના ચાર્જ પર ચૂકવવામાં આવતા વીજકરની રકમ માફ કરવામાં આવે છે. તેની મહત્તમ મર્યાદા કોઈ જ નક્કી કરવામાં આવેલી નથી. એચ.ટીમાં ૧૫ ટકા અને એલ.ટીમાં ૧૦ ટકા વીજ કર-ઈલેક્ટ્રિસિટી ડ્યૂટી લગાડવામાં આવે છે. આ સંપૂર્ણ માફીને પાત્ર ગણવામાં આવે છે.

આમ સમગ્રતયા રૂ.૧૦ કરોડનું રોકાણ કરનારાઓને ૧૦ વર્ષના ગાળામાં અંદાજે રૂ. ૭ કરોડ કરોડની આસપાસની રકમ સહાય તરીકે પરત મળી જાય છે. આમ સમગ્રતયા ૭૦ ટકાથી વધુ રકમ પરત મળી જાય છે.

હેતલ શાહ કહે છે, "અહીં દર્શાવવામાં આવેલો લાભ સંપૂર્ણપણે એક વર્ષમાં નહિ, પરંતુ દસ વર્ષ સુધી મળતો રહેશે." આ યોજના પાંચમી ઓક્ટોબર ૨૦૨૨થી જથી ઓક્ટોબર ૨૦૨૭ સુધી અમલમાં રહેવાનું છે. ઉપર દર્શાવેલા પાંચ વર્ષના ગાળામાં નવું એકમ નાખનારા ઉદ્યોગ સાહસિકોને આ યોજનાનો લાભ મળશે.

**સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોને આત્મનિર્ભર બનાવવા માટે સરકારની યોજનાથી ઇન્વેસ્ટમેન્ટના ૭૦ ટકાથી વધુ નાણાં દસ વર્ષમાં પરત મળી જાય છે**

**લઘુ ઉદ્યોગનું એકમ નાખનારે કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ રૂ. ૧૦ કરોડ કરેલું હોય અને કેટગરી થ્રીમાં આવતું હોય તો વ્યાજની સબસિડી પેટે પાંચ વર્ષમાં રૂ. ૧. ૨૫ કરોડ મળે**

ગુજરાતના ઉદ્યોગોને આત્મનિર્ભર બનાવવા માટે જાહેર કરવામાં આવેલી નીતિ હેઠળ અન્ય લાભ પણ આપવામાં આવે છે. તેમને EPF એટલે કે એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડની સહાય પણ આપવામાં આવે છે. નવા ઉદ્યોગ સાહસિકના એકમ દ્વારા એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડની ચૂકવણી કરવામાં આવે છે આ એકમોને નવા કર્મચારીના ૧૦૦૦ ટકા ઈપીએફની ચૂકવણીનો લાભ મળ છે. બાર ટકા કર્મચારીઓનું પ્રાથમિક વેતન ઉપરાંત મોંઘવારી ભથ્થું અથવા તો માસિક રૂ. ૧૮૦૦ બેમાંથી જે ઓછું હોય તે આપવામાં આવે છે.

ERP એટલે કે એન્ટરપ્રાઈસ રિસોર્સ પ્લાનિંગ સિસ્ટમમાં થયેલા મૂડી ખર્ચના ૬૫ ટકા અથવા રૂ. ૧ લાખ બેમાંથી જે રકમ ઓછી હોય તે રકમ સાયહ તરીકે મળવાપાત્ર છે.

ક્વોલિટી સર્ટિફિકેશનઃ બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ, ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ઈન્સ્ટિટ્યૂશન, હોલમાર્ક, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન સહિતની સંસ્થાઓના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના પ્રમાણપત્ર લેવા માટે ચૂકવવામાં આવેલી ફી ખર્ચના ૫૦ ટકા રકમ સબસિડી તરીકે મળી શકે છે. તેમ જ સર્ટિફિકેટ મેળવવા માટે જરૂરી સાધનો અને મશીનરી લેવા માટે કરવા પડનારા ખર્ચના ૫૦ ટકા અથવા તો રૂ. ૧૦ લાખ બેમાંથી જે રકમ

## સર્વિસ પ્રોવાઈડરને વ્યાજ સહાય કેટલી મળે ?

સર્વિસ પ્રોવાઈડર્સ પણ આત્મનિર્ભર ગુજરાતની સબસિડીની યોજનાનો લાભ લઈ શકે છે. તેમણે લીધેલા મુદતી ધિરાણ - ટર્મ લોન પર વ્યાજ સહાય મળી શકે છે. સબસિડીની યોજનાના તેમાં મુખ્યત્વે ફાઈનાન્શિયલ સર્વિસિસ, હેલ્થ સર્વિસિસ અને કન્સ્ટ્રક્શન સંબંધિત એન્જિનિયરિંગ સર્વિસિસનો સમાવેશ થાય છે. તેમાં પેટા સર્વિસિસમાં MSMEએ જમા કરાવેલા નેટ SGST સામે મળવાપાત્ર સહાય નીચે મુજબ છે.

**કેટલું ઇન્વેસ્ટમેન્ટ કઈ કેટેગરીમાં આવે**

| પ્લાન્ટ-મશીનરીમાં રોકાણની મર્યાદા | ઉદ્યોગની કેટેગરી |
|---|---|
| રૂ. ૧ કરોડ સુધી | સુક્ષ્મ ઉદ્યોગ |
| રૂ. ૧થી ૧૦ કરોડ | લઘુ ઉદ્યોગ |
| રૂ. ૧૦થી ૫૦ કરોડ | મધ્યમ ઉદ્યોગ |

**૧કરોડ સુધીનું રોકાણ કરનારને કેટલી સહાય મળે**

| સહાયની મર્યાદા | મહત્તમ સહાય |
|---|---|
| મુદતી ધિરાણના ૨૫ ટકા | રૂ. ૩૫ લાખ |
| મુદતી ધિરાણના ૨૦ ટકા | રૂ. ૩૦ લાખ |
| મુદતી ધિરાણના ૧૦ ટકા | ૧૦ લાખ |

**પ્લાન્ટ અને મશીનરીમાં એક કરોડનું મૂડીરોકાણ કરનાર સો ટકા લોન મળતી જ નથી. આ સંજોગમાં પ્રમોટરોએ તેમાં ૨૦થી ૨૫ ટકા માર્જિન મની રાખવાના હોય છે. પ્લાન્ટ અને મશીનરીના કુલ રોકાણના ૮૦ ટકા જ લોન બેન્કો આપતી હોવાનું જોવા મળે છે.**

**નેટ SGST સામે મળવાપાત્ર સહાય**

| સહાયની મર્યાદા | વર્ષ | વાર્ષિક મહત્તમ સહાય |
|---|---|---|
| જમા કરાવેલો નેટ GSTના ૧૦૦ ટકા | ૧૦ | વાર્ષિક ૭.૫ % |
| જમા કરાવેલો નેટ SGSTના ૯૦ ટકા | ૧૦ | વાર્ષિક ૬.૫ % |
| જમા કરાવેલો નેટ SGSTના ૮૦ ટકા | ૧૦ | SGSTના ૫ % |

**નોંધઃ** EFCI એટલે ઇફેક્ટિવ ફિક્સ્ડ કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ

> **બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ, ઇન્ડિયન સ્ટાન્ડર્ડ ઇન્સ્ટિટ્યૂશન, હોલમાર્ક, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન સહિતની સંસ્થાઓના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના ક્વોલિટી સર્ટિફિકેશન લેવા ચૂકવેલી ફીના ૫૦ ટકા રકમ સબસિડી તરીકે મળી શકે**
>
> **કેપિટલ ઇન્વેસ્ટમેન્ટના પાંચ ટકા પ્રમાણે મળતી જીએસટી સબસિડીની ગણતરી કરવામાં આવે તો દસ વર્ષમાં રૂ. ૫ કરોડ સુધીની રકમ સબસિડી પેટે મળી શકે છે.**



ઓછી હોય તે રકમ સબસિડી તરીકે મળી શકે છે.

ZED પ્રમાણપત્ર : પ્રમાણપત્ર લેવા માટે ચૂકવેલ ચાર્જના ૫૦% અથવા રૂા. ૫૦,૦૦૦ બેમાંથી જે રકમ ઓછી હોય તે સહાય તરીકે મળવાપાત્ર છે.

માહિતી અને સંચાર ટેકનોલોજી સહાય : માહિતી અને સંચાર ટેકનોલોજીની સાધન સામગ્રી માટે થયેલ ખર્ચના ૬૫% અથવા રૂા. ૫ લાખ બેમાંથી જે રકમ ઓછી હોય તે રકમ મળાપાત્ર છે.

ટેકનોલોજી એક્વિઝિશન માટે સહાય : ચોક્કસ પ્રકારની ટેકનોલોજીને માન્ય ઈન્સ્ટીટ્યુટ એ માન્ય રાખેલ હોય તેવા પ્રોજેક્ટ માટે નીચે મુજબની સહાય મળવાપાત્ર છે. આમાં પ્લાન્ટ અને મશીનરી ટુ સાધનોમાં કરેલ ખર્ચનો સમાવેશ થતો નથી.

માન્ય રાખેલ પ્લાન્ટ અને મશીનરીમાં મૂડી રોકાણ ધરાવતા એકમને ખર્ચના ૬૫% અથવા રૂા. ૫૦ લાખ બેમાંથી જેરકમ ઓછી હોય તે રકમ સહાય તરીકે મળવાપાત્ર છે.

પેટન્ટ રજિસ્ટ્રેશન માટે સહાય : પેટન્ટ મેળવવા માટે માન્ય ખર્ચના ૭૫% અથવા રૂા. ૨૫ લાખ બેમાંથી જે રકમ ઓછી હોય તે રકમ સહાય તરીકે મળવાપાત્ર છે.

SME દ્વારા ઊભી કરાતી મૂડી સહાય : સિક્યોરિટી એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI)ના માર્ગદર્શન હેઠળ MSME ઈક્વિટી મૂડી SME મૂડી મારફતે મૂડી ઊભી કરે તો તે માટે નીચે એશઆ એક્સચેન્જ મારફત ઈક્વિટી મૂડી ઉભરી કરતા માન્ય ખર્ચના ૨૫% અથવા રૂા. ૫ લાખ બેમાંથી જેરકમ ઓછી હોય તે રકમ મળવાપાત્ર છે.

ઊર્જા અને પાણી વપરાશમાં બચત માટે સહાય : (૧) માન્ય સંસ્થા માન્ય કન્સલટન્ટ દ્વારા એનર્જી વોટર ઓડીટ કરાવવામાં આવે તોઓડીટ ખર્ચના ૭૫ % અથવા રૂા. ૫૦,૦૦૦/- બેમાંથી જે રકમ ઓછી હોય તે રકમ મળવાપાત્ર છે.

(૨) ઓડિટ ઓથોરિટી દ્વારા ભલામણ કરેલ ઈક્વિપમેન્ટ વસાવવામાં આવે તો ખર્ચના ૨૫% અથવા રૂા. ૨૫ લાખ બેમાંથી જે રકમ ઓછી હોય તે રકમ સહાય તરીકે મળવાપાત્ર છે.

CGTMSE ફી પરત મેળવવાની સહાય : ભારત સરકાર એ જામીનગીરી મુક્ત લોન (સીજીએસ-ક્રેડિટી ગેરંટી સ્કીમ) રૂા. ૨ કરોડ સુધીની રકમને આવરી લીધેલ છે. આ લોનની રકમ પર ઉદ્યોગકાર એ વાર્ષિક સર્વિસની ફી ચૂકવવાની થાય છે. આ પ્રકારની ૧૦૦% વાર્ષિક ફીની રકમ રીજબર્સમેન્ટ તરીકે મળવાપાત્ર છે.

માંદા એકમોનું પુન: સ્થાપના : નિષ્ણાંત/ નિષ્ણાંત એજન્સી દ્વારા તૈયાર કરાયેલ નિદાન અહેવાલ આધારિત ડ્રાફ્ટ રીફેલીલેશન સ્કીમ ના ખર્ચના ૫૦ % રકમ અથવા ૧ લાખ બેમાંથી જે રકમ ઓછી હોય તે રકમ રીસેમબર્સમેન્ટ તરીકે મળવાપાત્ર છે. પાવર કનેકશન ચાર્જ માટે સહાય : GIDC/ મંજૂર થયેલ ઔદ્યોગિક પાર્ક સિવાયના વિસ્તાર માટે ડીસ્ટ્રીબ્યુશન લાઇસન્સ ચાર્જ, નવાજોડાણ, વધારાનો લોડ માટે કરેલ ખર્ચ માટે નીચે પ્રમાણેની સહાય મળાપાત્ર છે.

પાવક કનેકશન માટે ચૂકવવામાં આવેલ ચાર્જના ૩૫% અથવા રૂા. ૫ લાખ બેમાંથી જે રકમ ઓછી હોય તે રકમ મળાપાત્ર છે.

લઘુ અને સુક્ષ્મ ઉદ્યોગોને ભાડા સહાય : લઘુ અને સુક્ષ્મ ઉદ્યોગો એ ચૂકવેલ ભાડાના ૬૫% અથવા રૂા. ૧ લાખ વાર્ષિક બેમાંથી જે રકમ ઓછી હોય તે રકમ ૫ વર્ષ સુધી મળવાપાત્ર છે.

વિદ્યુત શુલ્કમાં માફી : લઘુ, સુક્ષ્મ અને મધ્યમ કદના ઉદ્યોગોને ‘Gujarat E;ectricity Act ૨૦૦૩’હેઠળ વિદ્યુત શુલ્કમાં ૫ વર્ષ માટે માફી આપવામાં આવે છે.

### MSMEને વ્યાજ સહાય

| સહાયની રકમ | કેટલા વર્ષ સુધી મળે | વાર્ષિક મહત્તમ સહાય |
|---|---|---|
| મુદતી ધિરાણના ૭ ટકા | ૭ વર્ષ સુધી | વાર્ષિક રૂ. ૩૫ લાખ |
| મુદતી ધિરાણના ૬ ટકા | ૬ વર્ષ સુધી | વાર્ષિક રૂ. ૩૦ લાખ |
| મુદતી ધિરાણના ૫ ટકા | ૫ વર્ષ સુધી | વાર્ષિક રૂ.૨૫ લાખ |

# MSMEની સબસિડીનો લાભ મેળવવા માટે પ્રોસેસ શું કરવી પડે?

સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગ માટેની સબસિડીની યોજનાનો લાભ લેવા માટે એકમે પહેલા તો ઉદ્યમનું રજિસ્ટ્રેશન લેવું પડે છે. મિનિસ્ટ્રી ઓફ એમએસએમઈ મારફતે તેનું રજિસ્ટ્રેશન કરાવવું પડે છે. ત્યારબાદ એમએસએમઈની સબસિડીનો લાભ લેવા માટે અલગથી રજિસ્ટ્રેશન જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને એમએસએમઈ બ્રાન્ચ ગાંધીનગરમાં કરાવવું પડે છે. સૂક્ષ્મ અને નાના ઉદ્યોગનું રજિસ્ટ્રેશન જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં કરવાનું



હોય છે. જ્યારે મધ્યમ ઉદ્યોગનું રજિસ્ટ્રેશન ગાંધીનગરમાં આવેલી એમએસએમઈ બ્રાન્ચમાં કરાવવાનુ હોય છે. રજિસ્ટ્રેશન મંજૂર થાય તે પછી પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ અને ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ સરકાર તરફથી આપવામાં આવશે. ડોક્યુમેન્ટની ચકાસણી કર્યા પછી પાત્રતા જણાય તો એલિજિબિલિટી સર્ટિફિકેટ આપવામાં આવે છે. આ સર્ટિફિકેટ મળ્યા પછી કેપિટલ, વ્યાજ અને જીએસટી સબસિડીના ક્લેઈમ જે તે કચેરીમાં મૂકવાના હોય છે. તેની સાથે તમામ પુરાવાઓ પણ જોડવાના રહે છે. આ પુરાવાઓની ચકાસણી કરી લીધા પછી મળવાપાત્ર સબસિડીની રકમ જે તે વિભાગને ગ્રાન્ટની રકમ મળી ત્યારે ઉદ્યોગોને ચૂકવવામાં આવે છે.

# વિદેશ પ્રવાસના ખર્ચ પર ૨૦ ટકા ટીસીએસની જોગવાઈ હવે પહેલી ઓક્ટોબરથી અમલમાં




વિદેશ પ્રવાસે જવા માટે બુકિંગ કરાવનાર જો રૂ. ૭ લાખથી વધુ ખર્ચ કરો તો તેના ખર્ચની રકમ પર ૨૦ ટકાના દરે ટીસીએસ-ટેક્સ કલેક્શન એટ સોર્સની જોગવાઈ લાગુ કરવાના નિયમનો અમલ હવે પહેલી જુલાઈને બદલે પહેલી ઓક્ટોબરથી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પહેલી ઓક્ટોબર સુધી અત્યારે પરદેશના ટુર પેકેજ માટે કરવામાં આવનારા રૂ. ૭ લાખથી વધુના ખર્ચ પર ૫ ટકાના દરે જ ટીસીએસ કરવામાં આવશે.

તેનું કારણ આપતા જણાવવામાં આવ્યું છે કે બેન્કોએ ટૂંકા સમયગાળામાં ક્રેડિટ કાર્ડ કે ડેબિટ કાર્ડ તથા બેન્ક એકાઉન્ટના ચેકથી પેમેન્ટ કરે તો તે તમામની વિગતો એકત્રિત કરવાનું સોફ્ટવેર ન ધરાવતી હોવાથી પહેલી જુલાઈ ૨૦૨૩થી તે ડેટા પૂરો પાડવો તેમને માટે કઠિન હોવાનું જણાવીને સમય આપવાની માગણી કરી હતી. આ માગણીને ધ્યાનમાં લઈને સરકારે તેનો અમલ ત્રણ મહિના માટે પાછળ ઠેલીને પહેલી ઓક્ટોબરનો કર્યો છે.

નાણાં મંત્રાલયે આ નિર્ણયનો અમલ હાલ પૂરતો પડતો મૂકવાનું નક્કી કર્યું છે. બેન્કોને તેને માટેના સોફ્ટવેર તૈયાર કરવા સમય આપવામાં આવ્યો છે.

બીજીતરફ આંતરરાષ્ટ્રીય ક્રેડિટ કે ડેબિટ કાર્ડની મદદથી વિદેશમાં કરવામાં આવતા ખર્ચની રકમ પર અત્યારને તબક્કે કોઈ જ રીતે ટેક્સ કલેક્શન એટ સોર્સની જોગવાઈ લાગુ ન કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. પહેલી ઓક્ટોબર પછી પણ તેના પર કોઈ જ ટીસીએસ ન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આમ પહેલી જુલાઈથી અમલ કરવાના આયોજનને ૨૮મી જૂને મોડી રાત્રે પડતું મૂકવાનો નિર્ણય કર્યો હતો. વીસ ટકા ટીસીએસની જોગવાઈ કરતી અને લિબરાલાઈઝ રેમિટન્સ સ્કીમ તરીકે ઓળખાતી સ્કીમનો અમલ ત્રણ મહિના માટે મુલતવી રાખવામાં આવ્યો છે. જોકે રૂ. ૭ લાખથી ઓછી રકમના વિદેશ પ્રવાસના ખર્ચ પર કોઈ જ ટીસીએસ કરવામાં આવશે નહિ. જોકે એજ્યુકેશન લોનના નાણાં કે મેડિકલના હેતુથી એટલે કે તબીબી સારવારના હેતુથી કરવામાં આવતા ખર્ચની રકમ પર પણ કોઈ જ ટીસીએસ લાગુ ન કરવાનું પહેલાથી નક્કી કરવામાં આવેલું છે.



# મેડિકલ ડિવાઈઝ માટે આવી રહેલી નવી પોલીસી ઉદ્યોગની શિકલ બદલશે

ભારત સરકાર ઈચ્છે છે કે મેડિકલ ડિવાઈઝની આયાતમાં આગામી બે વર્ષમાં ૩૦ ટકાનો ઘટાડો થવો જોઈએ. આ આયોજન સાથે જ નેશનલ મેડિકલ ડિવાઈઝ પોલીસી ૨૦૨૩ જાહેર કરવાની તૈયારી કરવામાં આવી છે. આગામી પખવાડિયામાં કે મહિનામાં આ પોલીસીની પૂર્ણ વિગતો જાહેર કરવામાં આવશે. આ પોલીસી તૈયાર કરવા પાછળનો મૂળભૂત હેતુ ભારતની આયાત પરની નિર્ભરતા ઓછી કરવાનો છે. અત્યારે ભારતમાં ઉપયોગમાં લેવાતી અત્યાધુનિક મેડિકલ ડિવાઈઝમાંથી ૮૫ ટકા ડિવાઈઝની વિદેશમાંથી આયાત કરવામાં આવે છે. ભારતમાં ડિવાઈઝ બનાવનારાઓ અને મેન્યુફેક્ચરર્સ અત્યારે ઓછી કિંમતની અને ઓછી કડાકૂટવાળી ડિવાઈઝ બનાવે છે. તેમાં ટેક્નોલોજીનો વધુ પડતો ઉપયોગ ન કરવાનો આવતો હોય અને એકવાર ઉપયોગમાં લઈને નિકાલ કરી દેવાનો હોય તેવી ડિવાઈઝ ભારતના મેન્યુફેક્ચરર્સ વધુ બનાવે છે. મેડિકલ ડિવાઈઝના સેક્ટરની બીકોન ગ્રુપની



**ચિરાગ જોશી, CEO**
બીકોન ગ્રુપ

કંપનીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર ચિરાગ જોશીનું કહેવું છે, “ગુજરાત અને ભારતના મેડિકલ ડિવાઈઝના ઉત્પાદકો ઈનવિટ્રો ડાયોગ્નેસ્ટિકના સેગમેન્ટમાં પંદર લાખ સુધીના મૂલ્યમાં મળતી હાઈએન્ડ ડિવાઈઝનું મેન્યુફેક્ચરિંગ કરવાને તો આજની તારીખે પણ ગુજરાત અને ભારતના મેન્યુફેક્ચરર્સ સક્ષમ છે. તેમાં હેમોગ્લોબિન એનાલાઈઝર, સંપૂર્ણ પણે ઓટોમેટિક ચાલતી બાયોકેમિસ્ટ્રી સિસ્ટમ (૨૦૦થી ૬૦૦ સેમ્પલ્સનું સાથે એનાલિસીસ કરવાને સક્ષમ) સિસ્ટમ સહિતની પેથોલોજીકલ લેબોરેટરીમાં ઉપયોગમાં લેવાતી સંખ્યાબંધ સિસ્ટમો બનાવી શકે છે.” રૂ. ૨૫ લાખથી ૪૦-૫૦ લાખ કે તેનાથી ઊંચા મૂલ્યની હાઈએન્ડ ડિવાઈઝ તૈયાર કરતાં ભારતીયોને થોડા મહિનાઓ લાગશે. આ બાબતમાં પણ ગુજરાત અને ભારતના ઉત્પાદકો પાછળ રહી જાય તેવા નથી.

ફાર્મા પ્રોડક્ટ્સ એટલે કે રસીથી માંડીને જુદાં જુદાં રોગની દવાઓ બનાવવાની બાબતમાં ભારત કોઈથી પણ પાછળ નથી તે હકીકતને કોરોના કાળમાં દુનિયાએ જોઈ છે અને સ્વીકારી પણ છે. તેનાથી ભારતની વિશ્વના ફાર્મા સેક્ટરમાં ભારતની વિશ્વસનીયતા વધી છે. તેમ જ ભારતની પ્રોડક્ટ્સ બેસ્ટ છે તે ભારતની ફાર્મા ઈન્ડસ્ટ્રીએ

પુરવાર કરી દીધું છે.

મેડિકલ ડિવાઈઝના સેક્ટરની બીકોન ગ્રુપની કંપનીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર ચિરાગ જોશીનું કહેવું છે, “સરકારે યોગ્ય સમયે મેડિકલ ડિવાઈઝ માટેની પોલીસી તૈયાર કરી છે. અત્યારે વિશ્વ બજારમાં મેડિકલ ડિવાઈઝનો એક્સપોર્ટ ૧ ટકાની આસપાસ છે. જે આગામી ૨૫ વર્ષમાં ૧૧થી ૧૨ ટકા સુધી પહોંચી જશે. ” ભારત હાઈએન્ડ મેડિકલ ડિવાઈઝ બનાવવામાં તેટલું સક્ષમ ન હોવાની દુનિયાના દેશોની માનસિકતા બદલવા અને અત્યાધુનિક મશીનરીઓ ભારતમાં બનાવવા માટે મેડિકલ ડિવાઈઝ માટેની નવી પોલીસી તૈયાર કરી દેવામાં આવી છે. મેડિકલ ડિવાઈઝ બનાવતા દુનિયાના ટોચના પાંચ મેન્યુફેક્ચરિંગ હબની હરોળમાં ભારતે સ્થાન મેળવવું છે. આ ખ્વાહિશ સાથે જ નવી પોલીસી તૈયાર કરવામાં આવી છે. મેડિકલ ડિવાઈઝની કેટેગરીમાં આવતી અત્યાધુનિક મશીનરીનું ભારતમાં ઉત્પાદન થાય અને નિકાસ પણ થાય તેવી ભારત સરકારની ઈચ્છા છે. ભારતની હોસ્પિટલ્સ અને લેબોરેટરીઓને પણ પરવડે તેવા ભાવથી આ મશીનરીઓ મળતી થાય તેવી પણ સરકારની ઈચ્છા છે. આ રીતે ભારત સરકાર મેડિકલ ડિવાઈઝની આયાતને ઘટાડવા માગે છે.

મેડિકલ ડિવાઈઝ પાછળ માથાદીઠ ખર્ચ ભારતમાં માત્ર ત્રણ અમેરિકી ડૉલર જેટલો જ છે. તેની સામે વિશ્વના અન્ય દેશોમાં મેડિકલ ડિવાઈઝ પાછળ માથાદીઠ કરવામાં આવતો ખર્ચ ૪૭ અમેરિકી ડૉલરનો છે. અમેરિકા અને જર્મની જેવા વિકસિત દેશોમાં તો મેડિકલ ડિવાઈઝ તૈયાર કરવા માટેનો માથાદીઠ ખર્ચ અનુક્રમે ૪૧૫ અને ૩૧૩ અમેરિકી ડૉલરનો થાય છે. આમ મેડિકલ ડિવાઈઝ માટેનો માથાદીઠ ખર્ચ વધારીને મેડિકલ ડિવાઈઝ ભારતમાં ઓછા ખર્ચે બનતી થાય અને ભારતની દરેક હોસ્પિટલ્સ અને લેબોરેટરીઓ સસ્તા દરે તે ખરીદી શકે તેવી સ્થિતિ નિર્માણ કરવાનો કેન્દ્ર સરકારનો ઉદ્દેશ છે. તેમ કરવાથી ચિકીત્સાની ક્વોલિટી સુધરશે અને ભારતની પ્રજાને વધુ સારી ક્વોલિટી ટ્રીટમેન્ટ મળશે. તેમ જ સારા કે અત્યાધુનિક સાધનોથી ચિકીત્સા કરવાનો રસ્તો ખોલવાનું કામ પણ થશે. ભારતમાં જ બનેલા ઉપકરણોથી ચિકીત્સા કરવામાં આવશે તો તે ઓછી ખર્ચાળ પણ બનશે.

આમ તો ભારતની મેડિકલ ડિવાઈઝના મેન્યુફેક્ચરિંગની કામગીરીનું નિયમન ડ્રગ એન્ડ કોસ્મેટિક એક્ટ ૧૯૪૦ હેઠળ કરવામાં આવે છે. મેડિકલ ડિવાઈઝ ઈન્ડસ્ટ્રી તેમને માટે ચોક્કસ નીતિ લાવવાનો આગ્રહ રાખી રહી છે. ફેબ્રુઆરી ૨૦૨૦માં કેન્દ્ર સરકારે મેડિકલ ડિવાઈઝ રૂલ્સ ૨૦૧૭માં કેટલાક ફેરફારો કર્યા હતા. ડ્રગ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ હેઠળ દવાના ઉત્પાદનનું નિયમન કરવામાં આવે છે તે જ રીતે મેડિકલ ડિવાઈઝના મેન્યુફેક્ચરિંગનું નિયમન કરવા માટે ફેબ્રુઆરી ૨૦૨૦માં કેન્દ્ર સરકારે મેડિકલ ડિવાઈઝ રૂલ્સમાં ફેરફાર કર્યા હતા. નિયમોને ધારદાર બનાવવાની કવાયત કરી હતી. માત્ર નિયમો કડક બનાવવાથી કામ સરે તેમ નથી. મેડિકલ ડિવાઈઝના મેન્યુફેક્ચરિંગ કરનારાઓ માટે પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવ સ્કીમ લાવવાની માગણી સંતોષાઈ છે. તેનાથી મેડિકલ ડિવાઇઝ ઈન્ડસ્ટ્રી ખુશ પણ છે. પરંતુ નેશનલ મેડિકલ ડિવાઇઝ પોલીસી ૨૦૨૩માં પીએલઆઈ ઉપરાંત વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. ચિરાગ જોશી કહે છે, “મેડિકલ ડિવાઇઝ માટેની પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવ સ્કીમને આગળ વધારવા ભારત સરકારે ઉત્તર પ્રદેશ, તામિલનાડુ, મધ્યપ્રદેશ અને હિમાચલ પ્રદેશમાં ચાર અલગ પાર્ક ચાલુ કરવાની કાર્યવાહીનો આરંભ કરી દીધો છે. પરિણામે એક જ પાર્કમાં મેડિકલ ડિવાઈઝ

**ભારત જે મેડિકલ ડિવાઈઝમાં આત્મ નિર્ભર હોય તેવી ડિવાઈઝની આયાત પર પ્રતિબંધ જ મૂકવો જોઈએ. વિશ્વ વ્યાપાર સંઘ સાથેના કરાર હેઠળ આયાત પર અટકાવી ન શકે તો તેવા સંજોગોમાં તેના પર એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવી જોઈએ.**

**મેડિકલ ડિવાઈઝ માટેની આયાત પરની નિર્ભરતામાં બે જ વર્ષમાં 30 ટકાનો ઘટાડો કરીને નિકાસ પર ફોકસ કરવાનું ભારત સરકારનું લક્ષ્યાંક**



**ડી. કે જોશી, પૂર્વ પ્રમુખ**
ઓલ ઇન્ડિયા ડાયગ્નોસ્ટિક મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન

## જહોન્સન એન્ડ જહોન્સનના ખરાબ ઇમ્પ્લાન્ટ્સનો શિકાર બનેલા લોકોને હજી વળતર મળ્યુ નથી

મેડિકલ ડિવાઇઝના મેન્યુફેક્ચરિંગ અને વેચાણ અંગેના નિયમો ગમે તેટલા ધારદાર હોય પરંતુ સંબંધિત વિભાગ જ કામ ન કરે તો નિયમોની તીક્ષ્ણ ધાર પણ બુઠ્ઠી બની જાય છે.આ રહ્યું તેનું ઉદાહરણ. જહોન્સન એન્ડ જહોન્સનના ફોલ્ટી એટલે કે ખરાબ હિપ ઈમ્પ્લાન્ટ્સને કારણે વિશ્વભરમાં હોબાળો મચી ગયો હતો. અમેરિકાની અદાલતે તેના ઉપયોગ કરનારાઓને અબજોનું વળતર કરવાનો કંપનીને આદેશ પણ કર્યો હતો. અન્ય દેશમાં વળતર ચૂકવાઈ ગયું છે. ગુજરાતમાં આ માટે ફૂડ એન્ડ ડ્રગ કમિશનરની કચેરીએ ટીમ બનાવી હતી. પરંતુ આ ટીમને અસરગ્રસ્ત લોકોની રજૂઆતના સંદર્ભમાં નિર્ણય લેવાની ફૂરસદ જ ન હોય તેવી સ્થિતિ છે. જહોન્સન એન્ડ જહોન્સનના હિપ ઈમ્પ્લાન્ટ્સમાં થયેલા લીકેજને કારણે શારીરિક નુકસાનનો સામનો કરનારાઓમાંથી કેટલાક મૃત્યુ પામ્યા છે. છતાં તેમનો વળતરના કેસ આજેય પેન્ડિંગ છે. પ્રગતિશીલ ગણાતા ગુજરાતમાં આ સ્થિતિ છે તો સમગ્ર ભારતમાં હિપ ઈમ્પ્લાન્ટ્સ કરાવીને તેની ખરાબ અસરનો શિકાર બનેલાઓની હાલત બદતર હોવાનું સહજ તારણ કાઢી શકાય છે.

માટે જોઈતી તમામ વસ્તુઓ મળી રહેશે. મેડિકલ ડિવાઈઝ બનાવવા માટેના દરેક પૂરજાઓ આ જ પાર્કમાં મળી રહેશે. તેને માટે જોઈતો સોફ્ટવેર ડેવલપર પણ તે જ પાર્કમાં મળ જશે." મેડિકલ ડિવાઈઝ માટેની પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવ સ્કીમ હેઠળ અત્યાર સુધીમાં ૨૬ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી દેવામાં આવી છે. આ ૨૬ પ્રોજેક્ટમાં મળીને અંદાજે રૂ. ૧૨૦૦થી ૧૨૫૦ કરોડનું રોકાણ આવશે. તેઓ લિનિયર એક્સિલટેરટ, એમઆરઆઈ સ્કેમ, સીટી સ્કેન, મેમોગ્રામ, સી-આર્મ, એમઆરઆઈ કોઈલ્સ, એક્સ રે પાડવા માટેની અત્યાધુનિક ટ્યૂબ બનાવવાનું ચાલુ થઈ ગયું છે. હજી ઘણાં નવા પ્રોડક્ટ્સ તૈયાર થશે. ઓલ ઈન્ડિયા ડાયગ્નોસ્ટિક મેન્યુફેક્ચરર્સ એસોસિયેશનના પૂર્વ પ્રમુખ ડી.કે. જોશી કહે છે, "આ દિશામાં વધુ ઝડપી પ્રગતિ સાધવા માટે સરકારે ભારત જે મેડિકલ ડિવાઈઝમાં આત્મ

**ભારતમાં મેડિકલ ડિવાઈઝ પાછળ માથાદીઠ ખર્ચ માત્ર ત્રણ અમેરિકી ડોલર જેટલો જ છે. વિશ્વના અન્ય દેશોમાં મેડિકલ ડિવાઈઝ પાછળ માથાદીઠ ખર્ચ ૪૭ ડોલરનો છે. અમેરિકા અને જર્મનીમાં માથાદીઠ ખર્ચ અનુક્રમે ૪૧૫ અને ૩૧૩ ડોલરનો થાય છે.**

નિર્ભર હોય તેવી ડિવાઈઝની આયાત પર પ્રતિબંધ જ મૂકી દેવો જોઈએ. વિશ્વ વ્યાપાર સંઘ સાથેના કરાર હેઠળ આયાત પર અટકાવી ન શકે તો તેવા સંજોગોમાં તેના પર એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવી જોઈએ." ઉદાહરણ આપીને વાત કરીએ તો બ્લડ સેલ કાઉન્ટર(લોહીમાંના રક્તકણ કે શ્વેત કણના પ્રમાણને માપી આપતી ડિવાઈઝ), એલાઈઝા ડાયોગ્નોસ્ટિક કીટ (જુદાં જુદાં ચેપી રોગની ચકાસણી કરી આપતી ડિવાઈઝ), એગ્લુટિનેટિંગ સેરા(બ્લડ ગ્રુપ નક્કી કરવા માટેની ડિવાઈઝ), ક્લિઆ રેન્જ (કેન્સર સહિતના રોગની પરખ કરીને પકડી આપતી ડિવાઈઝ)માં ભારતની મેન્યુફેક્ચરિંગ કેપેસિટી ઘણી વધારે થઈ ગઈ છે. દેશની જરૂરિયાત પૂરી કરવાને સમર્થ છે. ડૉ. ડી. કે. જોશી કહે છે, "આ પ્રકારના સંખ્યાબંધ પ્રોડક્ટ્સ છે. તેની આયત અટકાવી દેવી જોઈએ અથવા તો તેના પર પર એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી

## મેડિકલ ડિવાઈઝ પોલીસીને કારણે શું લાભ થશે

### નવી પોલીસીને કારણે નવા ઉદ્યોગ સાહસિકો આગળ આવશે



**વેન્ચર કેપિટલ ફંડ પૂરું પાડનારાઓ પણ તેમને પડખે ઊભા રહેશે. તેમ જ પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપમાં સાહસ કરનારાઓ પણ આગળ આવશે.**

**અપસ્કિલિંગ (કારીગરને વધુ કુશળ બનાવવાની કામગીરી વધુ તેજ બનશે.**

**મિનિસ્ટ્રી ઓફ સ્કિલ્ડ ડેવલપમેન્ટની મદદથી સ્કિલ્ડ મેનપાવર તૈયાર કરવા પર વધુ ફોકસ કરવામાં આવશે**



**મેડિકલ ડિવાઇઝના સ્ટેક હોલ્ડર્સને એક સાથે લાવવા માટે વધુને વધુ ફોરમ્સ બનશે.**





**મેડિકલ ડિવાઇઝના સેક્ટરમાં વિશ્વસ્તરે સફળ થયેલા મોડેલને ભારતમાં લાવવા માટેના અભ્યાસો થશે. સફળ મોડેલને ભારતમાં અપનાવવાની પ્રવૃત્તિ ચાલુ થશે.**



**મેડિકલ ડિવાઇઝના બ્રાન્ડિંગને વેગ મળશે. મેડિકલ ડિવાઇઝના નિકાસ પર ફોકસ કરવા માટે એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલની પણ રચના થશે. તેની મદદથી વધુ મોટા બજારમાં પ્રવેશવાની તક નિર્માણ કરવામાં આવશે.**

**તાલીમ આપતી સંસ્થાઓ પણ સ્કિલ્ડ મેનપાવર પેદા કરવા માટે નવા નવા કોર્સ ચાલુ કરશે. ભવિષ્યમાં જરૂર પડનારા માનવબળને તૈયાર કરશે.**



**વિદેશી સંસ્થાઓ સાથે મળીને નવા નવા ટ્રેનિંગ પ્રોગ્રામ ચાલુ કરશે. તેને માટે ઉદ્યોગના મહારથીઓની મદદ-માર્ગદર્શન પણ લેશે.**



નાખી દેવી જોઈએ. સ્થાનિક ઉદ્યોગોને પ્રોટેક્શન આપવા માટે ઈજીપ્તે પણ પગલાં લઈને આયાતને અંકુશમાં લેવાનો પ્રયાસ ચાલુ કરી દીધો છે." તેની સાથે જ ચેતવણી આપતા ડૉ. ડી. કે. જોશી કહે છે કે આયાત બંધ કરવામાં કે એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી નાખવામાં કોઈની મોનોપોલી ન ઊભી થઈ જાય તેની પણ સરકારે દરકાર રાખવી જોઈએ. જોકે ઉપર દર્શાવેલા પ્રોડક્ટ્સની આયાત અટકાવવા એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી નાખવાના કે અન્ય કોઈ પગલાં લેવામાં આવે તો પણ મોનોપોલી ઊભી થાય તેમ નથી. તેના પાંચથી સાત ઉત્પાદકો ભારતમાં અને ગુજરાતમાં સક્રિય છે. રાજકોટમાં પણ મેડિકલ ડિવાઈઝ માટેનો પાર્ક તૈયાર કરવાની પ્રક્રિયાનો આરંભ થઈ ચૂક્યો હોવાનું જાણવા મળ્યું છે. જોકે તેનું આયોજન સમગ્ર ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવે તેવી સંભાવના છે. પાર્ક માટે મંજૂર કરેલા ૨૬માંથી ૫ પ્રોજેક્ટ એવા છે કે જુદા જુદાં ૮૭ પ્રોડક્ટ બનાવશે. ગુજરાતમાં રાજકોટ ખાતે પણ મેડિકલ ડિવાઈઝ પાર્કમાં પણ આયાત કરાતા હોય તેવા ઘણાં પ્રોડક્ટસ બનવા માંડ્યા છે. આ પ્રોડક્ટની આયાત પણ આગામી વરસોમાં કરવી પડશે નહિ.

નેશનલ મેડિકલ ડિવાઈઝ પોલીસી થકી સંશોધન એન્ડ વિકાસનો રસ્તો પણ ખોલવામાં આવ્યો છે. તેમાં રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર સ્થાપનારાઓ માટે પણ પ્રોત્સાહન આપવાનું આયોજન કરાયું છે. રેડી ટુ યુઝ ડિવાઈઝ પણ તૈયાર થઈ રહી છે. તેને માટેની માળખાકીય સુવિધા ઊભી કરી આપતા અને ટેકો પૂરો પાડે તેવા સ્ટાર્ટ અપ્સ પણ સક્રિય થઈ ચૂક્યા છે. સરકારની નવી નીતિને પરિણામે ખાનગી રોકાણ કરનારાઓ વધુ જુસ્સાથી સક્રિય થશે.

## ૧૧૦૦ કરોડ ડોલરના માર્કેટમાં ભારતનો હિસ્સો કેટલો?

મેડિકલ ડિવાઈઝનું સેક્ટરનું વિશ્વ બજાર અંદાજે ૧૧૦૦ કરોડ ડૉલરનું છે. તેમાં ભારતના મેન્યુફેક્ચરર્સનો ફાળો અંદાજે રૂ. ૯૦,૦૦૦ કરોડની આસપાસનો છે, જે વિશ્વના કુલ માર્કેટના માંડ ૧.૫ ટકા જેટલો જ છે. આગામી ૨૫ વર્ષમાં મેડિકલ ડિવાઈઝના વિશ્વ બજારનો ૧૦થી ૧૨ ટકા હિસ્સો અંકે કરી લેવાનું ભારતનું આયોજન છે. ૨૦૩૦ની સાલ સુધીમાં આ હિસ્સો અંદાજે ૫૦ અબજ ડૉલરની આસપાસ પહંચાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. મેડિકલ ડિવાઈઝના ગ્લોબલ માર્કેટમાં આજે પણ અમેરિકાનું વર્ચસ્વ છે. તેનો માર્કેટ હિસ્સો ૪૦ ટકાનો છે. ત્યારબાદ યુરોપના દેશોનો હિસ્સો ૨૫ ટકાનો તથા જાપાનનો હિસ્સો ૧૫ ટકાનો છે.

## પેથલેબમાં વપરાતા રિએજન્ટ્સની સાથેની મેડિકલ ડિવાઈઝની ૧૫૦ દેશોમાં નિકાસ

મોલેક્યુલર ડાયેગ્નોસ્ટિકના ઈન્સ્ટ્રુમેન્ટ્સ અને રિએજન્ટ્સ ભારત અને ગુજરાતમાં બનતા થઈ ગયા છે. ઈન વિટ્રો ડાયોગ્નેસ્ટિકની કેટેગરીમાં આવતી મેડિકલ ડિવાઈઝમાં ઉપયોગમાં લેવામાં આવતા રિએજન્ટ્સમાંથી ૬૦ ટકા રિએજન્ટ્સ ભારતમાં જ બને છે. તેના એક્ટિવ ફાર્માસ્યૂટિકલ્સ ઈન્ગ્રેડિયન્ટ્સ માટે પણ ભારત આત્મનિર્ભર છે. આ રિએજન્ટ્સ ભારતમાંથી ૧૨૦થી ૧૫૦ દેશોમાં નિકાસ થઈ રહી છે. આ રિએજન્ટ્સ વાપરતી આધુનિક સિસ્ટમ્સમાં ભારતની એક્સપર્ટાઈઝ વધી રહી છે. સિસ્ટમ લીધા પછી રિએજન્ટ્સની જરૂરિયાત માટે તેમણે ભારત પર જ નિર્ભર રહેવું પડે છે. તેથી સિસ્ટમની નિકાસ પછી રિએજન્ટ્સની જરૂરિયાત માટે આયાતકાર દેશોએ ભારત પર જ નિર્ભર રહેવું પડે છે. આ પ્રોડક્ટ્સની રેન્જ રૂ. ૧૫થી ૨૦ લાખના મૂલ્યની છે. આ કામગીરી થઈ જાય તો ઈમ્પોર્ટ ડિપેન્ડન્સીમાં ઘટાડો આવી જાય તેમ છે. આ કામગીરી કરીને ઈમ્પોર્ટને ૪૦ ટકા પર લાવી શકાય તેમ છે. યુરોપમાં રૂ. ૫૦થી ૬૦ લાખના મૂલ્યમાં વેચાતી ક્લિઆની સિસ્ટમ માટેની ઈકો સિસ્ટમ એટલે કે તેના ઉત્પાદન માટેની પાયાની વ્યવસ્થા ઊભી થવા માંડી છે. આગામી વરસોમાં તેનું ઉત્પાદન ચાલુ થઈ જશે.

# વિલફૂલ ડિફોલ્ટર્સ પ્રત્યે કૂણું વલણ દાખવતી રિઝર્વ બેન્કની નવી જોગવાઈ અંગે ઊહાપોહ-મતમતાંતર



લૂંટી લો, લૂંટી લો, ભાઈ આપણી જ બેન્ક છે ભાઈ. આ બેન્કના ડિપોઝિટર્સ અને બેન્કમાં વિશ્વાસે પોતાના નાણાં જમા કરાવનારાઓની આ બૂમ છે. આ રહ્યું તેનું કારણ. નાણાં મંત્રીએ જાહેર ક્ષેત્રની બેન્કોને ડિફોલ્ટર્સના એકાઉન્ટનું કોમ્પ્રોમાઈઝ સેટલમેન્ટ કરી લેવાની સૂચના આપી છે. તેમાં ડિફોલ્ટર્સે ચૂકવવાના થતાં નાણાંમાંથી કાપકૂપ કરીને પણ મળે એટલા નાણાં મેળવી લેવાની સૂચના નાણાં મંત્રીએ આપી છે. તેને ટેકનિકલ ભાષામાં હેરકટ તરીકે ઓળખાવવામાં આવે છે.

જૂનના પહેલા પખવાડિયામાં મળેલી મોનેટરી પોલીસી કમિટીની મિટિંગ પછી રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાન્ત દાસે ડિફોલ્ટર સાથે કોમ્પ્રોમાઈસ સેટલમેન્ટ કરી લેવાના આપેલા સ્ટેટમેન્ટને કારણે બેન્કિંગ સેક્ટરની બેન્ડ વાગી જવાની લોકોમાં ધાસ્તી વધી રહી છે. તેમાંય વળી ૮મી જૂને રિઝર્વ બેન્કે કોમ્પ્રોમાઈઝ સેટલમેન્ટ કરી લેવાની જાણ કરતો પરિપત્ર દેશની તમામ બેન્કોને મોકલી આપ્યો છે. તેથી લોકોમાં એવી છાપ ઊભી થઈ કે બેન્કમાંથી ધિરાણ લો. ડિફોલ્ટર બનો. સેટલમેન્ટ કરો અને બાર મહિના પછી નવેસરથી લોન લો. લોકોના મનમાં ઊભી થયેલી આ છાપ સાચી છે કે પછી ગેરસમજ તે સ્પષ્ટ કરવા જુદાં જુદાં બેન્કર્સ સાથે વાત કરી તેમના અભિપ્રાયો લીધા છે.

**કોમ્પ્રોમાઈઝ સેટલમેન્ટનો રિઝર્વ બેન્કનો નિર્ણય બેન્કોને તારશે કે ડૂબાડશે?**

**ડિફોલ્ટર્સની NPA સામે પ્રોવિઝન કર્યા પછી પણ રિકવરી ચાલુ રહેશેઃ અશોક મંકોડી**

**વિલફૂલ ડિફોલ્ટર્સ સાથે સમાધાન કરવાના પરિપત્રને કારણે સમગ્ર બેન્કિંગની સિસ્ટમ તિતરબિતર થઈ જશે. થાપણદારોનો બેન્કોમાંના વિશ્વાસ ડગમગી જશેઃ સી.એચ. વેંકટચલમ**

ઓલ ઈન્ડિયા બેન્ક ઓફિસર્સ કોન્ફેડરેશનના જનરલ સેક્રેટરી રૂપમ રોય અને ઓલ ઈન્ડિયા બેન્ક એમ્પ્લોયી એસોસિયેશનના જનરલ સેક્રેટરી સી.એચ. વેંકટચલમે ડિફોલ્ટર્સ સાથે કોમ્પ્રોમાઈઝ સેટલમેન્ટ અંગેના રિઝર્વ બેન્કના પરિપત્રની આકરી ટીકા કરી છે. વિલફૂલ ડિફોલ્ટર્સ સાથે કોમ્પ્રોમાઈઝ સેટલમેન્ટ અને ટેકનિકલ રાઈટ ઓફ (એનપીએ એટલે કે ફસાયેલી મૂડીની નફામાંથી જોગવાઈ કરીને સરવૈયું સાર કરવાની કવાયત કરતા પરિપત્ર) કરવાનો લેવામાં આવેલા નિર્ણયનો વિરોધ કર્યો છે. સી.એચ. વેંકટાચલમનું કહેવું છે, “વિલફૂલ ડિફોલ્ટર્સ સાથે સમાધાન કરવાના પરિપત્રને કારણે સમગ્ર બેન્કિંગની સિસ્ટમ વેરવિખેર-તિતરબિતર થઈ જશે. તેનાથી થાપણદારોનો બેન્કોમાં વિશ્વાસ ડગમગી જશે. બીજું, વિલફુલ ડિફોલ્ટર્સ પાસેથી નાણાં પરત મેળવવા માટે બેન્ક અધિકારીઓમાં અત્યારે જોવા મળતી સંઘર્ષ કરવાની માનસિકતા ખતમ જશે. બેન્કના એક હિસ્સા તરીકે બેન્ક અધિકારીઓએ ડિફોલ્ટર્સની સમસ્યાનો નીવેડો લાવવા માટે કડકમાં કડક પગલાં લેવાની અમે હિમાયત કરતાં આવ્યા છીએ. વિલફૂલ ડિફોલ્ટર્સના અથવા તો ફ્રોડ કરનારાઓના એકાઉન્ટમાં સમાધાન કરવાની છૂટ આપવી એ અમારી દ્રષ્ટિએ ન્યાય અને દાયિત્વ-જવાબદારી ફિક્સ કરવાના સિદ્ધાંતની વિરુદ્ધ છે. રિઝર્વ બેન્કનું આ પગલું લોન લઈને અપ્રામાણિક બનીને પૈસા ન ભરનારા ખાતેદારને લાભ કરાવે તેવું છે. તેમ જ લોન લઈને પ્રામાણિકતાથી તે જમા કરાવી દેનારાઓને ખોટો મેસેજ આપે તેવું છે. રિઝર્વ બેન્કના ૭મી જૂન ૨૦૧૯ના પરિપત્રમાં જણાવ્યું છે કે બેન્ક સાથે ફ્રોડ કરનારા કે વિલફુલ ડિફોલ્ટર્સને રિસ્ટ્રક્ચરિંગનો લાભ આપવામાં આવશે નહિ. હવે એકાએક કોમ્પ્રોમાઈઝ સેટલમેન્ટની જોગવાઈ લાવીને રિઝર્વ બેન્કે ફેરવી તોળ્યું છે. પરિણામે થાપણદારોનો બેન્કોમાં વિશ્વાસ ડગમગી જશે.”

રૂપમ રોયનું કહેવું છે, “કોમ્પ્રોમાઈઝ સેટલમેન્ટનો પરિપત્ર કરીને રિઝર્વ બેન્કે લોન લઈને ન ચૂકવવાની માનસિકતા ધરાવનારાઓનો



**રૂપમ રોય,** જનરલ સેક્રેટરી, ઓલ ઇન્ડિયા બેન્ક ઓફિસર્સ કોન્ફેડરેશન

ઉત્સાહ વધારી દીધો છે અને તમામ બેન્કોને નુકસાની ખમવાના ખપ્પરમાં હોમી દીધી છે. વિલફુલ ડિફોલ્ટર્સને કારણે બેન્કોના આર્થિક ગણિતો ફરી જાય છે તે ધ્યાનમાં રાખવું જરૂરી છે. કોમ્પ્રોમાઈઝ સેટલમન્ટનો માર્ગ ખોલીને રિઝર્વ બેન્ક તેમની ખોટી પ્રવૃત્તિને માફ કરવાનું કાર્ય કરી રહી છે. તેનાથી બેન્કમાંથી લોન લઈને પૈસા ન ભરવાનું વલણ વધી જશે. તેનું પરિણામ સામાન્ય ડિપોઝિટર્સે ભોગવવાનું આવશે."

લોકોની આ માન્યતા સાવ સાચી નથી એમ જણાવતા ગુજરાતના બેન્કિંગ સેક્ટરના નિષ્ણાત અને અભ્યાસુ અશોક મંકોડીનું કહેવું છે, "કોમ્પ્રોમાઈઝ સેટલમેન્ટની સંપૂર્ણ કવાયત બેન્કોની બેલેન્સશીટ ક્લિયર કરવા માટેની છે. બેન્કના ધિરાણ પછી એન.પી.એ.-નોન પરફોર્મિંગ એસેટ થયા પછી બેન્કો નફામાંથી તેની જોગવાઈ કરી દે છે છતાંય બેન્કના ચોપડે એનપીએ ઊભી જ રહે છે. તેથી બેન્કે એનપીએ જેટલા પૈસા નફામાંથી અલગ કાઢી લીધા હોવા છતાં તેની બેલેન્સશીટ નબળી જ રહે છે. આ કવાયત કરીને રિઝર્વ બેન્ક કે નાણાં મંત્રાલય ડિફોલ્ટર્સને છૂટ્ટો દોર આપી દેવા માગે છે તેવું નથી. ડિફોલ્ટર સામેના કેસ પણ ઊભા રહેશે અને રિકવરી પણ ચાલુ જ રહેશે."

ટેકનિકલ રાઈટ ઓફની જોગવાઈની સમજણ આપતા અશોક મંકોડી જણાવે છે કે ટેકનિકલ રાઈટ ઓફમાં બેન્કે જે ફસાયેલી મૂડીની સો ટકા જોગવાઈ નફામાંથી કરી દીધી છે તેવા ખાતાઓમાં એનપીએ ઝીરો બતાવી દેવામાં આવશે. બીજા શબ્દોમાં કહીએ તો સામસામી એન્ટ્રીઓ-એનપીએ અને તેની સામે જોગવાઈ કર્યાની એન્ટ્રીઓ- પાડી દેવામાં આવશે. પરંતુ તે ડિફોલ્ટર પાસેથી નાણાં રિકવર કરવાનો અધિકાર બેન્ક ઊભો રાખશે. આમ રિકવરીની પ્રક્રિયા બેન્ક તરફથી ચાલુ જ રાખવામાં આવશે. ડિફોલ્ટર્સના પૈસા ભૂલી જવાની વાત રિઝર્વ બેન્કના પરિપત્રના માધ્યમથી કરી જ નથી. માત્ર ચોપડાં ક્લિયર કરી દેવામાં આવશે. તેથી બેલેન્સશીટ ક્લિયર દેખાશે. ભવિષ્યમાં તે ડિફોલ્ટર પાસેથી કોઈ રિકવરી આવે તો તે પ્રોવિઝનની રકમ સામે એડજસ્ટ કરી દેવામાં આવશે.

સી.એચ. વેન્કટચલમનું કહેવું છે, "વિલફુલ



**અશોક મંકોડી**
નિષ્ણાત, બેન્કિંગ સેક્ટર

ડિફોલ્ટર્સના કેસમાં કોમ્પ્રોમાઈઝ સેટલમેન્ટ કરવું કે નહિ તે અંગેનો નિર્ણય લેવાની સત્તા બેન્કના બોર્ડના સભ્યોને આપી દેવામાં આવી છે." પરંતુ બેન્કે માંડવાળ કરવા માટે પોલીસી તૈયાર કરીને પાવર ડેલિગેટ કરવા પડશે. મેનેજર લેવલે કે બોર્ડ ઓફ મેનેજમેન્ટ અને રિકવરી કમિટીને પણ ચોક્કસ રકમ સુધીના કેસોમાં સમાધાન કરવાની છૂટ મળશે. તેથી રાજકીય દખલગીરી પર અંકુશ આવશે. રાજકીય હસ્તીઓ દ્વારા કરવામાં આવતી મનમાની મર્યાદિત થઈ જવાની સંભાવના રહેલી છે. હા, ફ્રોડના કેસોમાં માત્ર ને માત્ર બેન્કના

## કૃષિ ધિરાણને કૂલિંગ પિરિયડ લાગુ પડશે નહિ

હા, કુલિંગ પિરિયડમાં કૃષિ સેક્ટરને બાકાત રાખવામાં આવ્યું છે. વાવાઝોડા, અતિવૃષ્ટિને કારણે કૃષિ પાકને નુકસાન થયું હોય તો તેવા સજોગોમાં તેમની બાકી રકમ ન ચૂકવવામાં આવી હોય કે વરસાદને અભાવે પાક બળી ગયો હોવાથી નાણાં ન ભરી શક્યા હોય તેવા કેસોમાં કૃષિ ધિરાણને લેનારને તે રકમ ભર્યા પછી તરત જ નવું ધિરાણ આપી શકાય તેવી જોગવાઈ રાખી છે. તેમને ૧૨, ૨૪ કે ૪૮ મહિના સુધી ધિરાણ ન મળે તેવી જોગવાઈમાંથી મુક્તિ આપવામાં આવી છે. બેન્કે પોતાના અનુભવને આધારે નિર્ણય લેવાનો રહેશે. હા, જે ખેડૂતોએ બેન્ક સાથે ફ્રોડ કર્યો હશે તેની સામે અલગથી આકરાં પગલાં લેવાની જોગવી છે જ છે.

## DRT-NCLTની કામગીરી અર્થહીન બની જશે?

બીજી તરફ નાણાં મંત્રીએ કારણ પણ આપ્યું છે. બેન્કોના બાકી લેણા વસૂલ કરી આપવાની કામગીરીમાં મદદ કરતી ડેટ રિકવરી ટ્રિબ્યુનલ્સમાં કેસોનું ભારણ વધી ગયું છે. આ ભારણ ઓછું કરવા માટે પણ કોમ્પ્રોમાઈઝ સેટલમેન્ટ કરવા જરૂરી છે. તેમ જ વરસોના વરસો સુધી બેન્કના ફસાયેલા પડ્યા રહેતા નાણાં રિકવર થઈ જવાની એટલે કે બેન્કને પાછા મળી જવાની સંભાવના વધી જશે. તેમ થતાં બેન્કો તે નાણાંમાંથી નવો બિઝનેસ કરી શકશે. તેમાંથી નવી આવક પણ જનરેટ કરી શકશે. ડેટ રિકવરી ટ્રિબ્યુનલમાં પણ બાકીદારો-ડિફોલ્ટર્સના કેસોનો ઢગલો થયેલો છે. તેમાં પણ કોમ્પ્રોમાઈઝ સેટલમેન્ટને કારણે ઘટાડો થઈ જશે. આ માન્યતા પણ ભૂલ ભરેલી જ છે. ઓલ ઈન્ડિયા બેન્ક એમ્પ્લોયી એસોસિયેશનના જનરલ સેક્રેટરી સી.એસ. વેંકટચલમ કહે છે, "કોમ્પ્રોમાઈઝ સેટલમેન્ટના પરિપત્રને કારણે બેન્કની સાથે ચીટિંગ કરનારાઓ બેન્ક લોનના પૈસા ભરશે જ નહિ." એકવાર સેટલમેન્ટ થઈ ગયા પછી પાર્ટી ફરી સદ્ધર બને તો પણ તે બેન્કના પૈસા ભરતો જ નથી. બેન્ક લીગલી તેની પાસે નાણાંની ડીમાન્ડ કરી શકતી નથી. આ સંજોગોમાં ડીઆરટી-ડેટ રિકવરી કંપની અને એનસીએલટી અર્થહીન બની જશે. ઇન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડ પણ અર્થહીન બની જશે. તેમાં કેસ જતાં પહેલા બેન્કના બોર્ડના સભ્યો જ તે કેસ સેટલ કરી આપશે. હા, આજે એનસીએલટી અને ડીઆરટીમાં કેસ સેટલ થતાં ઘણો લાંબો સમય લાગી રહ્યો છે. ડીઆરટીની સિસ્ટમમાં હેરકટ જેવું કશું જ નથી તેથી તેના કેસનો ઉકેલ આવવામાં વિલંબ થઈ રહ્યો છે. તેમાં ઘણાં બોરોઅર્સ વન ટાઈમ સેટલમેન્ટની સ્કીમનો લાભ આપવાની પણ માગણી કરતાં હોવાનું જોવા મળે છે. વન ટાઈમ સેટલમેન્ટની તેમની માગણી બોરોઅર્સનો અધિકાર નથી. છતાં તેઓ માગણી કર્યા કરતાં હોવાનું જોવા મળે છે.

## રિઝર્વ બેન્કનું કોમ્પ્રોમાઇઝ સેટલમેન્ટનું પગલું લોન લઈને પૈસા ન ભરનારા ખાતેદારને લાભ કરાવે તેવું અને લોન લઈને પ્રામાણિકતાથી તે જમા કરાવી દેનારાઓને ખોટો મેસેજ આપે તેવું છેઃ રૂપમ રોય

બોર્ડે જ નિર્ણય લેવાનો આવશે. દરેક પ્રકારના ફ્રોડમાં બોર્ડના સભ્યો નિર્ણય લઈ લેશે. જે કેસમાં સમાધાન કરવામાં આવે તે સમાધાનની વિગતો જે તે કોર્ટને અને રિઝર્વ બેન્કના ધ્યાનમાં મૂકવાની જોગવાઈ પણ આ સાથે જ કરી દેવામાં આવી છે.

જોકે રિઝર્વ બેન્ક જાહેર કરે તે બધુ જ તત્કાળ અમલમાં આવ જતું નથી. ઘણી બાબતોમાં તો રિઝર્વ બેન્કની સુસ્તી પણ ઊડીને આંખે વળગે છે. આ રહ્યું તેનુંય ઉદાહરણ. ફાઈનાન્સ અંગેની સ્ટેન્ડિંગ કમિટીએ બેન્કના ચીફ મેનેજિંગ ડિરેક્ટર, મેનેજિંગ ડિરેક્ટર તથા નોમિની ડિરેક્ટર્સની જવાબદારી નક્કી કરતો એક અહેવાલ ફેબ્રુઆરી ૨૦૧૬માં આપ્યો હતો. તેમાં ટોચના વિલફુલ ડિફોલ્ટર્સના નામ જાહેર કરવાના હતા. આજ સુધી તે રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો નથી.



કાયદાકીય જોગવાઈ કરવામાં આવી હોવા છતાંય આજે વિલફુડ ડિફોલ્ટર્સની સમસ્યાનો સામનો કરી રહેલી બેન્કોમાંથી આ કમિટીમાં કોઈની પણ



**સી.એચ. વેન્કટચલમ,** જનરલ સેક્રેટરી, ઓલ ઇન્ડિયા બેન્ક એમ્પ્લોયી એસોસિયેશન

### કૂલિંગ પિરિયડ ૧૨ માસથી વધી ૧૨૦ માસ પણ કરી શકાશે

બેન્ક ડિફોલ્ટર બને તે પછી બાર મહિનામાં સેટલમેન્ટ કરે અને ત્યારબાદ નવેસરથી લોન મેળવી શકશે તેવી માન્યતા લોકોમાં પ્રવર્તી રહી છે. બેન્કિંગ એક્ટના અભ્યાસુ અશોક મંકોડીનું કહેવું છે, "કોમ્પ્રોમાઇઝ સેટલમેન્ટ કરનારાઓને બાર મહિના સુધી બેન્કમાંથી કોઈ જ ધિરાણ આપવું નહિ તેવી વ્યવસ્થા કૂલિંગ પિરિયડની જોગવાઈ હેઠળ કોમ્પ્રમાઇઝ સેટલમેન્ટ અંગેના પરિપત્રમાં કરવામાં આવેલી છે." તેથી બેન્કના પૈસા ડૂબાડો, સેટલમેન્ટ કરો અને બાર મહિના પછી ફરીથી લોન લો તેવી છાપ લોકોના મનમાં ઊભી થઈ છે. અશોક મંકોડી કહે છે, "કૂલિંગ પિરિયડ ઓછામાં ઓછો બાર માસનો રાખવામાં આવ્યો છે. પરંતુ કૂલિંગ પિરિયડ અંગેનો નિર્ણય બેન્કના બોર્ડના સભ્યો લેશે. તેમને લાગે તો તેઓ આ કૂલિંગ પિરિયડ ૫ કે ૧૦ વર્ષનો પણ રાખી શકે છે."

## ફ્રોડના કેસમાં સેટલમેન્ટ કરવાની પહેલીવાર છૂટ આપવામાં આવી

રિઝર્વ બેન્કે પહેલીવાર ફ્રોડના કેસોમાં પણ સેટલમેન્ટ કરવાની છૂટ આપી છે. જોકે તેની સાથે એક શરત રાખવામાં આવી છે. અશોક મંકોડીનું કહેવું છે, "બેન્કને ફ્રોડના કેસમાં ખાસ પોલીસી તૈયાર કરવાની રહેશે. બેન્કના જે સ્ટાફે લોન મંજૂર કરી હોય તે અધિકારીને સેટલમેન્ટની પ્રોસેસમાં જોડી શકાશે નહિ. જોકે તેમાં એક આકરી શરત એ પણ રાખવામાં આવી છે કે ફ્રોડ કરનાર સામે ક્રિમિનલ કેસ કરવામાં આવ્યો હશે તો તે ક્રિમિનલ કેસ તો ચાલતો જ રહેશે. આ સમાધાન કરે તો પણ બેન્ક સ્ટાફના સભ્ય સામે કે પછી ફ્રોડ કરનારા સામે ક્રિમિનલ કેસ ચાલતો હોય તો તે કેસ સમાધાન થયા પછીય કેસ તો ચાલતો જ રહેશે."

રિઝર્વ બેન્કે કોમ્પ્રોમાઇઝ સેટલમેન્ટના પરિપત્રના માધ્યમથી સ્ટાફની જવાબદારી નક્કી કરવાનું પગલું પણ લીધુ જ છે. સ્ટાફની જવાબદારી નક્કી થયા પછી જ કેસનું સેટલમેન્ટ કરવામાં આવશે. કેસમાં સમાધાન કરતાં પહેલા બેન્કનો આંતરિક સ્ટાફ તેને માટે જવાબદાર છે કે નહિ તે પણ નક્કી કરવામાં આવશે. તે અંગે પહેલા તપાસ કરી લેવાની રહેશે. ઇન્ટરનલ સપોર્ટથી ફ્રોડ થયો હોય તો તે માટે સ્ટાફ કે પાર્ટી સામે કાયદેસર લેવાના થતાં પગલાં લેવામાં આવશે.

જોકે ફ્રોડના કેસોમાં બીજા જે કાયદાઓ લાગુ પડતા હોય તો તે લાગુ રહેશે જ રહેશે. તેમાં કોઈ જ સમાધાન કરવામાં આવશે નહિ. બીજા કાયદાની જોગવાઈની વિરુદ્ધ જઈને સમાધાન કરવાનું રહેશે નહિ. તેનો અર્થ એ થયો કે કોઓપરેટીવનો એક્ટ લાગુ પડશે જ પડશે. તથા રજિસ્ટ્રારનું ઇન્વોલ્વમેન્ટ પણ રહેશે જ રહેશે. કોઓપરેટીવ બેન્કમાં એન્યુઅલ જનરલ મિટિંગમાં જતી કરવાની રકમની વિગતો મૂકવી પડશે. અમુક કિસ્સાઓમાં રજિસ્ટ્રારની મંજૂરી પણ લેવી પડે છે. તેથી આ પરિપત્રના અનુસંધાનમાં કોમ્પ્રોમાઇઝ સેટલમેન્ટ કરવા માટે કોઓપરેટીવ રજિસ્ટ્રારે સહકારી બેન્કોને કેવી રીતે સમાધાન કરવું તે માટે માર્ગદર્શન આપવું પડશે. આ માર્ગદર્શન પ્રમાણે કર્યા પછી રજિસ્ટ્રાર પાસે તેનો વિરોધ કરવાનો કોઈ અવકાશ જ રહેશે નહિ. બેન્કના સભાસદ પણ તેનો વિરોધ કરી શકશે નહિ.

રિઝર્વ બેન્કના વાર્ષિક અહેવાલમાં જણાવ્યા મુજબ ૨૦૨૨-૨૩ના વર્ષમાં બેન્ક ફ્રોડ વધી રહ્યા છે. ખાનગી ક્ષેત્રની બેન્કોમાં સૌથી વધુ ફ્રોડ થયા છે. છેલ્લા ત્રણ વર્ષના આંકડાઓ આ પુરવાર કરે છે. જાહેર ક્ષેત્રની બેન્કોમાં થયેલા ફ્રોડમાં વધુ પૈસા ખેંચાઈ ગયા છે. ડિજિટલ પેમેન્ટમાં કે ઇન્ટરનેટ બેન્કિંગમાં સૌથી વધુ ફ્રોડ થઈ રહ્યા છે. લોનના પોર્ટફોલિયોમાં પણ બહુ જ મોટી રકમના ફ્રોડ થયા છે.




નિમણૂક કરવામાં આવી જ નથી. આ જ રીતે બેન્કના બોર્ડમાં વર્કમેન ડિરેક્ટર અને ઓફિસર ડિરેક્ટરની આજ સુધી નિમણૂક કરવામાં આવી નથી. બેન્કના બોર્ડમાં હજીય ઘણી જગ્યાઓ આજ સુધી ભરવામાં આવી જ નથી. બેન્કના બોર્ડમાં આ જગ્યાઓ જાણીબૂઝીને ભરવામાં આવી નથી, કારણ કે બેન્કના બોર્ડ વિલફુલ ડિફોલ્ટર્સના કેસોમાં કોમ્પ્રોમાઈઝ સેટલમેન્ટ કરવાની પરવાનગી વિના રોકટોક આપી શકે.

ઓલ ઇન્ડિયા બેન્ક ઓફિસર્સ કોન્ફેડરેશન અને ઓલ ઇન્ડિયા બેન્ક એમ્પ્લોયી એસોસિયેશને કોમ્પ્રોમાઈઝ સેટલમેન્ટની જોગવાઈને પાછી ખેંચી લેવાની માગણી કરી છે. તેને બદલે વિલફૂલ ડિફોલ્ટર્સને જવાબદાર ઠેરવીને તેમની સામે આકરાં પગલાં લઈ શકાય તેવી જોગવાઈઓ દાખલ કરવાની તેમણે માગણી કરી છે. તેમની તો માગણી એ પણ છે કે રિઝર્વ બેન્કે વિલફુલ ડિફોલ્ટર્સ (પૈસા હોવા છતાં બેન્કના બાકી નાણાં ન ચૂકવાનારા નીરવ મોદી, જતીન મહેતા, વિજય માલ્યા જેવા ડિફોલ્ટર્સ)ના નામની યાદી તૈયાર કરીને જાહેર કરવાની પણ માગણી કરવામાં આવી છે. તેમને આકરાંમાં આકરો દંડ કરવાની પણ માગણી કરવામાં આવી છે. બીજી તરફ બેન્ક ખાતાઓની અને લોનધારકના ખાતાઓની સ્ક્રૂટિની વધુ ચુસ્તીથી કરવી જોઈએ. તેમ કરીને સંભવિત વિલફુલ ડિફોલ્ટર્સથી બેન્કોને રક્ષણ આપવું જોઈએ. તેનાથીય મોટી વાત કરતાં તેમણે કહ્યું છે કે પ્રામાણિક લોન લેનારાઓને તથા બેન્કોમાં ડિપોઝિટ મૂકીને બેન્કોને બિઝનેસ કરવા માટે ફંડ પૂરું પાડતા ડિપોઝિટર્સને રક્ષણ આપવાની બાબતને અગ્રક્રમ આપવો જોઈએ. ડિપોઝિટર્સ બેન્કોની પ્રામાણિકતા જોઈને જ તેમની પૈસા ડિપોઝિટ મૂકવા આવે છે. દેશના આર્થિક વિકાસમાં બેન્કિંગ મહત્વની ભૂમિકા ભજવે છે. આ મોરચે કોઈપણ પ્રકારનું સમાધાન કરવામાં આવે તો તે બેન્કોની સ્થિરતા અને વિશ્વસનીયતાની અવગણના કરવા બરાબર ગણાશે.

| લોનનો | ૨૦૨૦-૨૧ | | ૨૦૨૧-૨૨૧ | | ૨૦૨૨-૨૩ | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | ફ્રોડ | રૂપિયા | ફ્રોડ | રૂપિયા | ફ્રોડ | રૂપિયા |
| કાર્ડ-ઈન્ટરનેટ | ૨,૫૪૫ | ૧૧૯ | ૩,૫૯૬ | ૧૫૫ | ૬,૬૫૯ | ૨૭૬ |
| એડવાન્સ | ૩,૪૭૬ | ૧,૩૦,૯૯૦ | ૩,૮૩૩ | ૫૭,૭૩૩ | ૪,૧૦૯ | ૨૮,૭૯૨ |
| રોકડ | ૩૨૯ | ૩૯ | ૬૪૯ | ૯૩ | ૧,૪૭૦ | ૧૫૮ |
| ડિપોઝિટ | ૫૦૪ | ૪૩૪ | ૪૭૧ | ૪૯૩ | ૬૫૨ | ૨૫૮ |
| અન્ય | ૨૭૮ | ૫૪ | ૩૦૦ | ૧૦૦ | ૪૭૪ | ૪૩૨ |
| ચેક-ડીડી | ૧૬૩ | ૮૫ | ૨૯૧ | ૧૫૮ | ૧૧૮ | ૨૫ |
| ક્લિયરિંગ | ૧૪ | ૪ | ૧૬ | ૧ | ૧૮ | ૩ |
| ફોરેક્સ | ૪ | ૧૨૯ | ૭ | ૭ | ૧૩ | ૧૨ |
| ઓફ બેલેન્સશીટ | ૨૩ | ૫૩૫ | ૨૧ | ૧૦૭૭ | ૧૪ | ૨૯૬ |
| ઈન્ટર-બ્રાન્ચ એકાઉન્ટ | ૨ | - | ૩ | ૨ | ૩ | - |
| **કુલ** | **૭,૩૩૮** | **૧,૩૨,૩૮૯** | **૯,૦૯૭** | **૫૯,૮૧૯** | **૧૩,૫૩૦** | **૩૦,૨૫૨** |

| બેન્ક | ૨૦૨૦-૨૧ | | ૨૦૨૧-૨૨૧ | | ૨૦૨૨-૨૩ | |
|---|---|---|---|---|---|---|
| | ફ્રોડ | રૂપિયા | ફ્રોડ | રૂપિયા | ફ્રોડ | રૂપિયા |
| ખાનગી | ૩,૭૫૦ | ૪૫,૫૧૫ | ૫,૩૩૨ | ૧૭,૩૮૭ | ૮,૯૩૨ | ૮.૭૨૭ |
| જાહેરક્ષેત્રની | ૨,૮૮૮ | ૭૭,૮૭૯ | ૩,૦૭૫ | ૪૦,૦૧૫ | ૩,૪૦૫ | ૨૧,૧૨૫ |
| વિદેશી | ૫૧૯ | ૩,૧૧૦ | ૪૯૪ | ૧,૨૦૬ | ૮૦૪ | ૨૯૨ |
| એસએફબી | ૧૧૪ | ૩૦ | ૧૫૫ | ૩૦ | ૩૧૨ | ૩૧ |
| પેમેન્ટ બેન્ક | ૮૮ | ૨ | ૩૦ | ૧ | ૬૮ | ૭ |
| નાણાં સંસ્થા | ૨૨ | ૫,૮૫૩ | ૯ | ૧,૧૭૮ | ૯ | ૭૦ |
| લોકલ એરિયા બેન્ક | ૨ | - | ૨ | ૨ | - | - |
| **કુલ** | **૭,૩૩૮** | **૧,૩૨,૩૮૯** | **૯,૦૭૯** | **૫૯,૮૧૯** | **૧૩,૫૩૦** | **૩૦,૨૫૨** |

## કોમ્પ્રોમાઈઝ સેટલમેન્ટની મુખ્ય બાબતો

૧. કોમ્પ્રોમાઈઝ સેટલમેન્ટ કરતાં પહેલા ફાઈનાન્સ કેટલું જૂનું છે તે જોવાનું રહેશે. તેનો અર્થ એ થયો કે છ-બાર મહિના પહેલા લોન લીધી હશે તેવા કિસ્સાઓમાં કોમ્પ્રોમાઈઝ સેટલમેન્ટ આપવામાં આવશે જ નહિ. જૂના કેસમાં જ કોમ્પ્રોમાઈઝ સેટલમેન્ટનો લાભ અપાશે.

૨. બેન્કે આપેલું ધિરાણ કેટલું નબળું પડી ગયું છે તે પણ જોઈને પછી જ કોમ્પ્રોમાઈઝ સેટલમેન્ટ કરવાનુ રહેશે. વ્યાજ કેટલું ચઢી ગયું છે તે પણ જોઈને પછી કોમ્પ્રોમાઈઝ સેટલમેન્ટ કરવામાં આવશે. બેન્કે આપેલા ધિરાણ સામે વ્યાજ સાથેની બાકી રકમ અને બાકી રકમ પરત મળવાની શક્યતા જેવા તમામ પાસાઓને ધ્યાનમાં લઈને પછી જ કોમ્પ્રોમાઈઝ સેટલમેન્ટ કરવાનુ રહેશે.

૩. બેન્કને આપેલી સિક્યોરીટી કેવી છે તે જોઈને પણ કોમ્પ્રોમાઈઝ સેટમેન્ટ કરવાનુ રહેશે. સિક્યોરિટી તરીકે મૂકવામાં આવેલી મિલકતમાંથી સારી આવક થઈ શકે તેમ હોય તો તેવા પ્રમાણમાં જ કોમ્પ્રોમાઈઝ ફોર્મ્યુલા નક્કી કરવાની રહેશે.

૪. દરેક કેસમાં કે એક વર્ષ દરમિયાન કેટલી રકમનું માંડવાળ કરવું તે અંગેનો નિર્ણય બેન્કના બોર્ડ દ્વારા લેવામાં આવશે. બેન્કના બોર્ડ નક્કી કરેલી રકમથી વધુ રકમનું માંડવાળ કરી શકાશે નહિ. બેન્કનું બોર્ડ ધિરાણના જુદાં જુદાં હેડ હેઠળ કેટલી રકમની માંડવાળ કરવી તે નક્કી કરશે. તેનાથી વધુ રકમની માંડવાળ કરી શકાશે નહિ. તેમ જ ધિરાણની બધી જ કેટેગરીના ડિફોલ્ટર્સને લાભ મળશે.

## એલ્યુમિનિયમ, સ્ટીલ, સિમેન્ટ, રાસાયણિક ખાતરના એકમો સાવધાન

# યુરોપિયન સંઘના દેશોમાં ભારતના એકમોની નિકાસ પર કાર્બન ટેક્સ વસૂલશે

ભારતના નાના અને મધ્યમ કદના સ્ટીલ, એલ્યુમિનિયમ, સિમેન્ટ, ફર્ટિલાઈઝર, હાઈડ્રોજન અને ઈલેક્ટ્રિસિટીના ઉત્પાદકો પાસેથી પહેલી જાન્યુઆરી ૨૦૨૬થી કાર્બન ટેક્સ વસૂલવાની વાત યુરોપિયન સંઘના દેશોએ વહેતી મૂકી દીધી છે. વાતાવરણમાં કાર્બન છોડવામાં આવી રહ્યો હોવાથી ક્લાઈમેટ ચેન્જની મોટી અસર જોવા મળી રહી છે. એક સાથે ચોમાસું, ઉનાળો અને શિયાળો ચાલતો હોય તેવા પલટા હવામાનમાં આવી રહ્યા છે. કમોસમી વરસાદ ગમે ત્યારે ખાબકી રહ્યો છે. તેથી જ ક્લાઈમેટ ચેન્જ અટકાવવા અને આબોહવામાં અનિશ્ચિતતા ન વધે તે માટે કાર્બન ઉત્સર્જન રોકવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ૨૦૭૦ની સાલ સુધીમાં ઝીરો એમિશન એટલે કે હવામાં શૂન્ય કાર્બન જાય તેવી વ્યવસ્થા કરવાની દરખાસ્ત ભારત સરકારે સ્વીકારી છે. તેથી જ ઈલેક્ટ્રિક વેહિકલ પર અને રિન્યુએબલ એનર્જી સ્રોતથી એટલે કે સૌર ઉર્જા, જળ ઉર્જા અને પવન ઉર્જાનો ઉપયોગ કરીને વીજળી પેદા કરીને કાર્બન એમિશન ઘટાડવા પર ભારત સરકાર ફોકસ કરી રહી છે.

ભારતમાંથી ૨૦૨૨ના નિકાસના આંકડાઓ પર નજર ફેરવવામાં આવે તો આયર્ન, સ્ટીલ અને એલ્યુમિનિયમની ૮.૨ અબજ ડૉલરની નિકાસ માત્ર ને માત્ર યુરોપિયન સંઘના દેશોમાં થાય છે. કાર્બન ટેક્સની વ્યવસ્થાની મોટી અસર નાના અને મધ્યમ ઉદ્યોગો પર પડશે. ઈન્ડિયન સ્ટેઈનલેસ સ્ટીલ ડેવલપમેન્ટ એસોસિયેશનના પ્રમુખ રાજામણિ કૃષ્ણમૂર્તિનું કહેવુ છે, “નાના અને મધ્યમ ઉદ્યોગ પર તેની મોટી અસર પડશે. સ્ટીલ, એલ્યુમિનિયમ, ફર્ટિલાઈઝર્સ અને સિમેન્ટના નાના ઉત્પાદકો



**રાજામણિ કૃષ્ણમૂર્તિ, પ્રમુખ**
ISSDA

**વિકાસશીલ દેશોના એકમોને માથે કાર્બન ટેક્સનો બોજો સૌથી વધારે આવવાની સંભાવનાઃ કાર્બન બોર્ડર ટેક્સની સિસ્ટમ ભારત માટે ખતરનાક સાબિત થઈ શકે**

તેમના પ્રોડક્ટ્સની ખાસ્સી નિકાસ કરે છે. તેથી કાર્બન ટેક્સને કેવી રીતે હેન્ડલ કરવો તે એક મોટો સવાલ છે.” નાના અને મધ્યમ ઉદ્યોગો પર તેની મોટી અસર પડતી હોવાથી આ મુદ્દે ચર્ચા કરવા માટે નવમી મેએ દિલ્હીના વાણિજ્ય મંત્રાલય દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં ભારતભરના ૪૦ જેટલા એસોસિયેશનના હોદ્દેદારો એકત્રિત થયા હતા. તેમણે માઈક્રો, સ્મોલ અને મિડિયમ એન્ટર પ્રાઈસને કાર્બન ટેક્સની જફામાંથી મુક્તિ આપવાની માગણી કરી હતી.

આ સાથે જ કાર્બન એમિશન માટેના પ્રમાણપત્ર ઈશ્યૂ કરવાનો મુદ્દો પણ છેડાયો હતો. કાર્બન માટેના ભારતની એજન્સી દ્વારા ઈશ્યૂ કરવામાં આવેલા પ્રમાણપત્રોને યુરોપિયન સંઘના દેશીની એજન્સીઓ માન્યતા આપે તેવી વ્યવસ્થા ઊભી કરવા માટે ભારત સરકાર યુરોપિયન સંઘની સરકારને વિનંતી પણ કરવા તૈયાર થઈ છે. યુરોપિયન સંઘના દેશો કાર્બન ક્રેડિટ ટ્રેડિંગ સ્કીમને માન્યતા આપે તેવી પણ લાગણી ભારત સરકારના વાણિજ્ય મંત્રાલય દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

જોકે અમદાવાદની રિસાઈકલ્ડ સ્ટીલ અને એલ્યુમિનિયમના ઉત્પાદનના ક્ષેત્રની અગ્રણી કંપની અર્ફિન ઈન્ડિયાના પ્રમોટર મહેન્દ્ર શાહનું કહેવું છે, “ક્લાઈમેટ ચેન્જની વકરી રહેલી સમસ્યાને જોતાં વહેલો કે મોડો કાર્બન ટેક્સ આવશે જ આવશે. ટેક્સ નહિ નાખવામાં આવે ત્યાં સુધી તે મામલો ઉદ્યોગોમાં પણ આવવી જોઈએ તેવી ગંભીરતા કાર્બન ઉત્સર્જન અટકાવવા માટે આવશે નહિ.” અર્ફિન ઈન્ડસ્ટ્રીઝના મહેન્દ્ર શાહનું કહેવું



છે, "યુરોપિયન સંઘમાં આજની તારીખે પણ કાર્બન ઉત્સર્જન ઘણું જ વધારે છે. આયર્ન ઓર કે એલ્યુમિનિયમ ઓરનું કે કોપર ઓરનું ઉત્ખનન કરીને તેમાંથી તેઓ તેમના કાર્બન ઉત્સર્જન સામે તેમની કાર્બન ક્રેડિટ ઓછી છે. ડેવલપ કંટ્રીમાં વર્જિન સ્ટીલ અને એલ્યુમિનિયમ બનાવવામાં આવે છે. તેમાં કાર્બન એમિશન વધારે થાય છે. તેની તુલનાએ ગુજરાત અને ભારતમાં સ્ટીલ અને એલ્યુમિનિયમનું રિસાઈકલિંગ વધારે થાય છે. વર્જિન સ્ટીલ કે એલ્યુમિનિયમ બનાવવા માટે વપરાતી ઇલેક્ટ્રિસિટી કરતાં રિસાઈકલ્ડમાં ઇલેક્ટ્રિસિટી ઓછી વપરાય છે. આ ગાળો ૮૦-૨૦નો છે. તેથી રિસાઈકલ્ડમાં એમિશન ઓછું છું."

તેઓ કહે છે આ સ્થિતિને પલટવા માટે ગુજરાત અને ભારતના એકમોએ સોલાર પાવરના વિકલ્પને પસંદ કરવા માંડ્યો છે. સોલાર પાવર પેનલ બેસાડીને કોલસાથી પેદા થતી વીજળીનો વપરાશ કરવામાં અર્ફિન ઇન્ડિયાએ ઘટાડી દીધું છે. પહેલા તેમણે મહિને રૂ. ૨૦ લાખનું ઇલેક્ટ્રિસિટી બિલ ભરવું પડતું હતું. આજે ૧.૨ મેગાવોટ વીજળી પેદા કરતો સોલાર પાવર પ્લાન્ટ નાખ્યા પછી વીજબિલ ઘટીને મહિને ૬થી ૭ લાખનું થઈ ગયું છે. આમ કાર્બન એમિશનમાં પણ તેટલો ઘટાડો થયો છે. ભારતના નાના અને મધ્યમ ઉદ્યોગો સોલાર કે વિન્ડ પાવર તરફ જંગી પ્રમાણમાં વળવા માંડ્યા છે. તેથી કાર્બન એમિશનમાં ખાસ્સો ઘટાડો થઈ ગયો છે. સરકારે સોલાર પાવર કે પછી વિન્ડ પાવરનો ઉપયોગ કરનારાઓને આપવામાં આવતી સબસિડી કે અન્ય સુવિધાઓમાં વધારો કરીને તેના તરફ હજીય વધુ લોકોને વાળીને કાર્બન એમિશન ઘટાડવાનો પ્રયાસ કરવો જોઈએ. આ એક સરળ અને સંગીન રસ્તો છે. તેથી જ ભારતે ૨૦૫૦ સુધીમાં કાર્બન ન્યૂટ્રલ થવાની ખાતરી આપી છે. જમીન અને વાયુ પ્રદુષણ ઘટાડવા ભારત સક્રિય થઈ ચૂક્યું છે. ૨૦૩૦ સુધીમાં મોટી છલાંગ લગાવવાની તૈયારી કરી રહ્યું છે. ઇલેક્ટ્રિક વેહિકલની દિશામાં જવાનું આયોજન પણ આ જ દિશામાંનું એક મહત્વનું પગલું છે.

કાર્બન ટેક્સ વિકાસશીલ દેશોના ઉદ્યોગોને મોટી અસર કરશે તેમાં કોઈ જ બેમત નથી. હવે સવાલ તેનું મૂલ્યાંકન કરવાનો છે. નવમી મેએ કેન્દ્રના વાણિજ્ય મંત્રાલયની મળેલી બેઠકમાં હાજરી આપનાર ઇન્ડિયન સ્ટેઈનલેસ સ્ટીલ ડેવલપમેન્ટ એસોસિયેશનના પ્રમુખ રાજામણિ કૃષ્ણમૂર્તિનું કહેવુ છે, "કાર્બનનું મૂલ્યાંકન કરવાની કામગીરી કરવાની જવાબદારી માત્ર ને માત્ર યુરોપિયન સંઘની એજન્સીઓને સોંપવામાં આવશે તો તે ઉચિત ગણાશે નહિ. ભારત સરકારે

## કાર્બનનું સૌથી વધુ ઉત્સર્જન કરતાં સેક્ટર



**સ્ટીલ:** સ્ટીલના ઉત્પાદનો પર કાર્બન ટેક્સ લાગુ કરવામાં આવતા તેની સ્પર્ધાત્મકતા પર મોટી અસર થશે. સ્ટીલ અને સ્ટીલની બનાવટોની નિકાસ પર મોટી અસર પડશે. જોકે વર્જિન સ્ટીલ એટલે કે આયર્ન ઓરમાંથી સીધું સ્ટીલ બનાવવાની પ્રક્રિયામાં કાર્બન ઉત્સર્જન વધારે થાય છે. તેથી યુરોપિયન સંઘના દેશોના કાર્બન ઉત્સર્જનને કઈ રીતે નોંધમાં લેવામાં આવે છે તે પણ જોવાનું રહેશે.



**એલ્યુમિનિયમ:** એલ્યુમિનિયમ રિસાઈકલ કરીને તૈયાર કરવામાં આવતા ઓટો પાર્ટ્સની ભારતમાંથી મોટા પ્રમાણમાં જાપાન સહિતના દેશોમાં નિકાસ કરવામાં આવે છે. તેની આ નિકાસ પર કાર્બન ટેક્સને કારણે અવળી અસર પડી શકે છે. તેમણે નિકાસ કરવા માટે યુરોપિયન સંઘના દેશો પાસેથી કોમ્પ્લાયન્સ સર્ટિફિકેટ પહેલા મેળવવું પડશે. ત્યારબાદ જ તેઓ તેમના પ્રોડક્ટ્સની નિકાસ કરી શકશે.



**સિમેન્ટ:** ભારતના સિમેન્ટ ઉદ્યોગ પર પણ કાર્બન ટેક્સનો મોટો બોજો આવી શકે છે. તેમાં કાર્બનનું જનરેશન વધારે છે. ગુજરાત અને ભારતમાં સિમેન્ટ ઉત્પાદન ખાસ્સું છે. વિશ્વના ૧૭૦થી વધુ દેશોમાં ભારતમાંથી સિમેન્ટની નિકાસ કરવામાં આવે છે. તેમાં શ્રીલંકા અને નેપાલ ટોચના આયાતકાર દેશો છે. છતાંય કાર્બન ટેક્સની ભારતની નિકાસ પર અવળી અસર કરી શકે છે. રાસાયણિક ખાતર, હાઈડ્રો કાર્બન પ્રોડક્ટ્સ, સ્ટીલ, એલ્યુમિનિયમ અને સિમેન્ટ જેવી વસ્તુઓના ઉત્પાદનની પ્રક્રિયામાં કાર્બન એમિશન ખાસ્સું વધારે થાય છે. તેમણે નિકાસ કરતાં પૂર્વે યુરોપિયન સંઘના દેશો પાસેથી પ્રમાણપત્ર પણ લેવું પડશે. જીટીઆરઆઈના ટૂંકા નામથી ઓળખાતી સંસ્થાએ આપેલા અંદાજ મુજબ ભારત જેવા વિકાસશીલ દેશોના એકમોને માથે કાર્બન ટેક્સનો બોજો સૌથી વધારે આવશે. કાર્બન બોર્ડર ટેક્સની સિસ્ટમ ભારત જેવા દેશો માટે ખતરનાક સાબિત થઈ શકે છે.

## કાર્બન ક્રેડિટના ટ્રેડિંગ માટે ભારત પોતાની માર્ગદર્શિકા પણ તૈયાર કરશે

**કાર્બન ક્રેડિટનું ટ્રેડિંગ તો અત્યારે પણ થાય છે. તેને માટેની વ્યવસ્થાને સંગીન ફલક પર લઈ જવાનું આયોજન ભારત અને વિશ્વના દેશોમાં થઈ રહ્યું છે. કાર્બન ક્રેડિટના ટ્રેડિંગ માટેની પોતાની અલાયદી સિસ્ટમ વિકસાવવાનું આયોજન ભારત સરકાર કર રહી છે. રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ પણ તેના રિપોર્ટમાં ગ્રીન ટેક્સના અર્થતંત્રને બને તેટલું ઝડપથી સમજી લેવા માટે ભારતના નાના મોટા ઉદ્યોગોને જણાવી દીધું છે. દેશમાં ગ્રીન ફાઈનાન્સ વધે તે માટે પણ ગ્રીન ટેક્સના અર્થતંત્રની આંટીઘૂંટીને સમજી લેવી જરૂરી છે. રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ જ એમિશન ટ્રેડિંગ સિસ્ટમ વિકસાવવાની ભલામણ કરી છે. તેની મદદથી સબસિડીને બેલેન્સ કરીને કાર્બન ક્રેડિટ મેળવી શકે તેવી સ્થિતિમાં દરેક ઉત્પાદકોએ પહોંચવું પડશે. ક્લાઈમેટ ચેન્જના ધ્યેયને પાર પાડવા માટે પણ તે જરૂરી છે. આ સિસ્ટમની મદદથી ભારતના નિકાસકારો તેમના પર આવનારા કાર્બન ટેક્સના બોજને હળવો કરવામાં સફળ થશે. યુરોપિયન સંઘના દેશોએ કાર્બન બોર્ડર એડજસ્ટમેન્ટ મિકેનિઝમ ઊભું કર્યું છે. પહેલી ઓક્ટોબર ૨૦૨૩થી આ લાગુ કરવામાં આવશે. આ મિકેનિઝમને કારણે ૨૦થી ૩૫ ટકા જેટલો કાર્બન ટેક્સ ભારતના નિકાસકારોએ ભરવાનો આવશે. પરંતુ કાર્બન ટેક્સ પહેલી જાન્યુઆરી ૨૦૨૬થી લાગુ કરવામાં આવશે.**



પણ પોતાની એજન્સીની રચના કરવી જોઈએ. તેના માધ્યમથી પણ કાર્બન ઉત્સર્જનનું મૂલ્યાંકન થાય તેવી વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.” બીજું, નાના અને મધ્યમ કદના એકમોને એજન્સીઓ દ્વારા કાર્બન ઉત્સર્જનની કરવામાં આવતી ચકાસણીની કાર્યપદ્ધતિ અંગે બહુ જાણકારી ન હોય તે સહજ છે. તેથી વિદેશની એજન્સીઓ જ તેમના દસ્તાવેજોનું ઓડિટ કરે તે ઉચિત નથી. ભારતીય એજન્સીઓ પણ તેમાં હોવી જોઈએ. યુરોપના દેશોની એજન્સીઓ દ્વારા તેને માટે લેવામાં આવનારો ચાર્જ પણ બહુ જ ઊંચો આવી શકે છે. આ ચાર્જને કારણે નાના અને મધ્યમ કદના એકમોના બિઝનેસના બધાં જ ગણિતો અને નફાકારકતા ખોરવાઈ જવાની સંભાવના રહેલી છે. રાજામણિનું કહેવું છે, “તેથી જ ભારત સરકારે આ કામ માટે નોડલ એજન્સી તરીકે બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સીની રચના કરવી જોઈએ.” જોકે યુરોપિયન સંઘના દેશોમાં પ્રોડક્શન કરતાં એકમોનું કાર્બન એમિશન ઓછું નથી જ નથી. તેમના થકી ઢગલો કાર્બન વાતાવરણમાં છોડવામાં આવી રહ્યો છે. યુરોપિયન સંઘના દેશો સહિતના વિકસિત દેશોનું ઈન્ડસ્ટ્રિયલાઈઝેશન ભારત કરતાં ઘણું વહેલું ચાલુ થયેલું છે. ભારતનું ઈન્ડસ્ટ્રીયલાઈઝેશન તેના પછી ચાલુ થયેલું છે. તેથી તેમના કાર્બન એમિશનના સમય ગાળા અન ભારતમાંથી શરૂ થયેલા કાર્બન એમિશનના ગાળાને ધ્યાનમાં લઈને પ્રોરેટાને ધોરણે એટલે કે સમપ્રમાણમાં કાર્બન એમિશનના ચાર્જ નક્કી કરવા જોઈએ. તેની સાથે જ સવાલ કરતાં રાજામણિ કૃષ્ણમૂર્તિએ જણાવ્યું હતું કે, “કાર્બન ટેક્સ લગાડ્યા પછી બીજા બધાં જે ટેક્સ લગાડવામાં આવે છે તે પાછા ખેંચી લેવામાં આવશે કે પછી ચાલુ રાખવામાં આવશે તે પણ સ્પષ્ટતા થઈ જવી જોઈએ. અન્યથા આ પણ એક પ્રકારની ટેરિફ બેરિયર જ ગણાશે.” આ તમામ મુદ્દે અત્યારથી જ ફોડ પાડવો જરૂરી છે. વાણિજ્યમંત્રાલયના સેક્રેટરી સુનિલ બર્થવાલે આ વાતને સમર્થન આપતા જણાવ્યું હતું કે યુરોપિયન સંઘના દેશો સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટના મુદ્દે ચર્ચા વિચારણા ચાલી રહી છે. આ ચર્ચા દરમિયાન



**મહેન્દ્ર શાહ, પ્રમોટર**
અર્ફિન ઈન્ડિયા લિમિટેડ

જ આ બધાં મુદ્દાઓ અંગે સ્પષ્ટતા માગી લેવામાં આવશે. પરિણામે આ સંદર્ભમાં કરી શકાય તેવા તમામ સૂચનો સાથે આગળ આવવા ભારતભરના ઉદ્યોગોને જણાવી દેવામાં આવ્યું છે. કાર્બન ટેક્સ અંગે ભારતભરમાંથી રજૂઆતો કરવા જણાવી દેવામાં આવ્યું છે. તેમાં એક વાત નિશ્ચિત છે કે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગોને કાર્બન ટેક્સની જોગવાઈમાંથી બાદ કરી દેવા પર ભાર મૂકવામાં આવશે. ભારત યુરોપિયન સંઘના દેશો સાથે નાના અને મધ્યમ ઉદ્યોગોની તેમાંથી બાદબાકી કરવાને મુદ્દે કરાર કરવા પણ તૈયાર છે. વિશ્વ વેપાર સંઘમાં પણ આ મુદ્દો ઊઠાવવામાં આવશે. આ એક પ્રકારનું ટ્રેડ બેરિયર જ છે તે લાઈન પર રજૂઆત કરવામાં આવશે.

### બિઝનેસનો મોટો હિસ્સો ખેંચી લેવાની એક ચાલ

કાર્બન ટેક્સની સિસ્ટમની સમજી શકતા નિષ્ણાતોનું માનવું છે કે કાર્બન ટેક્સને કારણે ડેવલપ કંટ્રી તરફ મોટો બિઝનેસ ખેંચાઈ જવાની સંભાવના રહેલી છે. ભારતમાં બનાવવામાં આવેલું પ્રોડક્ટ્સ વિકસિત દેશોના પ્રોડક્ટ્સ કરતાં સસ્તું હોવા છતાંય તેના પર ૩૦ ટકાની આસપાસ લાગનારો કાર્બન ટેક્સ તેના પ્રોડક્ટ્સને મોંઘા બનાવી દેશે. પરિણામે ભારતે નિકાસનું મોટું બજાર ગુમાવવાની ફરજ પડી શકે તેમ છે. તેથી રાજા મણિ કૃષ્ણ મૂર્તિ કહે છે, “આ એક નોન ટેરિફ બેરિયર છે. હરીફોને માત આપી મોટો ધંધો પડાવી લેવાની આ એક ચાલ જ છે. મોંઘા પ્રોડક્ટ્સ બનાવીને બજારમાં મૂકનારાઓની આ એક યુક્તિ જ છે.”

## કાર્બન ઉત્સર્જન ઘટાડવા સોલાર પાવરનું સ્ટોરેજ કરી રાત્રે ઉપયોગ કરાવો જરૂરી

ગુજરાત સરકાર તેની સોલાર પાવર પ્રોડક્શનની પોલીસીમાં સાતત્ય રાખશે તો કાર્બન ટેક્સની આવનારી જવાબદારીનો સામનો કરવામાં ઉદ્યોગો સફળ થશે. અર્ફિન ઈન્ડિયાના પ્રમોટર મહેન્દ્ર શાહ કહે છે, “સોલાર પાવર અને વિન્ડ પાવરના જનરેશન અને વપરાશ તરફ નાના અને મધ્યમ ઉદ્યોગો વધુ વળે તે માટે તેમને એડિશનલ પ્રોત્સાહનો આપવો જોઈએ.” સોલાર પેનલના સ્થાનિક ઉત્પાદકોને પણ વધુ સારા પ્રોત્સાહન આપીને સોલાર પાવરનું સ્ટોરેજ કરવા પર અને રાત્રિ દરમિયાન તેનો વપરાશ કરવા પર ફોકસ કરી શકાય છે. બેટરીમાં સ્ટોરેજ કરીને સોલાર પાવરનો રાત્રિ દરમિયાન ઉપયોગ કરીને કાર્બન ઉત્સર્જન ઘટાડવાનો વિકલ્પ એક શ્રેષ્ઠ વિકલ્પ છે. નાના મોટા દરેક ઔદ્યોગિક એકમો પોતે જ પેદા કરેલી વીજળીનો રાત્રિ દરમિયાન ઉપયોગ કરે તે સમય આવી ગયો છે. તેનો ઉપયોગ કરવામાં આવે તે પણ જરૂરી છે. વિન્ડ પાવર માટે પણ વિકસિત દેશોએ દરેક ઘરે ઘરે બેસાડી શકાય તેવી મિનિ વિન્ડ મિલ ડેવલપ કરવા માંડી છે. આ મિનિ વિન્ડ મિલનો ઉપયોગ વધે તો તેની કિંમત નીચે આવી શકે છે. આ મિનિ વિન્ડમિલનો પણ ગુજરાતમાં ઉપયોગ વધે તે માટે પ્રયાસ કરવા પણ જરૂરી છે.



ISO 9001:2015 & ISO 14001:2015
GMP & GLP CERTIFIED COMPANY

Sabari Chemicals Pvt. Ltd.

Ingenuity with excellence ! Since 1983

QUALITY VISION INNOVATION TECHNOLOGY

We Manufacture

Benzyl Alcohol FFC/IP/BP/USP/EP Injectable Grade
Benzyl Acetate
Benzyl Benzoate FFC/IP/BP/USP/EP Grade
Benzyl Cyanide
Benzyl Acetone (Benzylidene Acetone)
Beta Naphthoxy Acetic Acid
Valero Nitrile (Butyl Cyanide)
1-Acetyl Naphthalene
Alpha Naphthyl Acetic Acid
Alpha Naphthalene Acetamide
Alpha Naphthalene Acetic Acid (Sodium Salt)

**A2 / 236, G.I.D.C.,**
Nandesari Industrial Estate,
Dist. Vadodara - 391 340.Gujarat.India.
**Phone:** +91 - 265-2840429 / 9727914103
Mobile: +91 - 9824014103
**Email:** info@sabarichemicals.com
sabarichemicals1001@gmail.com
vinod@sabarichemicals.com
**Website:** www.sabarichemicals.com

# વિલ બનાવવાનું વિચારી રહ્યા છો? આ ૧૧ ભૂલો કરવાનું ટાળો

વ્યક્તિ પોતાના મરણ બાદ મિલકતની વહેંચણી કોની વચ્ચે, કેવી રીતે કરવા માંગે છે તે દસ્તાવેજને વિલ કે વસિયતનામા તરીકે ઓળખવામાં આવે છે. આ એક કાયદાકીય દસ્તાવેજ છે અને માટે જ તેના પર વિલ બનાવનારની સહી હોવી, તેને નોટરાઈઝડ કરાવવું, રજિસ્ટર કરાવવું અને સમયાંતરે અપડેટ કરાવવું ખૂબ જરૂરી છે. જો માન્ય વસિયતનામા વિના વ્યક્તિનું મરણ થાય તેવા સંજોગોમાં લાગુ પડતા કાયદા અનુસાર મિલકતની વહેંચણી થાય છે. પરંતુ તેને કારણે પરિવારમાં વિખવાદ ઊભા થવાની સંભાવના વધી જાય છે. વિલનો બીજો ફાયદો એ છે કે વ્યક્તિને માનસિક શાંતિ મળે છે. સારી રીતે બનાવેલા વિલથી તમારી મિલકતની વહેંચણી તમે ઈચ્છો તે રીતે થઈ શકે છે.

વિલ ખૂબ અગત્યનો દસ્તાવેજ છે. આથી જો તેને ડ્રાફ્ટ કરવામાં નાની સરખી પણ ભૂલ થાય તો તેનાથી મૂંઝવણ ઊભી થઈ શકે છે અને વિલ બનાવવાની તમારી સઘળી મહેનત પર પાણી ફરી વળી શકે છે. આથી વિલ ડ્રાફ્ટ કરતી વખતે ખૂબ જ કાળજી રાખવી જોઈએ. શક્ય હોય તો કાયદાના નિષ્ણાંતના માર્ગદર્શન હેઠળ જ વિલ બનાવવું જોઈએ. જો આપ વસિયતનામું બનાવી રહ્યા હોવ, અથવા બનાવવાનો વિચાર હોય તો આ ભૂલો ન થાય તે બાબતનું ખાસ ધ્યાન રાખજો.

**૧. જોડણીની ભૂલઃ**

ભારતમાં જ્યારે કાયદાકીય દસ્તાવેજોનો અભ્યાસ થાય ત્યારે જોડણીની ખરાઈ પર ખાસ ભાર આપવામાં આવે છે. ઉદાહરણ તરીકે, તમારા ઓળખપત્ર અને એડ્રેસના પુરાવામાં તમારા નામનો સ્પેલિંગ જુદો જુદો હશે તો ઓથોરિટી તમને આધાર કાર્ડ કે વોટર આઈડી જેવા અગત્યના દસ્તાવેજો ઈશ્યુ કરવાની જ ના પાડી દેશે. આથી એ વાતની ખાતરી કરો કે અન્ય લીગલ ડોક્યુમેન્ટ્સમાં નામ જે રીતે લખાયા હોય તે જ રીતે વિલમાં નામ લખાય. આ અંગે વાત કરતા એડવોકેટ શૈવલ ભટ્ટ જણાવે છે, "ભારતમાં વ્યક્તિના જુદા જુદા રેકોર્ડમાં અલગ નામ હોવાનું જોવા મળે છે. દાખલા તરીકે અશોકભાઈ, અશોક, અશોકકુમાર. ઘણી વાર પિતાનું નામ પણ જુદી જુદી રીતે લખાયેલું હોય છે. વિલમાં મૂંઝવણ ટાળવા માટે તમારા નામનો જુદી જુદી જગ્યાએ જે રીતે ઉલ્લેખ હોય, તમારું બીજું નામ બોલાતું કે વપરાતુ હોય તો ઉર્ફે લખીને તે તમામ નામનો ઉલ્લેખ કરવો જોઈએ. શક્ય હોય તો તમારી હયાતીમાં જ ડ્યુઅલ નેમ એફિડેવિટ કરાવી લેવી જોઈએ."

**૨. સ્થળ, તારીખ વગેરે સાચી લખોઃ**

વિલના અમલમાં બીજી મોટી બાધા બને છે વિલમાં લખાયેલી ખોટી વિગતો. ઘણી વાર વિલમાં તારીખ, સ્થળ વગેરેને લગતી ભૂલો થઈ જાય છે. વિલની ખરાઈમાં સ્થળ અને તારીખ મોટો ભાગ ભજવે છે. આથી તેનો સ્પષ્ટ ઉલ્લેખ જરૂરી છે. આ માટે નીચેની બાબતો ખાસ ધ્યાન રાખો.

- તમારા નામનો વિલમાં ઉલ્લેખ અવશ્ય કરો.
- તારીખ આંકમાં અને શબ્દમાં એમ બંને રીતે લખો. દા.ત, ૧૨-૦૧-૨૦૧૫, બાર જાન્યુઆરી બે હજાર પંદર.
- તમારું પૂરેપૂરું એડ્રેસ લખો.
- વિલના પાનાનું નંબરિંગ યોગ્ય રીતે કરો.
- તમે વિલ કઈ જગ્યાએ બનાવ્યું છે તે જગ્યાનો ઉલ્લેખ કરો.
- દરેક પાના પર તમારી સહીં અને અંગૂઠાનું નિશાન કરો.
- વિલમાં તમે જે જે લાભાર્થીઓનો ઉલ્લેખ કર્યો છે તેની સાથે તમારા શું સંબંધો છે તેનો ઉલ્લેખ કરો.



**ઉપેન્દ્ર ભટ્ટ**
એડવોકેટ

વિલને લીગલી રજિસ્ટર કરાવવું ફરજિયાત નથી. આથી જો વિલ બનાવનાર વ્યક્તિના દરેક પાના પર હસ્તાક્ષર અને અંગૂઠાના નિશાન ન હોય તો કોઈ પણ તેને કાલ્પનિક દસ્તાવેજ તરીકે ઉપજાવી શકે છે. તમારા વિલને માન્યતા મળે તે માટે દરેક પાના પર સહી કરો. જ્યાં સહી કરવી શક્ય ન હોય તો અંગુઠો કરી સાક્ષીની હાજરીમાં અંગુઠો કરેલ છે તેવું લખવું.

**૩. સ્પષ્ટતાનો અભાવઃ**

વિલમાં લખાયેલા દરેક વાક્યમાં તમારા ઈરાદા સ્પષ્ટ થવા જોઈએ. સંદિગ્ધ રીતે લખેલા વાક્યો મૂંઝવણ ઊભી કરે છે અને લાભાર્થીઓ વચ્ચે ગેરસમજની શક્યતા વધી જાય છે. દાખલા તરીકે, "મારા બેન્ક એકાઉન્ટમાં પડેલી રકમ મારી દીકરી અને પત્ની વચ્ચે વહેંચી દેવી." આ વાક્યમાં બંને વચ્ચે રકમ કેટલા ભાગમાં વહેંચવાની છે તેની સ્પષ્ટતા નથી. આપણી વિદાય પછી પ્રિયજનો એક





પરિવાર તરીકે રહેશે તેવી અપેક્ષા દરેક વ્યક્તિ રાખે તે સ્વાભાવિક છે. પરંતુ વિલ જેવો કાયદાકીય દસ્તાવેજ બનાવતી વખતે કોઈ પણ બાબત સંદિગ્ધ રાખવી નહિ. આથી આ જ વાક્ય તમે આ રીતે લખી શકો છો- "મારા બેન્ક એકાઉન્ટમાં પડેલી રકમ મારી દીકરી અને પત્ની વચ્ચે સરખા ભાગે વહેંચી દેવી."

**૪.શપથ લેવાનું ન ભૂલશોઃ**

વિલ બનાવનાર વ્યક્તિએ દબાણમાં વિલ બનાવ્યું છે અથવા તો વિલ બનાવતી વખતે તે હોશોહવાસમાં નહતા તે દલીલના આધારે વિલ ચેલેન્જ થઈ શકે છે. આથી તમારું વિલ બનાવતી વખતે નીચેની શપથ લેખિતમાં લેવી જરૂરી છે.

"ઉપરોક્ત વિગતનું વિલ યાને વસિયતનામું મેં મારી રાજીખુશીથી, અક્કલ હોંશિયારીથી, વાંચી, વંચાવી, સાંભળી, સમજાવી, વિચારીને, તન-મનની સાવધ અવસ્થામાં તેમજ બિનકેફ હાલતમાં કોઈપણ જાતના દાબ-દબાણ વિના બે સ્વતંત્ર સાક્ષીની હાજરીમાં કરે છે. આ વિલ મને તથા મારા વંશ, વાલી, વારસ ઈત્યાદિ તમામને બંધનકર્તા રહેશે. આ અગાઉ ભૂતકાળમાં મેં કોઈ વિલ કે કોડિસિલ બનાવ્યું હોય, કે કોઈ વિલ કે કોડિસિલ મળી આવે તો તેને રદબાતલ ગણવું. "

**૫. એક્ઝિક્યુટરની નિમણૂંક કરવાનું ભૂલી જવુંઃ**

તમારી ગેરહાજરીમાં વસિયતનામામાં જણાવ્યા મુજબ વહેંચણી થાય છે કે નહિ તેની ખાતરી કરવા માટે કોઈ તટસ્થ વ્યક્તિની જરૂર પડશે. આ હેતુથી તમારે વિલને એક્ઝિક્યુટ કોણ કરાવશે તેનું નામ લખવું જરૂરી છે. તે વ્યક્તિ તમારા પરિવારજન હોઈ શકે છે. પરંતુ તમે કોઈ વકીલને એક્ઝિક્યુટર તરીકે એપોઈન્ટ કરો તે વધારે યોગ્ય છે. ખાસ ધ્યાન રાખો કે ૧૮ વર્ષથી ઓછી વયની સગીર વ્યક્તિની એક્ઝિક્યુટર તરીકે નિમણૂંક કરી શકાય નહિ.

**૬. સગીરને મિલકત આપવીઃ**

જો તમે મિલકત કોઈ સગીરને આપવા માંગતા હોવ તો તમારે તેમના માટે વાલી કે





**શૈવલ ભટ્ટ**
એડવોકેટ

લીગલ ગાર્ડિયનની નિમણૂંક કરવી ફરજિયાત છે. નિયમ મુજબ તેઓ મિલકતના માલિક બની શકતા નથી. આ સંજોગોમાં તમે ગાર્ડિયનની નિમણૂંક નહિ કરી હોય તો કોર્ટ મામલામાં દખલ દઈને મિલકતની દેખરેખ માટે કેરટેકર લીગલ ગાર્ડિયનની નિમણૂંક કરવી પડશે.

**૭. દેવાનો ઉલ્લેખ ભૂલી જવોઃ**

તમારું દેવું પણ તમારી મિલકતનો હિસ્સો છે. દેવું ચૂકતે ન થાય ત્યાં સુધી મિલકત લાભાર્થીને મળી શકતી નથી. આથી વસિયતનામાંમાં તમારા દેવાનો અને તમે તેને કેવી રીતે સેટલ કરવા માંગો છો તેનો ખાસ ઉલ્લેખ કરો.

**૮. સાક્ષી ન રાખવાઃ**

વિલને કાયદાકીય રીતે માન્ય બનાવવા માટે તે બે સાક્ષીની હાજરીમાં લખાય તે જરૂરી છે. સાક્ષી એ વ્યક્તિ બની શકે જે વિલમાં લાભાર્થી ન હોય. સાક્ષીની ઉંમર કમસેકમ ૧૮ વર્ષ હોવી જોઈએ, તો જ તે વિલ પર સહીં કરી શકે છે. વિલ સાથે સાક્ષીના ઓળખના પુરાવા એટેચ કરવા જરૂરી છે. તેમાં તેમના નામ, એડ્રેસ, મોબાઈલ નંબર સાચી રીતે લખાયેલા હોય તેની ખાસ ખાતરી કરી લો. વિલના સાક્ષી નીમવામાં ઘણા લોકો મોટી ભૂલ એ કરી બેસે છે કે તેઓ પોતાની સમાંતર ઉંમરના કે પછી પોતાથી મોટી ઉંમરના લોકોને સાક્ષી તરીકે ચૂંટે છે. એડવોકેટ ઉપેન્દ્ર ભટ્ટ આ બાબત પર પ્રકાશ પાડતા જણાવે છે, "આવા કિસ્સામાં ઘણી વાર વિલ બનાવનાર પહેલા સાક્ષીનું મૃત્યુ થઈ જાય તો વિલ બનાવનારના અવસાન પછી તેની ખરાઈ કરવા માટે કોઈ રહેતું નથી. આથી સાક્ષી હંમેશા એવા જ વ્યક્તિને નીમવા જોઈએ જે ઉંમરમાં તમારા કરતા નાના હોય અને સ્વસ્થ હોય. વળી, પ્રોપર્ટીનો મામલો કોર્ટમાં પહોંચે ત્યારે તે કોર્ટમાં હાજરી આપવા પણ સક્ષમ હોવા જોઈએ."

તેની આંટીઘૂંટીઓને વધુ સમજાવતા શૈવલ

ભટ્ટ જણાવે છે, "આદર્શ રીતે તો વિલ બનાવતી વખતે જ સાક્ષીની એફિડેવિટ લઈ લેવી જોઈએ કે વિલ તેમની હાજરીમાં સાઈન થયું છે. ભવિષ્યમાં વિખવાદ થાય ત્યારે સાક્ષી હયાત ન હોય કે વિદેશ લાંબો સમય રોકાણ માટે ગયા હોય ત્યારે વિલના અમલીકરણમાં બાધા આવે છે. આથી સાક્ષીની એફિડેવિટ હોય તો વિલનું તાત્કાલિક અમલીકરણ શક્ય બને છે." આવી એફિડેવિટ કોઈપણ કાયદાકીય પ્રક્રીયાનું પહેલું પગથીયું છે.

### ૯. એક જ મિલકતની ઘણા બધા વચ્ચે વહેંચણીઃ

એક જ મિલકત ઘણા બધાને વહેંચવામાં આવે તો ભવિષ્યમાં તેને કારણે વિખવાદ થવાની સંભાવના વધી જાય છે. તમારા વિલના માધ્યમથી આ પ્રકારની મૂંઝવણ ઊભી ન થાય તેની ખાત્રી કરી લો. પરિવારના દરેક સભ્ય સાથે તટસ્થ રહેવું જરૂરી છે પરંતુ એક જ પ્રોપર્ટીમાં બધાના નામ નાંખી દેવા યોગ્ય નથી. આ કારણે પરિવારમાં ઝઘડાના બીજ રોપાય છે.

### ૧૦. બધું જ આપી દેવુંઃ

ઘડપણમાં તમે ઘણી બીમારીઓનો શિકાર બની શકો છો. તમારા સ્વાસ્થ્યની જાળવણી માટે તમારે મોટી રકમની જરૂર પડશે. આથી વિલમાં બધું જ બીજાને આપી દેવા કરતા તમે જીવિત હોવ ત્યાં સુધી તમારા માટે આર્થિક વ્યવસ્થા કરી લેવી જરૂરી છે. આથી વિલ બનાવતી વખતે તમને જીવન નિર્વાહ માટે કેટલા રૂપિયાની જરૂર પડશે તે બાબત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ.

### ૧૧. નિષ્ણાંતની સલાહ લેવીઃ

તમે વિલ જાતે લખી જ શકો છો પરંતુ તેમાં કાયદાના નિષ્ણાંતની સલાહ લેવી જરૂરી છે. આમ કરવાથી કાયદાકીય દષ્ટિએ તમારો દસ્તાવેજ વધુ મજબૂત અને અસરકારક બની રહેશે. તમે જાતે બનાવેલા વિલને કોર્ટમાં પડકારી શકાય છે અને વિલનું અમલીકરણ પાછું ઠેલાતું જાય છે. આથી વિલ બનાવતી વખતે નિષ્ણાંતની સલાહ લઈને જ વિલ બનાવવું જોઈએ.



## વિલની ઓછી જાણીતી પણ મહત્વની બાબતોઃ

- ૧૮ વર્ષ કે તેથી મોટી વયના કોઈ પણ પુખ્ત હિન્દુ સ્વપાર્જિત મિલકત માટે વિલ બનાવી શકે છે. તે પુખ્ત અને માનસિક રીતે સ્વસ્થ હોવા જરૂરી છે.
- મુસ્લિમ, પારસી, ખ્રીચયન સિવાય અન્ય ધર્મના લોકોને ઈન્ડિયન સક્સેશન એક્ટ લાગુ પડે છે.
- હિન્દુ વ્યક્તિ વિલ બનાવ્યા વિના ગુજરી જાય તો મિલકત કાયદેસરના સીધી લીટીના વારસદારોને મળે છે.
- વિલ વિના ગુજરી ગયેલ વ્યક્તિની મિલકતમાં પુત્રીઓનો સમાન હિસ્સો હોય છે. પુત્ર કે પુત્રી હયાત ન હોય અને પરિણિત હોય તો તેમના પરિવારજનોને મિલકતમાં ભાગ મળે છે.
- વસિયતનામું ન હોય તો પ્રોપર્ટીમાં ભાગ મેળવવા કોર્ટમાંથી સક્સેશન સર્ટિફિકેટ લેવું પડે છે. આ પ્રક્રિયા ખર્ચાળ અને સમય માંગી લે તેવી છે.
- ગુજરાત રાજ્યમાં વારસાઈ હક મેળવવા પ્રોબેટની જરૂર નથી. પ્રોબેટની જરૂર ફક્ત ભારતના મૂળ ચાર મેટ્રો શહેરોમાં જ પડે છે.
- મિલકતમાં એકથી વધુ વ્યક્તિનું નામ હોઈ શકે છે, પરંતુ જેણે મિલકત ખરીદવા માટે પૈસા ખર્ચ્યા હોય, અથવા જેના નામે પૈસા ખર્ચ કરવાનો રેકોર્ડ બોલતો હોય તેને જ મિલકતના માલિક ગણવામાં આવે છે, અને તે જ વ્યક્તિને વિલમાં મિલકત કોને મળવી જોઈએ તે નક્કી કરવાનો અધિકાર છે.
- વિલ વ્યક્તિ ધારે તેટલી વાર બદલી શકે છે. વિલને નોટરાઈઝ્ડ કે રજિસ્ટર કરાવવું ફરજિયાત નથી, પરંતુ હિતાવહ છે. વ્યક્તિએ અવસાન પહેલા બનાવેલું છેલ્લું વિલ રજિસ્ટર ન કરાવેલું હોય તો પણ તે જ માન્ય ગણવામાં આવે છે. સાદા વિલને કોઈ બેન્ક કે સરકારી ઓથોરિટી નકારી શકે નહિ.
- વિલ બનાવ્યા પછી નવી એસેટ કે મિલકત ખરીદી હોય અને તેની ફાળવણી કરવી હોય તો આખું વિલ બદલવાની જરૂર નથી, કોડિસિલની મદદથી વ્યક્તિ તે ઉમેરો કરી શકે છે.
- વિલમાં વિલ બનાવનાર અને સાક્ષીની સહી હોવી ખૂબ જ આવશ્યક છે. જો ક્યાંક ભૂલ કે ચેકચાક થઈ હોય તો વિલ બનાવનારની નાની સહી ત્યાં હોવી જરૂરી છે.
- સાક્ષી અને વિલ બનાવનારે દરેક પાના પર સહી કરવી જરૂરી છે. પરંતુ સાક્ષીને વિલમાં શું લખ્યું છે તે જાણવાનો અધિકાર નથી. વિલ બનાવનાર તે વાત બધાથી ગુપ્ત રાખી શકે છે.
- વિલમાં વહુ, દીકરા કે પરિવારજનોને આપેલી મિલકત પર ક્લબિંગની પ્રોવિઝન લાગુ પડતી નથી.
- વિલ બનાવીએ ત્યારે સંતતિની આવક અને ટેક્સની જવાબદારીને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવા જોઈએ. જે ઓછા સ્લેબમાં આવતા હોય તેમને સંપત્તિની ફાળવણી કરીને HUF ટેક્સની બચત કરી શકે છે.
- વારસામાં મળેલી મિલકત પર વારસદારે વધારાનો ટેક્સ ભરવો પડતો નથી.
- જો દીકરીઓ કે કોઈ વારસદારો મિલકતમાં હક જતો કરવા તૈયાર હોય તો તે ૩૦૦ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી ભરીને વારસાઈ રૂએ હક જતો કરવાનો દસ્તાવેજ તૈયાર કરાવી શકે છે.
- વિલમાં જ્યારે મકાન કે જમીન વારસદારને આપવાની હોય ત્યારે પોસ્ટલ એડ્રેસના બદલે સરકારી રેકોર્ડમાં તેનું જે સરનામું નોંધાયું હોય તે લખવું હિતાવહ છે. દાખલા તરીકે, પ્રોપર્ટીના દસ્તાવેજમાં કયા ગામની કઈ સીમના પ્લોટ નંબર પર મકાન બાંધવામાં આવ્યું છે તેનો ઉલ્લેખ હોય છે. વિલમાં આ સરનામું લખાવું જોઈએ.
- મ્યુનિસિપાલિટીના પ્રોપર્ટી ટેક્સ બિલમાં આઠ આંકનો નંબર આપવામાં આવે છે જે પ્રોપર્ટીની ઓળખ દર્શાવે છે. વિલમાં આ આંકનો ઉલ્લેખ કરવાનું ભૂલવું જોઈએ નહિ.

# મર્જર તથા એક્વિઝિશનઃ
# કંપનીઓએ શું ધ્યાન રાખવું જોઈએ?



મારિષા સાગર શાહ

૨૦૨૨નું વર્ષ મર્જર તથા એક્વિઝિશનની દૃષ્ટિએ ભારતનું હાલ સુધીનું શ્રેષ્ઠ વર્ષ હતું. એક જ વર્ષમાં કંપનીઓ વચ્ચે $૧૯૧ બિલિયનના ટ્રાન્ઝેક્શન થયા હતા. અર્થાત્ ઘણી મોટી કંપનીઓએ નાની કંપનીઓને પોતાનામાં સમાવી લીધી હતી. તેમાં વિદેશી અને ભારતીય બંને કંપનીઓનો સમાવેશ થાય છે. અગાઉ ભારતીય માર્કેટમાં કંપનીઓના મર્જર અને એક્વિઝિશન માટે આટલી હિલચાલ અગાઉ ક્યારેય જોવા નથી મળી.

વર્ષ ૨૦૨૩માં પણ આ સિલસિલો ચાલુ રહે તેવી સંભાવના છે. તેના મુખ્ય બે કારણ છે. આંતરરાષ્ટ્રીય જિયોપોલિટિકલ ટેન્શનને કારણે વિદેશી કંપનીઓ દક્ષિણ એશિયાના માર્કેટમાં ડાયવર્સિફિકેશન માટે નજર દોડાવી રહી છે અને તેમાં ભારત તેમનું લોકપ્રિય માર્કેટ છે. બીજું, કોરોના બાદ ચીન કરતા અન્ય દક્ષિણ એશિયાના દેશોને પ્રાધાન્ય મળી રહ્યું છે. તેને કારણે ભારતમાં ઘણા વધારે મર્જર્સ અને એક્વિઝિશન જોવા મળી રહ્યા છે.

આનો અર્થ એ પણ થાય કે ભારતની નાની કંપનીઓ માટે મોટી કંપનીઓ સાથે ભળવાની ઉત્તમ તક છે. જો કે આ પ્રક્રિયા સરળ નથી. તેમાં અનેક કાયદાકીય બાબતોનું ધ્યાન રાખવું પડે છે.

### મર્જર એટલે શું?

મર્જર એટલે બે કે વધુ કંપનીઓ મળીને એક નવી એન્ટિટી બનાવે તે. મર્જરમાં બે કે તેથી વધુ કંપનીઓ તેમની મૂડી, દેવું, જવાબદારીઓ, કામકાજ એકબીજા સાથે જોડી દેવાની સહમતિ આપીને સાથે મળીને એક મોટી કંપની બનાવે છે. વોડાફોન-આઈડિયા મર્જરનું એક જાણીતું ઉદાહરણ છે. મર્જર લગભગ બે સરખા સ્તરની કંપનીઓ વચ્ચે થાય છે. મર્જર બાદ એક નવી કંપની બને છે જેનું પોતાનું નામ, ઓળખ હોય છે અને આ નવી કંપનીના શેર્સ શેરહોલ્ડરોને આપવામાં આવે છે.



### એક્વિઝિશન એટલે શું?

એક કંપની બીજી કંપનીનો વધારે સ્ટેક લઈને તેને નિયંત્રણમાં લઈ લે તેને એક્વિઝિશન કહેવામાં આવે છે. એક્વિઝિશનમાં એક્વાયર કરનારી કંપની નાની કંપનીની મૂડી, ઓપરેશન્સ અને દેવા પર નિયંત્રણ મેળવે છે. દાખલા તરીકે, અદાણી ગ્રુપે રૂ. ૬૦૦ કરોડમાં NDTVમાં ૨૭.૨૬ ટકા સ્ટેક મેળવીને NDTVને એક્વાયર કરી હતી. એક્વિઝિશનમાં કંપની કેવી રીતે ચાલશે તેને લગતા તમામ નિર્ણય તેને ખરીદનાર કંપની દ્વારા કરવામાં આવે છે.

બિઝનેસમાં ઝડપી વિકાસ માટે મર્જર તથા એક્વિઝિશન ભારતીય કંપનીઓ માટે એક મહત્વનું સાધન બની ગયા છે. ઘણા ઉદ્યોગો તેનો સમાવેશ બિઝનેસ સ્ટ્રેટેજીમાં પણ કરે છે. ખાસ કરીને ઈન્ફોર્મેશન

## અનેક પ્રકારના ડ્યુ ડિલિજન્સ પછી પાર પડે છે M&Aની પ્રક્રિયાઃ

ઈન્વેસ્ટમેન્ટ બેન્કર કૃતિન પટેલે જણાવ્યું કે મર્જર તથા એક્વિઝિશનની પ્રક્રિયામાં અનેક પ્રકારના ડ્યુ ડિલિજન્સ (ડીડી)ની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. લીગલ ડીડીમાં કંપનીના રજિસ્ટ્રેશન, તેના કોઈ કેસ ચાલતા હોય, પેટન્ટ વગેરે સહિતની અનેક બાબતોની ઝીણવટપૂર્વક તપાસ કરવામાં આવે છે. ટેક્સ ડીડીમાં જીએસટી, ઈન્કમટેક્સનો રેકોર્ડ, લાયેબિલિટી વગેરે ચેક કરાય છે. એકાઉન્ટિંગ અને ફાયનાન્સ ડીડીમાં ચોપડાની ખરાઈ કરવામાં આવે છે. આઈટી કંપની કે ટેક્નોલોજી સાથે સંકળાયેલી કંપનીને કોઈ અન્ય કંપની એક્વાયર કરતી હોય તો તેનું ટેક્નિકલ ડિલિજન્સ પણ થાય છે. તેમાં કંપનીએ ડેવલપ કરેલા સોફ્ટવેર કોડ, તેની સ્કેલેબિલિટી વગેરેનું પરીક્ષણ થાય છે. વેચનારે આ બાબત ધ્યાન રાખીને તમામ રેકોર્ડ્સ હાથવગા રાખવા જોઈએ. આમ કરવાથી ડીડીની પ્રક્રિયા સરળતાથી અને ઝડપથી પૂરી થઈ શકે છે. સામાન્ય રીતે આ પ્રક્રિયા બેથી ત્રણ મહિના ચાલતી હોય છે. ડીડીની પ્રક્રિયા બાદ ખરીદનાર કંપનીના વકીલ નક્કી કરે છે કે મર્જર તથા એક્વિઝિશનનો ડોક્યુમેન્ટ કયા પ્રકારનો બનશે. તે કાં તો બિઝનેસ એક્વિઝિશનને લગતો હોઈ શકે, શેર પરચેસ એગ્રીમેન્ટ હોઈ શકે કે પછી શેરહોલ્ડર કે જોઈન્ટ વેન્ચર એગ્રીમેન્ટ પણ હોઈ શકે. કોન્ટ્રેક્ટમાં કંપની વેચનાર અમુક વર્ષો સુધી સમાન ક્ષેત્રમાં બિઝનેસ ન કરી શકે તેવી શરત પણ મૂકેલી હોય છે.



ટેક્નોલોજી, ટેલિકોમ્યુનિકેશન્સ, બિઝનેસ પ્રોસેસ આઉટસોર્સિંગ (BPO) સેક્ટરમાં કદ વધારવા, અને અસ્તિત્વ વધુ મજબૂત બનાવવા માટે કંપનીઓ મર્જર તથા એક્વિઝિશનનો સહારો લેતી હોય છે.

મર્જર તથા એક્વિઝિશનના મુખ્ય ત્રણ ફાયદા છે. એક તો કંપનીના ગ્રાહકોની સંખ્યા આપોઆપ વધી જાય છે. કંપની બીજી કંપની સાથે મર્જ થાય કે તેને એક્વાયર કરે તો અન્ય કંપનીના તૈયાર કસ્ટમર બેઝનો ફાયદો મળી જાય છે. આ ઉપરાંત કંપની કદ વધારીને પ્રતિસ્પર્ધીઓ પર હાવી થઈ શકે છે. મર્જર અને એક્વિઝિશન એ કંપની માટે એક સાવ નવા માર્કેટ કે પ્રોડક્ટ સેગમેન્ટમાં પ્રવેશવા માટે પણ ખૂબ સારા વિકલ્પ છે. જો જાણીતી બ્રાન્ડ સાથે મર્જર થાય તો કંપની માટે વિકાસ સાધવો વધુ સરળ બની જાય છે. આ ઉપરાંત મર્જર કે એક્વિઝિશનથી ટેક્સની જવાબદારીઓ પણ ઘટાડવામાં મદદ મળે છે. કંપનીઓ એક એન્ટિટિના કુલ નુકસાનને અન્ય

# મર્જર કે એક્વિઝિશનની પ્રક્રિયા કેવી રીતે હાથ ધરાય છે?

જ્યારે કોઈ કોર્પોરેટ કંપની મર્જર કે એક્વિઝિશન અંગે વિચારે ત્યારે તે પોતાના બિઝનેસની જરૂરિયાત, એક્સપાન્શનના આયોજન, ભવિષ્યમાં વિકાસની સંભાવનાઓ, પોતાની આર્થિક સ્થિતિ વગેરે અનેક બાબતોને ધ્યાનમાં રાખે છે. કંપની મર્જર કરવા માંગતી હોય અથવા તો અન્ય કંપનીને હસ્તગત કરવા માંગતી હોય ત્યારે તેણે પોતે કેટલું ફંડ રેઈઝ કરી શકશે, પેમેન્ટ ઈક્વિટીના સ્વરૂપમાં કરશે કે કેશમાં વગેરે બાબતો અંગે વિચાર કરી લેવો જોઈએ.

સામાન્ય રીતે કંપનીઓ મર્જર કરવા માંગતી હોય તો માર્કેટમાં કયા પ્લેયર સાથે હાથ મિલાવી શકાય તેની તલાશ કરે છે. આ પ્રક્રિયા કંપની કાં તો પોતે કરે છે, અથવા તેની જવાબદારી કન્સલ્ટન્ટને સોંપે છે. સામાન્ય રીતે કન્સલ્ટન્ટ પાસે કંપનીઓના ડેટાબેઝ હોય છે જેમાં કંપની મર્જર માટે યોગ્ય છે કે નહિ તેની બધી જ વિગતો શામેલ હોય છે. આ રીતે એક કે બે કંપની પર પસંદગી ઉતારીને તેમની સાથે વાટાઘાટો ચાલુ થાય છે. મર્જર કે એક્વિઝિશન વખતે એપ્રોચ કરનાર કંપનીએ એ વાત પર ફોકસ રાખવું જોઈએ કે તે શા માટે આ પગલું ભરવા માંગે છે? શું તેને ડીલર્સનું નેટવર્ક વિસ્તારવું છે? શું તે કસ્ટમર બેઝ વધારવા માંગે છે? શું તે સાવ નવા સેગમેન્ટમાં પ્રવેશ કરવા માંગે છે? આ અંગે સ્પષ્ટતા મળે પછી તમે જે કંપની સાથે હાથ મિલાવો છો તે તમારા સેગમેન્ટમાં મજબૂત છે કે નહિ તેની ચકાસણી કરીને નિર્ણય લેવો જોઈએ.



**નિલેશ ગુપ્તા,**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ



**કૃતિન પટેલ**
પાર્ટનર, ટ્રુ એડવાઈઝર્સ

ટ્રુ એડવાઈઝર્સ ફર્મના પાર્ટનર અને ઈન્વેસ્ટમેન્ટ બેન્કર કૃતિન પટેલ જણાવે છે કે મર્જર તથા એક્વિઝિશનની પ્રક્રિયા દેખાય છે તેના કરતા ઘણી વધારે ગૂંચવાડા ભરેલી છે. ઉપરાંત મર્જર તથા એક્વિઝિશન માટે જેટલા પ્રસ્તાવો આવે છે તેના ૬૦થી ૭૫ ટકા ડીલ તો ફાઈનલ પણ નથી થતી, કોઈ તબક્કે વાત અટકી જાય છે. તેઓ જણાવે છે, “મર્જર અને એક્વિઝિશનની સફળતાનો મદાર ખરીદનાર વેચનારનો એપ્રોચ કેવી રીતે કરે છે તેના પર છે. જો ખરીદનારનો અભિગમ યોગ્ય ન હોય તો કંપનીના માલિક કંપની વેચવા માટે જલ્દી તૈયાર થતા નથી. બીજું, તમે કેટલા સમયમાં પ્રક્રિયા પૂરી કરો છો, કેટલા ઝડપી નિર્ણય લો છો તે પણ ખૂબ અગત્યનું છે. કારણ કે, આજે તમારી સામે જે સોનેરી તક આવી છે, તે આવતી કાલે હાથમાંથી સરકી પણ શકે છે.” તેમણે વધુમાં એ પણ જણાવ્યું કે જ્યારે બંને પાર્ટી એક બીજાની શરતો સ્વીકારે ત્યારે જ ડીલ આગળ વધે છે. કંપની ખરીદનાર વેલ્યુએશન કરતા ઓછી પ્રપોઝલ મૂકે છે જ્યારે કંપની વેચનાર તેના વાસ્તવિક વેલ્યુએશન કરતા ઊંચી કિંમત મૂકે છે. આ વાટાઘાટો સફળતાપૂર્વક પાર

# વિદેશી કંપની પ્રસ્તાવ મૂકે તો?

ઘણા કિસ્સામાં ભારતમાં એન્ટ્રી લેવા માંગતી વિદેશી કંપનીઓ જે-તે ક્ષેત્રની અગ્રણી કંપનીને એક્વાયર કરી લે છે. વૉલમાર્ટ દ્વારા ફ્લિપકાર્ટનું એક્વિઝિશન એક જાણીતું ઉદાહરણ છે. વિદેશી કંપની સાથે મર્જર કે એક્વિઝિશનની સમજૂતી કરવા માટે સરકારની ફોરેન ડિરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (FDI)ની ગાઈડલાઈન્સનું પાલન કરવું પડે છે. સરકારે ટેલિકોમ, ઈન્શ્યોરન્સ વગેરે સેક્ટર મુજબ વિદેશી કંપનીઓ કેટલો સ્ટેક રાખી શકે તેના ધારાધોરણો નિશ્ચિત કર્યા છે. જો તેનાથી વિપરિત પ્રસ્તાવ હોય તો કેન્દ્ર સરકારની મંજૂરી વિના આગળ વધી શકાતું નથી. આ ઉપરાંત વેલ્યુએશનના નોર્મ્સ અંગે FEMAમાં વિગતવાર સ્પષ્ટતા કરવામાં આવી છે.




**નાની કંપનીઓ માટે કેમ ફાયદાકારક છે M&A?**

- જો પેઢી હોય તો તેનો બિઝનેસ પ્રમોટરની પ્રતિષ્ઠા અને કુશળતા સાથે જોડાયેલો હોય છે. જો આ પ્રમોટર હટી જાય તો પેઢી ભાંગી પડે છે. જો પ્રમોટરની પછીની પેઢીને બિઝનેસમાં રસ ન હોય, તેઓ વિદેશમાં સ્થાયી હોય અથવા તો અન્ય કોઈ કારણસર સક્સેશનની સમસ્યા હોય તો તેવા સંજોગોમાં બિઝનેસને ખતમ કરવા કરતા તેને મોટી કંપનીને સોંપી દેવો હિતાવહ છે.
- કંપની સામેથી વેચવા કાઢવામાં આવે અને કોઈ ખરીદદાર તેને સામેથી ખરીદવાની ઑફર લઈને આવે તે બંને સંજોગોમાં કંપનીના વેલ્યુએશનમાં બહુ જ મોટો ફરક પડી જાય છે.
- નાની કંપનીઓ જો મર્જરનો વિકલ્પ ઝંખતી હોય તો તેમણે તેમના હકારાત્મક પાસાને સારી રીતે દર્શાવતો ઈન્ફોર્મેશન મેમોરેન્ડમ નામનો દસ્તાવેજ બનાવડાવી લેવો જોઈએ. એડવાઈઝરી ફર્મની મદદથી બનાવાયેલા આ ડોક્યુમેન્ટમાં તમારો ક્લાયન્ટ બેઝ, પ્રોડક્ટ, લોકેશન, કર્મચારીઓ, કંપનીની હિસ્ટ્રી, ટેસ્ટિમોનિયલ, રિસર્ચ તથા ડેવલપમેન્ટ એ તમામ બાબતોનો ઉલ્લેખ હોવો જોઈએ. આ મેમોરેન્ડમ જેટલો મજબૂત તેટલી કંપની વેચાવાની શક્યતા બળવત્તર બની જાય છે.

પડે તો બંને કંપની ભળી શકે છે. આ જ તબક્કે મોટા ભાગની ડીલ પડી ભાંગતી હોય છે. બંને કંપનીઓ સમાન શરતો મંજૂર કરે પછી ટર્મ શીટ સાઈન થાય છે જે એગ્રીમેન્ટ જેટલી જ મહત્વની ગણાય છે.

મર્જર અને એક્વિઝિશનની પ્રક્રિયા પર પ્રકાશ પાડતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ નિલેશ ગુપ્તા જણાવે છે, “એક વખત બંને કંપનીઓ વચ્ચે વાત ચાલુ થાય પછી બંને કંપની પોતપોતાનું વેલ્યુએશન કરાવે છે. ત્યાર બાદ એક આંકડો નક્કી કરવામાં આવે છે. તેના મુજબ લીગલ અને ફાયનાન્શિયલ ડ્યુ ડિલિજન્સની પ્રક્રિયા શરૂ થાય છે. બંને કંપનીઓએ પોત પોતાના બોર્ડમાં રિઝોલ્યુશન પાસ કરાવવા પડે છે. નિર્ણયને બોર્ડ ઑફ ડાયરેક્ટર્સની મંજૂરી મળે પછી બંને કંપનીના ડિરેક્ટર્સ મળીને સ્કીમ ઑફ અમાલ્ગમેશન/એક્વિઝિશન/મર્જરને એપ્રુવ કરે છે. સ્કીમમાં બંને કંપનીઓએ શું આપવું પડશે અને સામે શું મળશે તેની વિગત હોય છે. આ ઉપરાંત પૈસા કંપની ઈક્વિટીના સ્વરૂપમાં ચૂકવશે કે રોકડ આપશે તેની પણ સ્પષ્ટતા કરવામાં આવે છે.”

ભારત દેશમાં કંપનીઓ અંદર અંદર નક્કી કરે તેનાથી મર્જર કે એક્વિઝિશનનો નિર્ણય ફળીભૂત થતો નથી. આ માટે હાઈકોર્ટ પાસે એપ્રુવલ લેવી પડે છે. હાઈકોર્ટની મંજૂરી મળ્યા પછી જ તે સમજૂતી અમલમાં મૂકી શકાય છે. સી.એ નિલેશ ગુપ્તા જણાવે છે, “કંપની મર્જર કે એક્વિઝિશનનો નિર્ણય લેતી વખતે નાના શેરહોલ્ડરોનો ખ્યાલ રાખે છે કે નહિ, તેમને ઈન્કમટેક્સ, જીએસટી વગેરે સરકારી ખાતાને કોઈ ચૂકવણી કરવાની બાકી છે કે નહિ વગેરે તપાસ કર્યા પછી જ હાઈકોર્ટ સ્કીમને મંજૂરી આપે છે.



સમજૂતી કરનાર કંપનીઓ જો બે જુદા જુદા રાજ્યમાં આવેલી હોય તો તેમણે પોતાના જ્યુરિસડિક્શનમાં આવતી હાઈકોર્ટ પાસેથી મંજૂરી લેવી પડે છે.” હાઈકોર્ટમાં સ્કીમ રજૂ થયા બાદ તેને મંજૂર થતા ત્રણથી છ મહિનાનો સમય લાગે છે. માર્કેટમાં પ્રતિસ્પર્ધા વધતા બિઝનેસમાં ઝડપ ખૂબ મહત્વની બની ગઈ છે. આથી આ પ્રક્રિયામાં કોર્ટની દખલઅંદાજી વિના પ્રક્રિયાને ડિજિટાઈઝ કરવાની દિશામાં વિચાર ચાલી રહ્યા છે.

જો કે કૃતિન પટેલના મતે બહુ મોટા સ્તરની ડીલ ન હોય અને કંપનીઓમાં અંદર અંદર દરેક બાબતે સ્પષ્ટતા થઈ ગઈ હોય તો મામલો કોર્ટ સુધી લઈ જવાની જરૂર પડતી નથી. બંને કંપનીના બોર્ડ એગ્રીમેન્ટને મંજૂર કરે એટલે પ્રક્રિયા શરૂ કરી શકાય છે.

ડીલ થયા બાદ ટ્રાન્ઝિશન સરળતાથી થાય તે માટે અમુક કંપનીઓ બોર્ડ ઑફ ડિરેક્ટર્સને ૨થી ૩ વર્ષ સુધી યથાવત્ રાખે છે, અથવા તો ૯૦ ટકા ઈક્વિટી એક્વાયર કરીને ૧૦ ટકા ઈક્વિટી બીજી કંપની પાસે જ રહેવા દે છે. આમ કરવાથી તે કંપનીના કર્મચારીઓને પણ નવા વાતાવરણમાં ગોઠવાઈ જવામાં સરળતા પડે છે. કૃતિન પટેલ જણાવે છે કે હેન્ડ હોલ્ડિંગ પિરિયડ મર્જર તથા એક્વિઝિશનની પ્રક્રિયામાં ખૂબ અગત્યનો છે. સામાન્ય રીતે આ ગાળો એકથી પાંચ વર્ષનો હોય છે. આ ગાળા દરમિયાન કંપનીને લગતા નિર્ણયો કઈ પાર્ટી લેશે તેની સ્પષ્ટતા કરી લેવી ખૂબ જ આવશ્યક છે. આ ઉપરાંત મર્જ થનાર કંપનીના કર્મચારીઓને નવી વ્યવસ્થામાં ઢાળવાની પ્રક્રિયા પણ પડકારજનક છે.

એન્ટિટિના નફા સામે સેટ ઑફ મેળવી શકે છે.

**મર્જર અને એક્વિઝિશનને જોઈન્ટ વેન્ચર કે પાર્ટનરશિપ ન સમજશોઃ**

મર્જર અને એક્વિઝિશન એ જોઈન્ટ વેન્ચરથી અલગ છે. જોઈન્ટ વેન્ચરમાં બે કે વધુ બિઝનેસ સમજૂતી કરીને એક નવો બિઝનેસ લોન્ચ કરે છે જેમાં તેઓ નફા અને નુકસાનના સહભાગી બને છે. વેન્ચર અમુક પ્રોજેક્ટ પૂરતું સીમિત હોય છે. તેનાથી વિપરિત મર્જર કે એક્વિઝિશનમાં બે બિઝનેસ એક બીજામાં ભળી જાય પછી તેઓ સળંગ બિઝનેસ આગળ વધારે છે.



મર્જર અને એક્વિઝિશન વ્યુહાત્મક જોડાણ એટલે કે સ્ટ્રેટેજિક એલાયન્સ કરતા પણ જુદું પડે છે. સ્ટ્રેટેજિક એલાયન્સમાં ઉદ્યોગ અન્ય બિઝનેસ સાથે મળીને માલ બલ્કમાં ખરીદી લે છે. આવા જોડાણ પાછળનો આશય નુકસાન સીમિત રાખવાનો અને પ્રોડક્ટ પર નફો વધારવાનો હોય છે.

મર્જર તથા એક્વિઝિશનને ભાગીદારીમાં પણ ગણી ન શકાય. પાર્ટનરશિપમાં ભાગીદારો બિઝનેસના કો-ઓનર હોય છે. કાયદાકીય દૃષ્ટિએ ભાગીદારી પેઢી એટલે એવી કંપની જેમાં બિઝનેસના માલિક તરીકે એક કરતા વઘુ લોકોનું નામ હોય છે. આવામાં દરેક ભાગીદાર પોતાના હિસ્સાનો નફો મેળવે છે અને પોતાનું ટેક્સ રિટર્ન અલગ અલગ ફાઈલ કરે છે.

## ભારતમાં મર્જર અને એક્વિઝિશન્સ બદલી રહ્યા છે માર્કેટની સિકલ

### ઝી એન્ટરટેનમેન્ટ- સોની ઈન્ડિયાઃ

ભારતની બે વિશાળ મીડિયા કંપની ઝી એન્ટરટેનમેન્ટ એન્ટરપ્રાઈઝ લિમિટેડ અને સોની પિક્ચર્સ નેટવર્ક્સ ઈન્ડિયાએ માર્કેટમાં દબદબો વધારવા માટે મર્જરનો સહારો લીધો હતો. અબજો રૂપિયાની ડીલ બાદ ઝી અને સોની દેશની વિશાળ અને શક્તિશાળી મીડિયા કંપની બની ગયા છે. આ મર્જરથી બંને કંપનીઓને લાભ થવાની શક્યતા છે, વળી તેમના શેરધારકોને પણ તેનાથી લાભ થશે.

### બેન્ક ઑફ બરોડા, વિજયા બેન્ક અને દેનાબેન્કઃ

વિજિયા બેન્ક અને દેના બેન્ક ૨૦૧૯માં બેન્ક ઓફ બરોડામાં ભળી ગયા હતા. આ પગલે વિજયા બેન્ક અને દેના બેન્કની ૩૮૯૮ શાખાઓ બેન્ક ઓફ બરોડા હસ્તક આવી ગઈ હતી. મર્જરને કારણે બેન્કિંગ ઈન્ડસ્ટ્રીમાં બેન્ક ઓફ બરોડાનું કદ ઘણું વધી ગયું છે.

### વોડાફોન તથા આઈડિયાઃ

રિલાયન્સ જિયોની એન્ટ્રી બાદ વોડાફોન અને આઈડિયાને માર્કેટમાંથી વાવટો સંકેલી લેવાનો વારો આવ્યો હતો. ટેલિકોમ્યુનિકેશન સેક્ટરમાં છેડાયેલા પ્રાઈસ વોરને કારણે પ્રતિસ્પર્ધા ખૂબ જ તીવ્ર બની ગઈ હતી. આ પગલે ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રની બે મોટી કંપનીઓ વોડાફોન ઈન્ડિયા તથા આઈડિયા સેલ્યુલર લિમિટેડે મર્જ થવાનો નિર્ણય લીધો હતો. બંનેએ મળીને પોતાની કોર્પોરેટ કંપની VI લોન્ચ કરી હતી અને તેનાથી બંનેને ફાયદો થયો હતો. આ મર્જરનું મૂલ્ય ૨૩ બિલિયન ડોલર હોવાનું મનાય છે.

### વૉલમાર્ટ તથા ફ્લિપકાર્ટ

વોલમાર્ટે ભારતીય માર્કેટમાં એન્ટ્રી લેવા માટે અગ્રણી ઈ-કોમર્સ કંપની ફ્લિપકાર્ટને ૧૬ અબજ ડોલરમાં એક્વાયર કરી છે. આ ડીલ બાદ ફ્લિપકાર્ટમાં વોલમાર્ટ ૭૭ ટકા સ્ટેક ધરાવે છે. તેનાથી વોલમાર્ટને ભારતના માર્કેટમાં એમેઝોનને ટક્કર આપવામાં મદદ મળશે. આ ઉપરાંત તેને ફ્લિપકાર્ટની તૈયાર લોજિસ્ટિક્સ અને સપ્લાય ચેઈનનો પણ લાભ મળશે.

### હિંદુસ્તાન યુનિલિવર તથા ગ્લેક્સોસ્મિથક્લાઈનઃ

ભારતની અગ્રણી FMCG કંપની હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ (HUL)એ હેલ્થ એન્ડ વેલનેસ ઈન્ડસ્ટ્રીમાં વર્ચસ્વ જમાવવા માટે ગ્લેક્સોસ્મિથક્લાઈન કન્ઝ્યુમર હેલ્થકેર લિમિટેડ સાથે હાથ મિલાવ્યા હતા. તેમના સહિયારા બિઝનેસનું મૂલ્ય  રૂ. ૩૧૭ અબજ હોવાનું મનાઈ રહ્યું છે.

### ટાટા મોટર, જગુઆર અને લેન્ડ રોવર

ટાટા મોટરે બ્રિટિશ બ્રાન્ડ જગુઆર તથા લેન્ડ રોવરને અધધ $૨૩૦ અબજમાં ખરીદી લીધી હતી. તેનાથી ફોર્ડને ખોટ ખાતા બે ડિવિઝનમાંથી છૂટકારો મળ્યો હતો અને ટાટા મોટર્સને હાઈ-એન્ડ વ્હીકલ સેગમેન્ટમાં ઉતરવાનો મોકો મળ્યો હતો. આજે આ મર્જરને કારણે ટાટા પાસે કાર્સની બે લક્ઝરી બ્રાન્ડ છે અને ઓટોમોબાઈલ ક્ષેત્રે મજબૂત ગ્લોબલ પ્રેઝન્સ છે.

### ટાટા ગ્રુપ તથા એર ઈન્ડિયાઃ

ટાટા ગ્રુપે ગત વર્ષે એર ઈન્ડિયાને રૂ. ૧૮,૦૦૦ કરોડમાં એક્વાયર કરી હતી. આ ડીલ બાદ ટાટા ગ્રુપે એર ઈન્ડિયામાં ૧૦૦ ટકા સ્ટેક ખરીદી લીધો છે. ટાટા ગ્રુપ આ સ્ટ્રેટેજીથી એવિયેશન ઈન્ડસ્ટ્રી પર સામ્રાજ્ય જમાવવા માંગતી હોવાનું મનાઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે એરએશિયા ઈન્ડિયા અને વિસ્તારામાં ટાટા ગ્રુપ સ્ટેક ધરાવે છે.

### ઝોમેટો તથા ઉબર ઈટ્સ અને બ્લિન્કિટ

ઝોમેટોએ તેની હરીફ ઉબર ઈટ્સની ભારતીય કંપનીને ૩૫ કરોડ યુ.એસ ડોલરમાં થરીદી લીધી હતી. આ ડીલ ઉબર ઈટ્સનો નફો ઓછો કરવાના આશયથી ફાઈનલાઈઝ કરવામાં આવી હતી. આ ઉપરાંત ઝોમેટોએ ક્વિક માર્કેટ સ્પેસમાં પ્રભુત્વ ધરાવતી બ્લિન્કિટને પણ રૂ. ૪૪૪૮ કરોડમાં ખરીદી લીધી છે. આ પગલે ઝોમેટોને બ્લિન્કિટના ૪૦૦ ડાર્ક સ્ટોર્સનો સીધો એક્સેસ મળી ગયો છે. આ મર્જર બાદ ઝોમેટોએ પોતાની નવી એપ 'ઝોમેટો ઈન્સ્ટન્ટ' પણ લોન્ચ કરી છે જેમાં ૧૦ મિનિટમાં ફૂડ ડિલિવરી થઈ જાય છે.

# મર્જર તથા એક્વિઝિશનના ફાયદા



મર્જર તથા એક્વિઝિશનથી કંપનીનો વિકાસ ઝડપી બની જાય છે. કંપનીને જાતે વિકસવા માટે જેટલો સમય જોઈએ તેના કરતા ઓછા સમયમાં કંપનીનું કદ મોટું કરી શકાય છે. આ ઉપરાંત તેનાથી અન્ય કંપનીએ જે ઓપરેશન્સમાં કુશળતા કેળવી હોય તેની પાછળ મર્જ થનાર કે એક્વાયર કરનાર કંપનીએ ખર્ચ કરવાની જરૂર પડતી નથી. આમ કરવાથી કંપનીનો ઘણો ખર્ચ બચી જાય છે અને નજીવા જોખમે કંપની તેનો લાભ ઊઠાવી શકે છે.



બિઝનેસના ડાયવર્સિફિકેશન માટે મર્જર તથા એક્વિઝિશન ઉત્તમ વિકલ્પ છે. તેનાથી કંપનીઓ એક કરતા વધુ માધ્યમમાંથી આવકના સ્રોત ઊભા કરી શકે છે. આમ કરવાથી જ્યારે એક બિઝનેસની આવક ઓછી થાય ત્યારે બીજી કંપનીની આવકથી કંપનીની આર્થિક સદ્ધરતા જળવાઈ રહે છે.




મર્જર કે એક્વિઝિશન પાછળ એક મોટો વિચાર એ છે કે બે કંપનીઓને ભેગી કરીને એક મોટી કંપની બનાવાય તો તેનું મૂલ્ય બે કંપનીના સ્વતંત્ર મૂલ્ય કરતા વધારે થઈ જાય છે. વળી, આમ કરવાથી ખર્ચ ઘટે છે, રેવન્યુમાં વધારો થાય છે. મર્જર તથા એક્વિઝિશનને કારણે કંપનીનો માર્કેટ શેર વધે છે, ક્રોસ સેલિંગની તકો વધે છે અને પ્રોડક્ટનું વધુ મૂલ્ય મેળવવાની શક્યતા વધી જાય છે.



મર્જર તથા એક્વિઝિશનથી લાંબા ગાળે કંપનીના સ્ટોકની કિંમતમાં સ્થિરતા આવે છે. તેનાથી રોકાણકારોનો કંપનીમાં વિશ્વાસ વધે છે. આ કારણે કંપની સમક્ષ વેચાણની નવી તકો પણ ખૂલે છે અને બિઝનેસ માટે નવી તકો ચકાસવાનો મોકો મળે છે.



મર્જરથી કંપનીઓનું માર્કેટ પર વર્ચસ્વ વધે છે. તેને કારણે તે અમુક અંશે બજાર ભાવ નિયંત્રિત કરી શકે છે અને સપ્લાય ચેઈન પર પણ સારો એવો કાબુ મેળવી શકે છે.




અમુક ઈન્ડસ્ટ્રીમાં મર્જર કે એક્વિઝિશનથી કંપનીને ટેક્સના પણ અનેકવિધ લાભ મળી શકે છે. ખોટ કરતી કંપની એક્વાયર કરવાથી ખરીદનાર કંપની તેને પોતાની ટેક્સની જવાબદારી સામે સેટ ઓફ મેળવી શકે છે.

કંપનીને નવી પ્રોડક્ટમાં ઝંપલાવવું હોય, નવા વિસ્તારોમાં બિઝનેસનું વિસ્તરણ કરવું હોય, નવો કસ્ટમર બેઝ ઊભો કરવો હોય, ક્રોસ સેલિંગનો આશય હોય, અમુક ટેક્નોલોજીનો ઉપયોગ કરવા, નાની કંપનીએ મેળવેલા લાયસન્સમાં રસ હોય અને અમુક સંજોગોમાં કોમ્પિટિશન ખતમ કરવા માટે પણ કંપનીઓ મર્જર તથા એક્વિઝિશનનો સહારો લેતી હોય છે.

# કંપનીઓ પોતાના વેલ્યુએશનમાં ઊણી ઉતરે છે



મર્જર તથા એક્વિઝિશનની પ્રક્રિયામાં મોટા ભાગની કંપનીઓ પોતાનું વેલ્યુએશન કરવામાં થાપ ખાઈ જાય છે. વેલ્યુએશનમાં તેઓ ડીલર્સના નેટવર્ક, ઈન્ટલેક્ચુઅલ પ્રોપર્ટી વગેરે બાબતોને ધ્યાનમાં ન લેવાથી કંપની પોતાની જ કિંમત ઓછી આંકતી હોવાનું ઘણા કિસ્સામાં જોવા મળે છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ નિલેશ ગુપ્તા જણાવે છે, "ઘણા કિસ્સામાં કંપની પોતાની સ્ટ્રેન્થ જ સમજી શકતી નથી. દાખલા તરીકે, કોઈ કંપની પાસે ૫૦૦ ડીલર્સનું નેટવર્ક હોય અને બીજી મોટી કંપની તેને ખરીદવાનો પ્રસ્તાવ મૂકે તો કંપનીએ ખાસ વિચારવું જોઈએ કે આટલું બહોળું નેટવર્ક ઊભું કરતા કંપનીને કેટલો સમય અને મૂડી લાગે? ખરીદનાર કંપનીને તો આ નેટવર્ક અને તેના થકી ગ્રાહકોનો બહોળો વર્ગ તૈયાર મળી જવાનો છે. આથી વેલ્યુએશન કરાવતી વખતે કંપનીઓએ આ વાતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. આ ઉપરાંત ઈન્ટલેક્ચુઅલ પ્રોપર્ટીને પણ ગણતરીમાં લેવી જોઈએ."

હાલ વેલ્યુએશનની પ્રક્રિયા ફાયનાન્શિયલ કન્સલ્ટન્ટ, વેલ્યુએશન એક્સપર્ટ કે મર્ચન્ટ બેન્કર્સ દ્વારા હાથ ધરવામાં આવે છે. જો કે વેલ્યુઅરને ઈન્ડસ્ટ્રીના દરેક પાસાની સમજ હોય તે જરૂરી નથી. દાખલા તરીકે, મશીનરીનું વેલ્યુએશન કરનાર વ્યક્તિ ઈન્ટલેક્ચુઅલ પ્રોપર્ટી કે બિઝનેસનું વેલ્યુએશન સક્ષમ રીતે કરી શકે તે જરૂરી નથી. આથી નિષ્ણાંતોની ટીમ મળીને કામ કરે તો જ કંપનીનું સાચું મૂલ્ય જાણી શકાય છે.



# જરૂરિયાત પ્રમાણે સ્ટાફમાં વધઘટ કરતા રહે તો MSMEને ફાયદો થાય

નાના અને મધ્યમ ઉદ્યોગોને સ્ટાફની સમસ્યા સતત સતાવતી રહે છે. કેટલીકવાર મોટા ઓર્ડર મળી જાય તો તેમને સ્ટાફની અછત નડી જાય છે. સમયસર સ્ટાફ ન મળી જાય તો ઓર્ડર કમ્પ્લિટ થતો નથી. બીજું, કામ ન હોય ત્યારે વધારે સ્ટાફ હોય તો તેના પગાર ખર્ચના બોજ તળે તે કચડાઈ જાય છે. આ સંજોગોમાં વિકલ્પ છે જરૂરિયાત પ્રમાણે સ્ટાફની સંખ્યામાં વધઘટ કરવી. આ માટે ટેમ્પરરી જરૂરિયાત પૂરી કરવા ટેમ્પરરી સ્ટાફ લઈ શકાય છે. તેમ જ કોન્ટ્રાક્ટ વર્કર પણ રાખી શકાય છે. તેમ જ કર્મચારીઓના સાટાદોઢાની-અદલાબદલીની સિસ્ટમને પણ તે અપનાવી જ શકે છે. પોતાના વર્તુળમાંની કંપનીઓ સાથે ગોઠવણ કરીને તેના ફ્રી પડેલા કર્મચારીને થોડા સમય માટે પોતાની કંપનીમાં બોલાવી લઈને પણ કામ ચલાવી શકાય છે. બીજું, તેમના કામકાજના કલાકો ઓછા કરીને પણ નવતર આયોજન અમલમાં મૂકી શકાય છે.

ભારતનું અર્થતંત્ર રોકેટની જેમ નવી ઊંચાઈને આંબવા સક્રિય બન્યું છે. તેથી જ આગામી ત્રણ ચાર વર્ષમાં ૧થી ૧.૨૫ કરોડ લોકો માટે નવી રોજગારીની તક એકલું એમએસએમઈ સેક્ટર જનરેટ કરે તેવી સંભાવના છે. જોકે તેમને જોઈતી કાર્યકુશળતાવાળા કર્મચારીઓ નથી મળતા તે પણ એક હકીકત જ છે. આ સ્થિતિમાં નાના અને મધ્યમ ઉદ્યોગો પાર્ટટાઈમ કર્મચારી હાયર કરીને કે પછી નિશ્ચિત સમયગાળા માટેના કર્મચારીઓ કે કામદારોને રાખીને કામ ચલાવી શકે છે. દરેક પ્રોજેક્ટ માટે અલગથી મેનપાવર મેળવવાનું આયોજન પણ કરી શકે છે. કાર્યકુશળ માનવબળ નાના અને મધ્મય ઉદ્યોગના ગણિતો બદલવાને સક્ષમ છે.

દેશના આર્થિક વિકાસમાં નાના અને મધ્યમ ઉદ્યોગનો ફાળો બહુ જ મોટો છે. રોજગારી નિર્માણ કરવામાં પણ નાના અને મધ્યમ ઉદ્યોગનો ફાળો મોટો જ છે. નાના ઉદ્યોગો પાસે મોટી બ્રાન્ડ ધરાવતી કંપનીઓ જેવી ઈમેજ હોતી નથી. તેથી તેમને કુશળ કારીગરો મેળવવામાં તકલીફ પડી રહી છે. કાર્યકુશળ માનવબળ મેળવવા માટે જરૂરી આર્થિક તાકાત પણ તેમનામાં હોતી નથી. આમ યોગ્ય કાર્યકુશળતા ધરાવતા માનવબળને આકર્ષવામાં નાના અને મધ્યમ ઉદ્યોગોને તકલીફ પડી રહી છે.

**ટેમ્પરરી કામ માટે કાયમી ધોરણે કર્મચારી હાયર કરવાથી નાના-મધ્યમ ઉદ્યોગો પર પગારભારણ વધી જાય છે**

**ફ્લેક્સિબલ હાયરિંગથી જરૂર પડે ત્યારે કોન્ટ્રેક્ટ પર કે કન્સલ્ટન્ટ તરીકે કર્મચારીઓને હાયર કરી શકાય**

બિઝનેસમાં આવી રહેલા ચઢાવઉતારને કારણે તથા બિઝનેસને ચાલુ રાખવા માટે પણ કાર્યકુશળ કારીગરોને મેળવવા માટેના ખર્ચમાં આવતા વધારા તથા ઘટાડાને કારણે નાના અને મધ્યમ ઉદ્યોગોની મૂંઝવણ વધી જાય છે. આ સંજોગોમાં કાયમી કર્મચારીને લેવાને બદલે સમય અને જરૂરિયાત પ્રમાણે કર્મચારીને લેવા તેમને માટે લાભદાયી સાબિત થઈ શકે છે. સમયે સમયે સ્કીલ્ડ વર્કરની ડિમાન્ડમાં પણ બદલાવ આવે છે. ડિમાન્ડમાં આવતા બદલાવ પ્રમાણે નાના અને મધ્યમ ઉદ્યોગોએ કારીગરોને લેવાની તેમની નીતિમાં પણ બદલાવ લાવવો જરૂરી છે. પાર્ટટાઈમર તરીકે કર્મચારીને પણ લઈ શકાય છે. જો સ્ટાફમાં પરમેનન્ટ અને ફ્રીલાન્સર્સ અથવા તો હંગામી ધોરણે હાયર કરેલા કર્મચારીઓનો સમન્વય થાય તો નાના ઉદ્યોગો ટકી શકે છે.

કર્મચારીઓ પણ હવે એક કંપની સાથે લાંબો સમય કામ કરવાને બદલે આવકના વધુ સ્રોતો ઊભા કરવા અનેક કંપનીઓ સાથે કામ કરવાનું પસંદ કરે છે. ફ્લેક્સી હાયરિંગ પદ્ધતિથી આવા કર્મચારીઓને પણ ફાયદો મળે છે. જો તેમને મેટરનિટી લીવ, કે કામમાંથી થોડો સમય બ્રેક લેવો હોય તો પણ ફ્લેક્સી સ્કીમ તેમને મદદરૂપ નીવડે છે.

આ અંગે વાત કરતા GCCI એક્ઝિક્યુટિવ

કમિટીના સભ્ય અને સચિન ઈન્ડસ્ટ્રીઝના પ્રમોટર સચિન પટેલ જણાવે છે, “નાના અને મધ્યમ ઉદ્યોગો સામે આ ઘણો વિકરાળ પડકાર છે. ઘણી વાર ઉદ્યોગો પાસે ટેમ્પરરી ધોરણે વધારે કામ આવી જાય અને તેઓ જરૂરિયાત પૂરી કરવા વધારે માણસો રાખે તો પછી તેમને છૂટા કરવામાં મુશ્કેલી પડે છે. એવા ઘણા સીઝનલ બિઝનેસ છે જેમાં વર્ષના અમુક મહિનાઓ દરમિયાન જ વધારે વર્ક ફોર્સની જરૂર પડે છે. એરકન્ડિશનર બનાવતી કંપનીઓ તેનું એક ઉદાહરણ છે.”

કાયમી કર્મચારીઓ પાછળ કંપનીઓએ તેમના પી.એફ, ગ્રેચ્યુઈટી, રજાઓ સહિતના અન્ય ખર્ચ પણ ભોગવવા પડે છે. બીજું, વ્યક્તિ એક કંપનીમાં લાંબો સમય કામ કરે ત્યારે તેની ક્ષમતા મર્યાદિત થઈ જતી હોવાનું જોવા મળે છે. તેની સામે નવા કર્મચારી ઓછા સમયમાં વધારે સારુ આઉટપુટ આપતા હોવાનું પણ જોવાય છે. ઉદ્યોગો માટે ફ્લેક્સિ હાયરિંગ આ તમામ સમસ્યાઓનું સમાધાન છે. હાલ ભારતના જોબ માર્કેટમાં આ પ્રેક્ટિસ વધુ પ્રચલિત નથી. પરંતુ ટ્રેન્ડ જોતા આગામી વર્ષોમાં તે લોકપ્રિય બને તેવી સંભાવના છે.

ફ્લેક્સિ હાયરિંગના યોગ્ય અમલીકરણ માટે નાના-મધ્યમ ઉદ્યોગો માટે મજબૂત સ્ટ્રેટેજી હોવી જરૂરી છે. જેમ કે, ઉદ્યોગના સંચાલકોએ તેમના બિઝનેસની આગામી થોડા મહિનાઓની જરૂરિયાતો સમજીને, આગામી પ્રોજેક્ટ્સ, ટાર્ગેટ્સ તથા માર્કેટમાં લોન્ચ થનારી નવી ટેક્નોલોજીને પણ ધ્યાનમાં લઈને હાયરિંગની સ્ટ્રેટેજી બનાવવી જોઈએ. કંપનીને કર્મચારીની જુદા જુદા પ્રકારની જરૂરિયાત પડી શકે છે- જેમ કે, લાંબા ગાળાના પ્રોજેક્ટ્સ માટે, સીઝનલ પ્રોજેક્ટ્સ માટે, તાત્કાલિક ઊભી થયેલી જરૂરિયાત માટે વગેરે. હાયરિંગ સ્ટ્રેટેજી બનાવવાથી તેઓ તેમને કેટલા પરમેનન્ટ એમ્પ્લોયીની જરૂર છે અને કેટલા હંગામી ધોરણે જોઈશે તેનો ક્યાસ કાઢી શકે છે.

જો કે હંગામી ધોરણે જ્યારે કર્મચારીઓને હાયર કરવાના હોય ત્યારે કંપનીએ એપોઈન્ટ લેટરમાં દરેક બાબતનો સ્પષ્ટપણ ઉલ્લેખ કરવો જરૂરી છે. GCCIના સભ્ય અને આઈકન્સલ્ટ ઈન્ડિયાના ફાઉન્ડર મીનલ ગોસ્વામી જણાવે છે, “પ્રોજેક્ટ બેઝિસ પર કામ કરતા કર્મચારીઓ સામાન્ય રીતે પરમેનન્ટ કરતા વધારે ચાર્જ કરે છે. જો કે કંપની પાસે તેમને બે મહિનાથી માંડીને પાંચ વર્ષ કે નિશ્ચિત સમયગાળા સુધી હાયર કરવાની અને પછી છૂટા કરી દેવાની સ્વતંત્રતા રહેલી છે. જ્યારે પણ કંપની હંગામી ધોરણે કર્મચારીને હાયર કરવાનું વિચારે ત્યારે એપોઈન્ટમેન્ટ લેટરમાં બધી જ શરતોનો સ્પષ્ટપણે ઉલ્લેખ કરવો જોઈએ. આ એપોઈન્ટમેન્ટ લેટર



**સચિન પટેલ**
પ્રમોટર, સચિન ઈન્ડસ્ટ્રીઝ

પર બંને પાર્ટીની સહી લઈને ઓરિજિનલ કોપી સાચવી રાખવી જોઈએ. આમ કરવાથી કર્મચારી એપોઈન્ટમેન્ટ લેટરમાં લખેલી કોઈ પણ બાબત અંગે કંપની પર આંગળી ઊઠાવી શકતા નથી.”

ઘણા કિસ્સામાં કંપનીઓ અન્ય કોઈ કંપનીના પેરોલ પર ચાલતા કર્મચારીને અમુક કામ માટે હાયર કરે છે. આવી પરિસ્થિતિમાં કંપનીએ તે જે કંપનીના કર્મચારીને હાયર કરતા હોય તેની સાથે કર્મચારીનું પીએફ કોણ ડિડક્ટ કરશે, તેની અન્ય જવાબદારી કોના માથે આવશે તેની સ્પષ્ટતા કરી લેવી જોઈએ. આ અંગે વાત કરતા GCCIના સભ્ય તથા હ્યુમિનિવેક્સ કન્સલ્ટિંગ તથા ટ્રેનિંગના ફાઉન્ડર શ્રેયા પરીખ જણાવે છે, “જો કંપની કોઈ કર્મચારીને ફ્રીલાન્સર તરીકે પણ પેરોલ પર બતાવે તો તેના પી.એફ સહિતની તમામ જવાબદારી કંપનીના માથે આવે છે. જો કંપની જવાબદારી ન લેવા માંગતી હોય તો તે કર્મચારીની સેવાઓ ‘કન્સલ્ટન્ટ’ તરીકે

## ત્રણ સંજોગોમાં કર્મચારીને નોકરીમાંથી છૂટા કરવા અયોગ્ય છે

કર્મચારી અને એમ્પલોયર વચ્ચેના સંબંધો પરસ્પર છે. એક પૈસા ચૂકવીને સર્વિસ મેળવે છે, જ્યારે બીજો પોતાની આવડતનો ઉપયોગ કરીને કંપનીના વિકાસમાં ફાળો આપે છે.

અમુક સંજોગોમાં એમ્પલોયરને કર્મચારીને નોકરીમાંથી છૂટા કરવાની ફરજ પડી શકે છે. દાખલા તરીકે, કર્મચારીએ કંપનીની ઈન્ટલેક્ચ્યુઅલ પ્રોપર્ટીની ચોરી કરી હોય, કોઈ નિયમનો ભંગ કર્યો હોય, પ્રાઈવસી પોલિસીનો અનાદર કર્યો હોય, કંપનીના સ્રોતનો દુરુપયોગ કર્યો હોય અથવા તો કામમાં બિલકુલ સારુ પ્રદર્શન ન કર્યું હોય. આવા સંજોગોમાં કંપની કર્મચારીને છૂટો કરે તે સમજી શકાય છે. પરંતુ અમુક સંજોગો એવા પણ હોય છે જેમાં જો કંપની તેના કર્મચારીને છૂટા કરે તો તે અયોગ્ય ગણાય છે. અને આ બાબત એમ્પલોયરની પ્રતિષ્ઠાને હાનિ પણ પહોંચાડી શકે છે.

**૧. ભેદભાવઃ**

કર્મચારીની ઉંમર, ધર્મ, જાતિ, દિવ્યાંગતા કે રાષ્ટ્રીયતાના આધારે કે આવા કોઈ કારણસર ભેદભાવ કરીને કર્મચારીને કાઢી મૂકાય તો તે અયોગ્ય છે. દાખલા તરીકે, તમે કોઈ મહિલા કર્મચારીને એવું વિચારીને છૂટા કરતા હોવ કે તે પરણીને બીજા શહેરમાં જશે, મેટરનિટી લીવ માંગશે તો તે ભેદભાવની શ્રેણીમાં આવે છે. કંપનીમાં પૂર્વગ્રહને આધારે કર્મચારીને હાયર કે ફાયર કરવા યોગ્ય નથી.

**૨. ફરિયાદઃ**

અમુક સંજોગોમાં કર્મચારી સંસ્થાના માહોલ અંગે ફરિયાદ કરી શકે છે. જેમ કે કંપનીમાં કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલતી હોય અથવા તો જાતીય સતામણી થતી હોય અને કર્મચારી તેની સામે અવાજ ઉઠાવે કે ફરિયાદ કરે તો તેને નોકરીમાંથી છૂટા કરવા અયોગ્ય છે. આમ કરવાથી ખોટું કરનારાઓને પ્રોત્સાહન મળે છે અને તમારી સંસ્થા ખોટા રસ્તે આગળ ધકેલાય છે.

**૩. રજાઃ**

મોટા ભાગના કર્મચારીઓને બે બાબતની વિશેષ ચિંતા હોય છેઃ પગાર અને રજા. કંપની સાથે લાંબા સમયથી જોડાયેલા કર્મચારીઓને લાંબા ગાળા માટે રજા, મેડિકલ લીવના ફાયદા મળતા હોય છે. એ રીતે મહિલા કર્મચારીઓને પ્રેગ્નેન્સી દરમિયાન અને બાળકના જન્મ પછીના ગાળા માટે કુલ ૧૮૦ દિવસની મેટરનિટી લીવ મળતી હોય છે. કર્મચારી લાંબી રજા માટે અરજી કરે તે પહેલા તેમને નોકરીમાંથી છૂટા કરવા પણ અયોગ્ય છે.

કર્મચારીને છૂટા કરતા પહેલા એમ્પલોયરે પોતાની જાતને નિર્ણય લેવા પાછળનું કારણ ખાસ પૂછવું જોઈએ. જો નિર્ણય કોઈ ભેદભાવ કે ખોટા કારણસર લેવાયો હોય તો એમ્પલોયરે ફેરવિચાર કરવો જોઈએ.



**મીનલ ગોસ્વામી**
ફાઉન્ડર, આઈકન્સલ્ટ ઈન્ડિયા



**શ્રેયા પરીખ**, ફાઉન્ડર, હ્યુમિનિવેક્સ કન્સલ્ટિંગ એન્ડ ટ્રેનિંગ

લઈ શકે છે. કન્સલ્ટન્ટને કંપનીઓએ પગાર નહિ પણ ફીઝ ચૂકવવાની રહે છે. વળી, તેમાં એપોઈન્ટમેન્ટ લેટર કે સેલેરી સ્લિપ આપવાની જરૂર પડતી નથી. જો કે જે કર્મચારી કન્સલ્ટન્ટ તરીકે સેવા આપતા હોય તેમને આ આવકને રિટર્નમાં દર્શાવવા માટે વધારાના પુરાવા સબમિટ કરવા પડે છે." કર્મચારી જ્યારે કોન્ટ્રેક્ટ પર હોય તો પરફોર્મન્સની ખાસ સમસ્યા ન હોય તો તેટલા ગાળા માટે તેની જોબ સુરક્ષિત ગણાય છે. કોન્ટ્રેક્ટનો ગાળો પૂરો થયા બાદ કંપની કાં તો કર્મચારીને છૂટા કરી શકે છે અથવા તો કોન્ટ્રેક્ટ રિન્યુ કરી શકે છે.

### નબળા કર્મચારીઓનું પરફોર્મન્સ સુધારવા કંપની શું કરી શકે ?

સારું પરફોર્મ કરનારાઓને પગારવધારો કે પ્રમોશન મળી જાય છે, પરંતુ નબળું પરફોર્મન્સ હોય તેવા એમ્પ્લોયીનું શું કરવું તે અંગે મોટા ભાગની કંપનીઓ મૂંઝવણ અનુભવતી હોય છે. આગળના ક્વાર્ટર્સમાં તેઓ વધુ સારુ પરફોર્મ કરે તે માટે તેમને પ્રોત્સાહન આપવું ખૂબ જરૂરી છે. પરંતુ આ કરવું કઈ રીતે? દર વખતે કર્મચારીને કાઢી મૂકવાથી સમસ્યાનું સમાધાન મળતું નથી. આ માટે કંપનીઓ હ્યુમન રિસોર્સ ડિપાર્ટમેન્ટ સાથે મળીને પરફોર્મન્સ ઈમ્પ્રુવમેન્ટ પ્લાન (PIP) તૈયાર કરી શકે છે.

### PIPના ફાયદાઃ

- કથળતી પરિસ્થિતિ સુધારવામાં મદદ કરે છે.
- કર્મચારીને બહુ લાંબા સમયથી કોઈ સમસ્યા હોય તો તેનો ઉકેલ શોધવામાં મદદ કરે છે.
- કર્મચારી અને મેનેજર વચ્ચે સંઘર્ષ ટાળવાના ઉકેલ શોધે છે.
- કર્મચારીને સારુ પરફોર્મ કરવામાં નડતી બાધાઓ સમજીને તેમને પરફોર્મન્સ સુધારવા માટે જરૂરી ટૂલ્સ પૂરા પાડે છે.



### PIP કેવી રીતે તૈયાર કરવો?

- PIPમાં પરિસ્થિતિ, મેનેજરની ચિંતા, કર્મચારીનો રિસ્પોન્સ વગેરે દરેક બાબતો આવરી લેવામાં આવે છે. આમ કરવાથી વાસ્તવિક પરિસ્થિતિનો ક્યાસ કાઢવામાં સરળતા પડે છે.
- તેમાં કર્મચારીના હક અને ફરજ નોંધવામાં આવે છે.
- સારા પરફોર્મન્સ માટે કર્મચારીમાં કઈ કઈ સ્કિલ્સ ખૂટે છે તેની પરખ કરીને તેને કઈ ટ્રેનિંગ આપી શકાય તેનો ઉલ્લેખ કરવો જોઈએ.
- આ પ્રક્રિયા દરમિયાન મેનેજરને કયા સપોર્ટની જરૂર પડી શકે તેનો પણ ઉલ્લેખ PIPમાં હોય છે.
- PIPમાં મેનેજર અને કર્મચારી બંને માટે એક્શન પ્લાન તૈયાર કરવામાં આવે છે જેમાં કર્મચારી પાસે શું અપેક્ષા છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવે છે.
- PIPમાં એચ.આર વિભાગે મેનેજર તથા કર્મચારીનું ફોલો અપ ક્યારે, કેટલી વાર લેવું તેનો ઉલ્લેખ હોય છે.
- જો કર્મચારી અપેક્ષા મુજબ પરફોર્મ ન કરી શકે તો તેના પરિણામનો ઉલ્લેખ પણ PIPમાં કરવો પડે છે.

### આટલું ખાસ ધ્યાન રાખોઃ

દરેક કર્મચારીના સંજોગોમાં અને સમસ્યાઓ જુદા જુદા હોય છે. આ કારણે દરેક કર્મચારી માટે કોમન પરફોર્મન્સ ઈમ્પ્રુવમેન્ટ પ્લાન ન બનાવી શકાય. દરેક કર્મચારીની જરૂરિયાત અને સંજોગો જોઈને અલગ પ્લાન તૈયાર કરવો જોઈએ. તેમાં કર્મચારી પાસેથી સંસ્થાને શું અપેક્ષા છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો જોઈએ. આ ઉપરાંત કર્મચારીને પણ પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવી જોઈએ. પ્લાન એવો હોવો જોઈએ જેના ગોલ્સ અને ટાઈમલાઈન સરળતાથી માપી શકાય એવા હોય. આ ઉપરાંત સમગ્ર પ્રક્રિયાને સમયાંતરે રિવ્યુ કરવી જરૂરી છે.

PIP એ કોઈ કર્મચારીને દંડ આપવા માટે નહિ, પરંતુ તેના વિકાસ માટે હોય છે. આથી કર્મચારીને ફક્ત તેના નકારાત્મક પાસા દેખાડવાને બદલે તેના સારા ગુણોનો ઉલ્લેખ પણ કરવો જોઈએ. જો આમ ન થાય તો કર્મચારીનું મનોબળ તૂટી જાય છે. નાના પાયે શરૂઆત કરનારી કંપનીઓ પાસે આ બધી બાબતો સંભાળવા માટે અલગથી એચ.આર ટીમ હોતી નથી. તેઓ હ્યુમિનિવેક્સ જેવી વર્ચ્યુઅલ એચ.આર સર્વિસ પૂરી પાડતી કંપનીઓનો સંપર્ક કરીને આ સુવિધાઓ મેળવી શકે છે.



# ખોટી માહિતી ફેલાવી લિસ્ટેડ શેર્સના ભાવ ભડકાવનારા પર સેબી ગાળિયો કસશે

વોટ્સએપ, ટેલિગ્રામ સહિતના ઈલેક્ટ્રોનિક મિડીયાનો ઉપયોગ કરીને બજારને ખોટી માહિતીઓ ફેલાવી ફેલાવીને બજારને મેન્યુપ્યુલેટ કરનારાઓ એટલે કે શેર્સના ભાવમાં ફેરફાર લાવવાનો પ્રયાસ કરનારાઓને નિયંત્રણમાં રાખવા માટે સેબી અલગથી માર્ગદર્શિકા તૈયાર કરી રહ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. આમ ખોટી માહિતી ફેલાવનારાઓ વાસ્તવમાં સેબીમાં રજિસ્ટ્રેશન પણ ધરાવતા હોતા નથી. તેથી સેબી તેમની સામે અત્યારે તો પગલાં પણ લઈ શકતું નથી. હા, આ રીતે અપપ્રચાર કરનારાઓ સાથે સંબંધ કે સંપર્ક ન રાખવા સેબી મ્યુચ્યુઅલ ફંડ, સ્ટોક એક્સચેન્જને ફરજ પાડી શકશે. માર્કેટને નિયંત્રણમાં રાખવા માટેના નિયમોનો તેઓ ભંગ કરતાં હોવા છતાંય સેબી તેમની સામે સીધા પગલાં લઈ શકતું નથી. જોકે હવે તેમને માટે પણ નિયમો તૈયાર કરવાનું ૨૮મી જૂનની સેબીના બોર્ડની મિટિંગમાં નિર્ણય લેવામાં આવ્યો છે. કારણ કે તેમનાથી માર્કેટમાં મોટી અસર આવતી હોવાનું જોવા મળે છે. તેની અસર રોકાણકારોના નફા અને નુકસાન પર પણ પડે જ છે. આગામી થોડા મહિનાઓમાં ફાઈનાન્શિયલ ઈન્ફ્લુઅન્સર અંગે ડ્રાફ્ટ ડોક્યુમેન્ટ જાહેર જનતાના મત માટે મૂકવામાં આવે તેવો નિર્દેશ સેબીએ આપ્યો છે. તેના માધ્યમથી મ્યુચ્યુઅલ ફંડ દલાલો અને સ્ટોક એક્સચેન્જ પર અંકુશ વધી જશે. જાહેરાત કરનારાઓ, પ્રોફિટ શેરિંગની શરતે ખોટો પ્રચાર કરી આપનારાઓ કે પછી ચોક્કસ ફી લઈને અપપ્રચાર કરીને સ્ક્રિપના ભાવમાં ઊથલપાથલ લાવનારાઓ પર ગાળિયો કસવાનો નિર્ણય સેબીનાં ચેરમેન મધાબી પૂરી-બૂચે નિર્ણય કર્યો છે.

**કોઈપણ સ્ક્રિપમાં રોકાણ કરીને કમાણી કરવાની મોટી તક હોવાની ભાષામાં વાત કરશે તો તેને રોકાણકારને લલચાવવાના પ્રયાસ તરીક જોવામાં આવશે, ફ્રોડ પણ ગણાશે**

**જાહેરાત કરવા પાછળ કરવા પડતા ખર્ચ કરતાં આ પ્રકારે આપવામાં આવતી માહિતીની મોટી અસર રોકાણકારોના મન પર પડતી હોવાનું તારણ**

સેબીના મહિલા ચેરમેનનનું માનવું છે કે કોઈપણ સ્ક્રિપને પ્રમોટ કરવા માટે ફાઈનાન્શિયલ ઈન્ફ્લુઅન્સર ચોક્કસ ફી લે છે. આ ફી એક ટાઈમના પેમેન્ટના સ્વરૂપમાં કે પછી તેના કન્ટેન્ટ(માહિતી)ને કારણે સ્ક્રિપના પ્રમોટરને થનારા પ્રોફિટના હિસ્સાના રૂપમાં તેઓ ફી વસૂલી રહ્યા છે. ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સના કિસ્સાઓમાં પણ આ પ્રકારના ફાઈનાન્સ ઈન્ફ્લુઅન્સર સક્રિય છે. તેઓ આકર્ષક સંભાવનાઓને વહેતી મૂકીને નવા નવા ઈન્વેસ્ટર્સને બજાર સુધી ખેંચી લાવવાનું કામ કરી આપે છે.

બીજા શબ્દોમાં કહીએ તો હલાલ કરવા માટે બકરાં શોધી લાવવાનું કામ કરે છે. આ માટે તેઓ




સોશિયલ મિડીયા પર અસાધારણ કમાણી થઈ હોવાનું દર્શાવતા સ્ક્રિન શોટ્સ મૂકીને અન્યોને એફ એન્ડ ઓમાં કામ કરવા માટે લલચાવે છે. આ ગેરરીતિઓ રોકવા માટેનું કન્સલ્ટેશન પણ તૈયાર કરવામાં આવી રહ્યું છે. ફાઈનાન્શિયલ ઈન્ફ્લુઅન્સરની ભૂમિકાને સીમિત કરવા માટે સેબી તેમાં દખલ કરશે. તેને માટે રોકાણકારોને માર્ગદર્શન પણ આપશે અને માર્ગદર્શિકા પણ તૈયાર કરવામાં આવશે.

સેબીનું માનવું છે કે શેરબજાર અંગે રોકાણકારોને કોઈ માર્ગદર્શન આપે કે તેને માહિતી આપી તેનું જ્ઞાન વધારે તેની સામે તેમને કોઈ જ વાંધો નથી. આ કામગીરી તો અમે પણ કરીએ જ છીએ. રોકાણકારોમાં જાગૃતિ લાવવાનું અમારું કામ જ છે. હા, તેની સાથે જ તમે જે તે સ્ક્રિપમાં રોકાણ કરશો તો તમે લાખો કે કરોડ કમાઈ જશો તેવી લાલચ આપવામાં આવે છે તેની સામે જ વાંધો છે. માર્કેટમાં રોકાણ કરનારાઓને લાખો કરોડોની આવક થશે તેની કોઈ જ ગેરન્ટી નથી. તેથી આ પ્રકારની રજૂઆતને ગેરમાર્ગે દોરતી રજૂઆત તરીકે કે પછી ખોટી રજૂઆત તરીકે જોવામાં આવશે. તેનાથી માર્કેટમાં રોકાણ કરનારાઓને નુકસાન થવાની પણ સંભાવના રહેલી છે. પરંતુ શેરબજારના કોઈ નિષ્ણાત નફો થશે જ થશે કે તેમાં કમાણી જ થશે તેવી ભાષામાં વાત કરે તો તેને નિષ્ણાતે રોકાણકારોને લલચાવવાનો પ્રયાસ કર્યો હોવાનું માનવામાં આવશે. તેને ફ્રોડ પણ ગણવામાં આવશે.

તેથી જ સેબીમાં રજિસ્ટ્રેશન લઈને પણ સ્ક્રિપ કે એફ એન્ડ ઓ અંગે માર્ગદર્શન આપનારાઓ પર કેટલાક નવા નિયમો લાગુ કરવામાં આવશે. તેમ જ ફાઈનાન્શિયલ ઈન્ફ્લુઅન્સરના ક્વોલિફિકેશન કે પછી સર્ટિફિકેશન માટે પણ કેટલાક નિયમો લાગુ કરવામાં આવશે. તેઓ કેટલા લોકો સાથે ટાઈ-અપ કરી શકે તે માટેના નિયમો પણ તૈયાર કરવામાં આવશે. છેલ્લા થોડા વરસોથી આ પ્રકારની માહિતીઓ અને તેના માધ્યમથી પ્રચાર કરવા પર વધુને વધુ મદાર બાંધવામાં આવી રહ્યો છે. જાહેરાત કરવા પાછળ કરવા પડતા ખર્ચ કરતાં આ પ્રકારે આપવામાં આવતી માહિતીની મોટી અસર રોકાણકારોના મન પર પડતી હોવાનું તેમને સમજાઈ જ ગયું છે.

આ નવા નિયમો કેવા આવે છે તેના પર સ્ટોક માર્કેટના ખેલાડીઓ નજર રાખીને બેઠાં છે. તેનાથી ઈન્વેસ્ટર્સની સલામતીમાં કેટલો વધારો થાય છે અને શેરબજારમાં નવા સવા ઈન્વેસ્ટર્સને ખંખેરી લેવાની ચાલતી પ્રવૃત્તિ પર કેટલું નિયંત્રણ આવે છે તે પણ જોવાની જરૂર છે. હા, તેનાથી દરેકને સમાન તક મળે તેવી વ્યવસ્થા કરવામાં આવે તે જરૂરી છે. અત્યારે શેરબજારમાં લિસ્ટ થયેલા શેર્સના ભાવની વધઘટ બાબતો ગેરમાર્ગે દોરતી માહિતીઓનો સતત મારો થઈ રહ્યો છે. બીજા શબ્દોમાં કહીએ તો વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ, ફેસબુક કે પછી ટેલિગ્રામ જેવા સોશિયલ મિડીયોનો તેને માટે બેફામ દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. તેથી જ તેને માટેના કેટલાક કડક નિયમો પણ હોવા જરૂરી છે. પમ્પ એન્ડ ડમ્પ તરીકે ઓળખાતી સ્કીમને તોડી પાડતા સંખ્યાબંધ ઓર્ડર્સ સેબીએ છેલ્લા થોડા મહિનાઓ દરમિયાન કર્યા જ છે. પમ્પ કરો એટલે કે માહિતીનો મારો ચલાવીને સ્ક્રિપને ચલાવો, તેના ભાવ ઊંચે લઈ જાવ અને ત્યારબાદ એક લેવલે પહોંચ્યા બાદ તેમાંથી પોતાનું રોકાણ પાછું ખેંચી લઈને અન્યોના ગળામાં નુકસાનીનો ગાળિયો નાખી દો. આ પ્રવૃત્તિને રોકવા સેબી મક્કમ છે. યુ ટ્યુબ વિડીયો કે પછી બલ્ક એસએમએસના માધ્યમથી પણ આ અપપ્રચાર કે ખોટી માહિતીનો મારો ચલાવવામાં આવી જ રહ્યો છે. તેથી જ રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર માટેના નિયમોને પણ વધુ કડક બનાવવામાં આવશે. એપ્રિલથી લાગુ કરવામાં આવેલી નવી આચાર સંહિતા હેટલ રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર માટે ચોક્કસ પ્રકારના કોમ્યુનિકેશન માટે આગોતરી મંજૂરી લેવાની સિસ્ટમ દાખલ કરવામા આવી છે. રિસર્ચ એનાલિસ્ટને માટે પણ આ જ નિયમ લાગુ કરવામાં આવ્યો છે. સેબીએ આ માટે એક સંસ્થાને અધિકૃત પણ કરી છે.

## પબ્લિક ઇશ્યૂ પછી ત્રણ દિવસે સ્ટોક માર્કેટમાં લિસ્ટિંગ કરાવવું પડશે

જાહેર ભરણું કર્યા પછી શેર્સનું લિસ્ટિંગ કરાવવાની સમય મર્યાદામાં સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા-સેબીએ ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે. હવે જાહેર ભરણું થયા પછીના ત્રણ જ દિવસમાં સ્ટોકનું લિસ્ટિંગ કરાવી દેવું પડશે. અત્યારે પબ્લિક ઇશ્યૂ પૂરો થયા પછી છ દિવસમાં લિસ્ટિંગ કરાવવાનો નિયમ છે. ૨૮મી જૂને મળેલી સેબીના બોર્ડની મિટિંગ પછી પ્રસ્તુત નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય અંગે પ્રતિભાવ આપતા ધનવર્ષા ફિનકેપના નિલેશ કોટક કહે છે, “”

તેનાથી ફાયદો એ થશે કે માર્કેટનો માહોલ અનુકૂળ હોય તેવા સંજોગોમાં વધુ કંપનીઓ તેમના જાહેર ભરણાં- પબ્લિક ઇશ્યૂઓ લઈને બજારમાં આવી શકશે. બીજું, સેબીના નિર્ણયને પરિણામે વધુ ને વધુ ઇન્વેસ્ટર્સ શેરબજારમાં રોકાણ કરવા માટે આગળ આવશે. ત્રણ જ દિવસમાં તેમના પૈસા છૂટા થઈ જવાના હોવાથી રોકાણકારો નવા પબ્લિક ઇશ્યૂમાં રોકાણ કરવાનું આયોજન કરી શકશે. પહેલા તેમના ખાતામાંથી પૈસા ઉપડી જતાં નહોતા. પરંતુ તે નાણાં બેન્ક એકાઉન્ટમાં ફ્રીજ થઈ જતાં હતા. તેથી તેનો ઉપયોગ બીજા ભરણાંમાં અરજી કરવા માટે કરી શકાતો નહોતો. તેથી નાના ઈન્વેસ્ટર્સની રોકાણની મર્યાદા આવી જતી હતી. તેનો લાભ લેવા માટે અત્યારની તુલનાએ વધુ કંપનીઓ પબ્લિક ઇશ્યૂ લઈને બજારમાં આવશે. તેમાંય અત્યારની જેમ બજાર ચઢતું હોવાનું જણાશે તો પબ્લિક ઇશ્યૂ લાવનારાઓની સંખ્યા વધી જશે. તેનો ફાયદો એ થશે કે એક જગ્યાએ સ્થગિત થઈ ગયેલો પૈસો પણ ફરતો થશે. કંપનીઓના મેન્યુફેક્ચરિંગ સહિતના કાર્યમાં તે નાણાં ફંટાશે. તેથી નવી રોજગારીની તક નિર્માણ થશે. પરિણામે અર્થતંત્રના વિકાસને વેગ મળશે.

આમ પબ્લિક ઇશ્યૂમાં નાણાંનું રોકાણ કર્યા પછી ૩ જ દિવસમાં શેર્સનું એલોટમેન્ટ ચાલુ




**પબ્લિક ઇશ્યૂમાં અરજી કરવાની કાર્યવાહી પૂરી થયાના ત્રણ જ દિવસમાં સ્ટોકનું લિસ્ટિંગ કરાવવાના નિયમથી એલોટમેન્ટ ન મેળવનારા ઇન્વેસ્ટર્સનું રિફંડ પણ વહેલું પરત આવશે**

**આઈપીઓના મર્ચન્ટ બેન્કર તરીકેની કામગીરી કરનારાઓએ છ દિવસની કામગીરી ત્રણ જ દિવસમાં સમેટી લેવી પડશે**

થઈ જશે. રોકાણકારોના પૈસા બ્લોક થશે નહિ. જે રોકાણકારોને શેર્સનું એલોટમેન્ટ નહિ થયું હોય તેમને તેમના નાણાંનું રિફંડ પણ ત્રણ જ દિવસમાં મળતું થઈ જશે. પરિણામે પબ્લિક ઈશ્યૂ માટે કામ કરતા એજન્ટ્સ કે એજન્સીઓ કે પછી મર્ચન્ટ બેન્કર અને બ્રોકર્સને પણ ફાયદો થશે. આઈપીઓની કામગીરી પાર પાડવા માટેનો સમયગાળો ઓછો થઈ જતાં તે હેન્ડલ કરનારાઓ અત્યારની તુલનાએ વધુ પબ્લિક ઈશ્યૂનું કામ લઈ શકશે. આમ સેબીના પ્રસ્તુત નિર્ણયથી પબ્લિક ઈશ્યૂ સાથે સંકળાયેલા બધાં જ લોકોને લાભ થશે. તેનાથી સમય બચશે અને સ્ટોક એક્સચેન્જ, મર્ચન્ટ બેન્કર, ડિપોઝિટરીઓ અને દલાલોના કામકાજ માટેના સ્રોતનો મહત્તમ ઉપયોગ થશે.

પબ્લિક ઈશ્યૂ લાવનારને પણ ફાયદો જ થશે. તેને ઓછા સમયમાં ભંડોલ મળી જશે. રોકાણકારોને પણ તેમના શેર્સ વહેલા મળશે. તેમનું રિફંડ પાછા મળશે. આમ ઈન્વેસ્ટર્સને ફંડ મેળવવા માટે કરવો પડતો ખર્ચ પણ ઓછો થશે. ઘણાં પબ્લિક ઈશ્યૂમાં રોકાણ કરવા માટે પણ બેન્ક પાસેથી ધિરાણ લેતા હોય છે. તેઓ તે ફંડનો બીજા કોઈ આઈપીઓમાં અરજી કરવા માટે પણ ઉપયોગ કરી શકશે. આમ એક મહિના માટે લીધેલું ભંડોળ ત્રણ ચાર કે વધુ આઈપીઓમાં ફેરવીને પરત કરી શકશે.

આઈપીઓ કરી આપવાનું કામ લેતી કંપનીઓના ખર્ચા થોડા ઓછા થઈ શકશે. પરંતુ તેમની જફા ઘણી વધી શકે છે. છ દિવસનું કામ ત્રણ જ દિવસમાં પૂરું કરવાનુ હોવાથી તેમની દોડધામ વધી જશે. કારણ કે આઈપીઓની કામગીરી પાર પાડવાનો સમય ઓછો થયો હોવા છતાંય તેમણે તો પહેલાની જેમ જ વધુ લોકોને હાયર કરવા પડી શકે છે. તેમ જ તેટલા જ લોકોને હાયર કરે તો તેમી તાની દોડધામ વધી જાય તેવી સંભાવના રહેલી છે.

માર્કેટ અંગે ઈન્વેસ્ટર્સમાં હાઈપ હોય કે માર્કેટ ઊંચે જશે તેવી ઈન્વેસ્ટર્સની લાગણી હોય ત્યારે જ કંપનીઓ બહુધા પબ્લિક ઈશ્યૂ લાવવાનું પસંદ કરે છે. પરિણામે ઓછા દિવસોના સમયગાળામાં વધારે સંખ્યામાં પબ્લિક ઈશ્યૂઓ આવી જવાની સંભાવના રહેલી છે. પરિણામે તેમના પબ્લિક ઈશ્યૂ તરફ રોકાણકારોનું ધ્યાન ખેંચવા માટે તેમણે વધારાના પ્રયાસો કરવા પડશે. આ ઉતાવળમાં કામગીરી બરાબર ન થાય તો લિસ્ટિંગ ટાણે ધબડકો થવાની સંભાવના રહેલી છે.

સેબીએ લીધેલા નિર્ણય પ્રમાણે બે તબક્કામાં લિસ્ટિંગ માટેના નિયમોનો અમલ કરાશે. પહેલા તબક્કામાં ત્રણ જ દિવસમાં લિસ્ટિંગ કરાવી દેવાના નિર્ણયનો અમલ સ્વૈચ્છિક રાખવામાં આવશે. પહેલી સપ્ટેમ્બર સુધી આ વ્યવસ્થા લાગુ કરવામાં આવશે. પહેલી સપ્ટેમ્બર પહેલા જે આઈપીઓ-ઈનિશિયલ પબ્લિક ઓફર આવશે તેમને ત્રણ દિવસમાં જ તેમના શેર્સનું લિસ્ટિંગ કરાવી દેવાની છૂટ છે. પરંતુ તેમને ત્રણથી વધુ દિવસ લાગે તો તેની સામે કોઈ જ વિરોધ નોંધાવવામાં આવશે નહિ કે તેમની સામે કોઈ જ પગલાં પણ લેવામાં આવશે નહિ. પરંતુ પહેલી ડિસેમ્બર ૨૦૨૩થી દરેક આઈપીઓ આવ્યા પછી માત્ર ત્રણ જ દિવસમાં તેનું લિસ્ટિંગ કરાવી દેવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે.

આ સિસ્ટમને કારણે પબ્લિક ઈશ્યૂ લઈને આવનારી કંપનીના હાથમાં ભંડોળ વાસ્તવમાં વહેલું આવી જશે. બીજીતરફ શેર્સ માટે અરજી કરનારાઓને તેમના શેર્સ વહેલા મળી જશે.

આ સાથે જ એફપીઆઈ-ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ માટેના નોર્મ્સ-ધારાધોરણોમાં પણ ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ધારાધોરણોની ૨૩મી મેએ જાહેરાત કરવામાં આવી હતી. તેમાં ભારતની સીમાને અડીને આવેલા દેશોના નાગરિકો ભારતીય કંપનીઓના પ્રાઈમરી માર્કેટના ઈશ્યૂઓમાં રોકાણ કરી શકે તેવી જોગવાઈ કરવામાં આવી હતી. સીમાવર્તી દેશોના નાગરિકો જે તે કંપનીઓના શેર્સ હસ્તગત કરી શકે તેવી જોગવાઈ પણ કરવામાં આવી છે. હા, આ માટે તેમણે ભારત સરકારની આગોતરી મંજૂરી લેવી જરૂરી હોવાનું પણ તેમાં સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે. કેન્દ્રના ગૃહ ખાતાને આ મંજૂરી આપવાનું સોંપવામાં આવ્યું છે. ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટના આયોજન હેઠળ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

સેબીની આ જોગવાઈના નિયમોનો ભંગ ન થાય અને તેને તોડીમરોડીની સીમાવર્તી દેશોમાંથી ભારતીય કંપનીઓમાં રોકાણ ન કરી દેવામાં આવે તે હેતુથી સેબીએ ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ-એફપીઆઈ માટેના નિયમોને વધુ ચુસ્ત બનાવ્યા છે. તેને પરિણામે એફપીઓ હેઠળના સાચા કે વાસ્તવિક ઈન્વેસ્ટર્સ કોણ છે તે જાણી શકાશે. તેથી તેમની પાસેથી રોકાણ કરતાં પહેલા વધુને વધુ માહિતી માગવાની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમાં ફંડના માલિક, તેના આર્થિક હિતોને લગતી માહિતી માગવામાં આવશે. એફપીઆઈ કંપની કે વ્યક્તિગત રોકાણકાર પાસે મેનેજમેન્ટ હેઠળની કુલ ઈક્વિટીથી ૫૦ ટકાથી વધુ ઈક્વિટીની માલિકી હશે અને ભારતીય બજારોમાં કુલ મળીને રૂ.૨૫૦૦૦ કરોડથી વધુ રોકાણ કરવામાં આવેલું હશે તો તેવા સંજોગોમાં તેમની પાસેથી વધારાની માહિતી પણ માગવામાં આવશે. હા, સીમાવર્તી દેશોની સરકાર કે સરકારની કોઈ એજન્સી આ પ્રકારના રોકાણ કરશે તો તેની પાસેથી વધારાની માહિતી માગવામાં આવશે નહિ. પેન્શન ફંડમાં, પબ્લિક રિટેઈલ ફંડમાં કે પછી લિસ્ટ થયેલા ઈટીએફ-એક્સચેન્જ ટ્રેડડ ફંડમાં, કોર્પોરેટ કંપનીમાં તથા અગાઉથી ચકાસી રાખેલા જૂથ (પુલ્ડઃ pooled) ઈન્વેસ્ટમેન્ટ વેહિકલમાં રોકાણ કર્યું હશે અને તે ઈન્વેસ્ટમેન્ટ માટેની ચોક્કસ શરતોનું પાલન થતું હશે તો તેવા સંજોગોમાં તેમની પાસેથી વધારાની માહિતી માગવામાં આવશે નહિ. આ માટેના નિયમો તૈયાર કરવાની કામગીરી છેલ્લા દોઢ વર્ષથી ચાલી રહી છે. આ નવી જોગવાઈ પહેલી જાન્યુઆરી ૨૦૨૪થી અમલમાં આવશે.

# ChatGPT:નોકરીઓ ઓહિયા કરી જશે?



ChatGPTએ આખી દુનિયાને આજે માથે લીધી છે. નવેમ્બર ૨૦૨૨માં ChatGPT લોન્ચ થયું ત્યાર બાદ તેનું ચોથું કે પાંચમું વર્ઝન લોન્ચ થઈ ચૂક્યું છે. વિશ્વની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં દુનિયાના ૯૦ ટકા માનવોને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પરાસ્ત કરવાને સક્ષમ છે. ChatGPT સાથેની હરિફાઈમાં ગુગલ બાર્ડ પણ ઉતર્યું છે. માર્ચ ૨૦૨૩માં ગુગલ બાર્ડ લોન્ચ કરવામાં આવ્યું છે. તમે ChatGPTને કે ગુગલ બાર્ડને સૂચના આપશો કે મને ગ્રામીણ વિસ્તારમાં સોલાર પાવર કેટલો તફાવત લાવી શકે છે તેની માહિતી સાથેનો આર્ટિકલ લખી આપો. તમે માનશો નહિ, એકથી બે મિનિટમાં એટલે કે એક પત્રકાર-રિપોર્ટરથી પચ્ચીસ-પચાસ ગણી સ્પીડમાં તે આર્ટિકલ તૈયાર કરીને તમારા સ્ક્રિન પર મૂકી દેશે. હવે સવાલ એ થાય છે કે શું રિપોર્ટર-પત્રકારોની નોકરી તે ખાઈ જશે? કદાચ જવાબ ના જ આવશે. કારણ કે નેટ પર ઉપલબ્ધ માહિતીને આધારે કે માહિતીને દરેક સ્રોત પાસેથી માહિતી એકત્રિત કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એક લેખ તૈયાર કરી આપી શકે છે. પરંતુ કોઈ દુર્ઘટના એટલે કે વિમાન અકસ્માતની કે રોડ અકસ્માતની ઘટના બને તો સ્પોટ વિઝિટ કરીને એટલે કે  એટલે કે લાઈવ ઘટનાનો રિપોર્ટ તૈયાર કરવાનું તેને માટે મુશ્કેલ બની શકે છે. આજ ઉદાહરણને આગળ વધારીએ.

> આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એકલા અમેરિકાના ઓટો ઇન્ડસ્ટ્રીના મેન્યુફેક્ચરિંગ એકમમાં કામ કરતાં ૨૦ લાખ લોકોની રોજગારી ૨૦૨૫ સુધીમાં જ ખાઈ જશે તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવી છે. કારણ કે માનવ કરતાં રોબોટ્સની ઉત્પાદન ક્ષમતા વધારે છે.

Chat-GTPને રૂરલ રૂફટોપ અંગે આર્ટિકલ લખી આપવાની સૂચના આપી તે પછી તેણે અંગ્રેજીમાં બે જ મિનિટમાં આ આર્ટિકલ લખી આપ્યો. તેનો એક અંશ આ મુજબ છે:

**What are Rural Rooftop Solar Panels?**

Rural rooftop solar panels are photovoltaic (PV) panels installed on the rooftops of homes, schools, community centers, and other buildings in rural areas. These panels are made up of a collection of solar cells that convert sunlight into electricity. The electricity produced by the solar panels is stored in batteries, which can be used to power homes and businesses.

આમ નેટ પર ઉપલબ્ધ માહિતી પરથી આર્ટિકલ તૈયાર કરી આપી શકશે. પરંતુ તે જે તે વિસ્તારની સ્થિતિનું રિપોર્ટિંગ કદાચ નહિ જ કરી શકે. ઉદાહરણ આપીને વાત કરીએ. ગાંધીનગર શહેરને સોલાર પાવર પેદા કરવામાં કેટલા આગળ વધ્યું છે અને તેના સંદર્ભમાં લોકો સાથે વાતચીત કરીને શું સ્થિતિ નિર્માણ થઈ છે તેનું બયાન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી તૈયાર કરેલા આર્ટિકલમાં કદાચ આવી શકશે નહિ. કોઈ અધિકારી સાથે વાત કરીને તેનું મંતવ્ય તેમાં મૂકી શકાશે નહિ. તેથી માહિતી સાથેને લેખ મળી શકે છે. પરંતુ સ્પોટ વિઝિટ કરીને રિપોર્ટ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી તૈયાર કરવો અઘરો છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટ્રાન્સલેશન પણ કરી આપે છે. તેણે જ તૈયાર કરી આપેલા સોલાર પાવર અંગેના લેખનું તેણે Chat-GTPએ કરેલા ટ્રાન્સલેશનને હવે જોઈએ.

**“ગામેલી છત સોલાર પેનલ અને તેના ફાયદાઓ”**

“ગામેલી ક્ષેત્રો આમ રીતે બિજળીની પહોંચમાં મુશ્કેલી જોવા પડે છે. ઘણા ગામેલી જમીનો પર ગ્રિડની પહોંચ નથી હોય તેવા કેટલાક પ્રદેશો હોય છે અને જેમાં પહેલાં જેવી

**CA કંપની PwCએ અંદાજ મૂક્યો છે કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સને પરિણામે વૈશ્વિક GDPમાં ૨૦૩૦ સુધીમાં ૨૬ ટકાનો જંગી વધારો થઈ જશે. ૨૦૩૦ સુધીમાં આ વધારાનું મૂલ્ય અંદાજે ૧૫.૭ લાખ કરોડ ડોલરનું હશે.**



પહોંચ હોય તેમ જ ઘણી વખત બિજળીની ખાતરી રહે છે. પરંતુ, છત સોલાર પેનલના પ્રચલિત થયાને બેફામ છે અને રીતેમાં આવી જ જાહેરા તરીકે બિજળીની પ્રવાહ મળી શકે છે. છત સોલાર પેનલ્સ ગામેલી પ્રદેશોમાં ભારતમાં ખૂબજ સારો અને સસ્તો ઉપકરણ તરીકે જાણવામાં આવ્યા છે. આ છત સોલાર પેનલ્સ વિશે આ લેખમાં અમે"

આ ટ્રાન્સલેશન ખાસ રસ પડે તેવું નથી. આ ક્વોલિટીમાં આવનારા વરસોમાં કે મહિનાઓમાં સુધારો આવશે કે નહિ તેની આ અહેવાલ તૈયાર કરનારને ખબર નથી. પરંતુ તેનાથી ટ્રાન્સલેટર્સની જોબને જોખમ આવશે તેવા તારણ પણ અત્યારે આવી શકાય તેમ નથી. હા, નિબંધ જેવા લખાણો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ કરી આપી શકશે. પરંતુ સ્પોટ રિપોર્ટિંગ કે પછી પરફેક્ટ ભાવને પકડીને અનુવાદ કરી આપે તે અત્યારે શક્ય જણાતું નથી. ભવિષ્યમાં ChatGPT ટ્રાન્સલેશનની ગુણવત્તામાં સુધારો લાવી દે તો જુદી વાત છે. ટ્રાન્સલેશનમાં સુધારો લાવે તો ટ્રાન્સલેટર્સની ૨૫થી ૫૦ ટકા નોકરીઓ આવનારા વરસોમાં કદાચ જોખમમાં આવી શકે છે તેવું તારણ કાઢી શકાય છે. બિઝનેસ ઇન્સાઈડર, સી-નેટ અને CNBC જેવી ચેનલોએ તેમની ન્યુઝ સ્ટોરીઝ ChatGPTની મદદથી લખવાનું ચાલુ કરી દીધું છે. જોકે તેમાં ખોટી માહિતીઓ આવતી હોવાની ટીકાઓ પણ થઈ રહી છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો બીજો ગેરફાયદો એ પણ થશે કે માનવ પોતાનું મગજ કસવાનું બંધ કરી દેશે. તેથી મગજની ક્ષમતા વિકસશે નહિ. પરંતુ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સથી થતી ભૂલ પકડવા અને સુધારવા માટે માનવ મગજનો ઉપયોગ અનિવાર્ય બની જશે. તેથી તેમના જોબ પર આંશિક ખતરો છે તેટલું કહી શકાશે. પરંતુ તેમના જોબ સાવ જ ખવાઈ જશે તેમ કહેવું અઘરું છે.

**નોકરી જવાનો ભય ખોટો,**
**પણ અપગ્રેડ થવું પડશે:**

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સથી દરેક વ્યવસાયકારોની નોકરી ખવાઈ જશે તેવો ભય ફેલાવવામાં આવી રહ્યો છે. બીજી તરફ ગોલ્ડમેન સેચ્સે જાહેર કરેલા અંદાજ મુજબ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ઓછામાં ઓછા ૩૦ કરોડ લોકોની એટલે કે વિશ્વના જોબ માર્કેટમાંથી ૧૮ ટકા લોકોની નોકરી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ઓહિયા કરી જશે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સથી ઘણું કામ ઓટોમેટિક જ થવા માંડશે. તેથી વિકસિત અર્થતંત્રો પર તેની વધુ મોટી અસર જોવા મળશે. ભારત વિકાસશીલ અર્થતંત્ર ધરાવતા દેશોની યાદીમાં આગળ



## નવી તકોનું સર્જન થશે

અલબત્ત નિષ્ણાતોનું માનવું છે કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સને કારણે ડેટા સાયન્સ અને પ્રોગ્રામિંગ કરનારાઓને માટે નોકરીની અનંત તકોનું નિર્માણ થશે. જોકે આ કામગીરીની જાણકારી ન ધરાવતા અને નોકરી ગુમાવી ચૂકેલા કર્મચારીઓ માટે ડેટા સાયન્સ અને પ્રોગ્રામિંગનું કામ શીખીને જોબ મેળવવી કઠિન તો બનશે જ બનશે. કોમ્પ્યુટર આવ્યા અને ડોટકોમની ક્રાન્તિ આવી ત્યારે પણ માણસોની નોકરીઓ ખવાઈ કે ચવાઈ જશે તેવા ભયનો માહોલ નિર્માણ કરવામાં આવ્યો હતો. પરંતુ તે વાત આજે સાચી પુરવાર થઈ નથી. તેનાથી વધુ લોકોને રોજગારી મળી છે. CHAT-GPT તેના વપરાશકારોને જ્ઞાન પૂરું પાડશે. તેનો ઉપયોગ કઈ રીતે કરવો તે તેનો આધાર તેમની સર્જકતા પર નિર્ભર છે. આમ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ જોબ ખાઈ જશે તે એક જરીપુરાણી કથા જ છે. તેનાથી જોબલોસ થવાનો મોટો ખતરો નથી. હા, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ કર્મચારીઓને તેમની કુશળતામાં વધારો કરવાની જરૂર ફરજ પાડશે.

**FMCG કંપનીઓ તેના બિઝનેસને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની મદદથી તેમની કાર્યક્ષમતાને વધુ ચુસ્ત બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની મદદથી કન્ઝ્યુમર ગુડ્સના સેક્ટરની છૂટક વેચાણ કરતી કંપનીઓની શિકલ બદલાઈ રહી છે.**

# કયા સેક્ટર પર અસર પડી શકે?



## મેન્યુફેક્ચરિંગ અને ફેક્ટરી વર્કર્સ

ટેકનોલોજી અપગ્રેડ થતાં સેંકડો લોકોથી ચાલતા પ્રિન્ટિંગ પ્રેસમાં ઓટોમેશન આવવાને કારણે ૭૫ ટકા કારીગરો તેમની નોકરી ગુમાવી ચૂક્યા છે. આજે એક પ્રિન્ટિંગ પ્રેસમાં પ્લેટ મેકિંગથી માંડીને ફાઇનલ પ્રિન્ટિંગ સુધીના સ્ટેજમાં માંડ પાંચ-પંદર માણસની જરૂર પડે છે. પહેલા આ કામગીરી કરવા માટે ૭૫થી ૧૦૦ માણસોની જરૂર પડતી હતી. ઓટોમોબાઈલ સેક્ટર પર પણ તેની મોટી અસર આવી જ ચૂકી છે. એડવાન્સ ડ્રાઈવર આસિસ્ટન્સ સિસ્ટમ તેનું એક મોટું ઉદાહરણ છે. તેનાથી ડ્રાઈવર તરીકે નોકરી કરીને ગુજારો કરનારાઓની નોકરીઓ જોખમમાં આવી જ શકે છે. જોકે દોડતી કાર પર સાયબર એટેક કરીને કાર અને કારના માલિકનું ધનોતપનોત કાઢી નાખે તેવું જોખમ પણ રહેલું છે. પહેલા મોટરનો દરેક પાર્ટ્સ અલગ અલગ કારીગર ફીટ કરતો હતો. બધું જ કામ મેન્યુઅલી થતું હતું. વાહન બનાવવા માટેના દરેક કામ માટે ફેક્ટરીના અલગ અલગ વિસ્તારોમાં વાહનના પૂરજાઓ લઈ જઈને જોડવા પડતા હતા. તેનું સ્થાન મશીને લીધું. ઓટોમેટિક મશીનની ચેઈન પર માણસને સાધન સાથે તૈયાર રાખીને આંશિક કામ કરાવવાની સિસ્ટમ આવી ચૂકી છે. તેથી એક જગ્યાએથી કારના પાર્ટ્સ ફિટ થતાં થતાં સુધીની ૫૦૦ મીટર સુધીની ચેઈનમાં મોટર તૈયાર થઈને બહાર નીકળી જાય છે. આ કામગીરી માટે એકથી બે કલાકથી વધુ સમય જતાં નહોતો. પહેલા મોટી સંખ્યામાં કામદારો આ કામગીરી કરતાં હતા. તેમાં થોડી કચાશ રહી જતી હતી. હવે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સથી તે કામને વધુ સરળ બનાવવામાં આવ્યું છે. ટેસ્લાના પ્રમોટર એલન મસ્કે ટેસ્લા બોટ નામનું આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનું સોફ્ટવેર તૈયાર કરાવ્યું છે. તેને ઓપ્ટીમસ તરીકે પણ ઓળખાવવામાં આવે છે. આ સોફ્ટવેર માનવ કારીગરોનું સ્થાન લઈ લેશે. ટેસ્લાની ફેક્ટરીમાં મસ્ક ટેસ્લા બોટ લગાવવા માગે છે. આર્ટિફિશિલ ઇન્ટેલિજન્સ એકલા અમેરિકાના ઓટો ઇન્ડસ્ટ્રીના મેન્યુફેક્ચરિંગ એકમમાં કામ કરતાં ૨૦ લાખ લોકોની રોજગારી ૨૦૨૫ સુધીમાં જ ખાઈ જશે તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવી છે. કારણ કે માનવ કરતાં રોબોટ્સની ઉત્પાદન ક્ષમતા વધારે છે. ચીનમાં ઓટોમોબાઈલની ફેક્ટરીમાં માનવને બદલે રોબોટ્સને કામે લગાડી દેવામાં આવતા તેની ઉત્પાદન ક્ષમતામાં ૨૫૦ ટકાનો વધારો આવી ગયો છે. તેમ જ ઓટોમોબાઈલના ફાઈનલ પ્રોડક્ટ્સમાં જોવા મળતી ક્ષતિઓના પ્રમાણમાં ૮૦ ટકાનો ઘટાડો આવી ગયો છે. એક મોટર તૈયાર કરવા માટે ૬૫૦ માણસોની સેવાઓ લેવામાં આવતી હતી. હવે માત્ર ૬૦ રોબોટ્સ અને ૬૦ માણસો મળીને તે કામ વધુ સારી રીતે કરી આપે છે. માત્ર અમેરિકા અને ચીનના આંકડાઓને આધારે આખી દુનિયાના દેશોને ધ્યાનમા લઈને ગણતરી માંડવામાં આવે તો કરોડો કારીગરો જોબ ગુમાવે તેવી સંભાવના છે.

## મિડિયા અને માર્કેટિંગ



મિડિયા અને માર્કેટિંગ પણ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની ઝપટમાં આવી જશે એમ માનવામાં આવે છે. નેચરલ સાયન્સના ચીફ સાયન્ટિસ્ટ ક્રિસ્ટીઅન હેમેન્ડે બીબીસી સાથેની વાતચીતમાં જણાવ્યું છે કે આગામી ૧૫ વર્ષમાં ૯૦ ટકા ન્યુઝ મશીનો લખવાનું ચાલુ કરી દેશે. નેચરલ સાયન્સ પાસે ક્વિલ કરીને એક આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનું સોફ્ટવેર છે. આ સોફ્ટવેર કંપની રિપોર્ટ્સ તૈયાર કરે છે. કંપનીની કુલ આવક કેટલી થઈ તેની જાહેરાત થાય તે પૂર્વે જ કંપની રિપોર્ટ્સ તે તૈયાર કરી આપે છે. જર્મનીના પબ્લિશર એક્સલ સ્પ્રિન્ગરે હવે માત્ર ડિજિટલ સ્વરૂપમાં જ પબ્લિકેશન કરવાની જાહેરાત ત્રણ મહિના પૂર્વે જ કરી દીધી છે. તેથી રાઈટિંગના સેક્ટરમાં જોબ કટ્સ સારા એવા પ્રમાણમાં આવી શકે છે. માર્કેટિંગના રિપોર્ટ્સ તૈયાર કરનારાઓ ૮૪ ટકા લોકો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરતાં થઈ ગયા છે.




## ફાઈનાન્સ અને બેન્કિંગ

ફાઈનાન્સ અને બેન્કિંગના બિઝનેસ પર આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની ખાસ્સી અસર જોવા મળશે. સૌથી મોટી વાત તો એ છે કે બેન્કના જંગી ડેટામાંથી ફાઈનાન્શિયલ ફ્રોડનો ડેટા સરળતાથી અલગ તારવી શકાશે. તેમ જ શેરબજારના વર્તમાન ટ્રેન્ડને આધારે તેની ભાવિ ચાલનો પણ અંદાજ આપી શકે છે. ફોર્બ્સ ઇન્નોવેશનની અનુમાન મુજબ ૫૬ ટકાથી વધુ બેન્કોએ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની મદદ લેવાનું ચાલુ કરી દીધું છે. બેન્કોના મેનેજમેન્ટ માટે, રેવન્યુ જનરેશન માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરવા માંડ્યો છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ દરેક આર્થિક વહેવારોનું નિયમન કરીને વિગતવાર એડવાઈઝ આપવાને સક્ષમ છે. તેમાં ક્યાં બચત કરી શકાય અને ક્યાં ખર્ચ કરી શકાય તેનું માર્ગદર્શન અને સલાહ પણ આપી શકે છે. મોર્ગન એન્ડ સ્ટેન્લીએ ચેટબોટ્સ સાથે જોડીનેઓપન આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરવાનું ચાલુ કરી દીધું છે અને વેલ્થ મેનેજમેન્ટ કેમ કરવું તે માટેનું માર્ગદર્શન લેવા માંડ્યું છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની મદદથી બેન્કના દરેક ડેટાને એક સ્થળે જોઈને તેમાં ક્યાં કેટલી ક્ષતિ છે તેનું તારણ કાઢવું આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સને કારણે સરળ બની જાય છે. વર્લ્ડ ઇકોનોમિક ફોરમનું પણ અનુમાન છે કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ફાઈનાન્સ ડિવિઝનમાં ત્રણ મોટા ફેરફારો લાવી શકશે. એક, ફાઈનાન્સ ડિવિઝનમાં ઘણાં લોકોએ નોકરી ગુમાવવી પડશે. તેની સાથે બીજી નવી કામગીરી માટે નવા જોબ્સનું પણ નિર્માણ ખરશે. તેમ જ બેન્કની કાર્યક્ષમતામાં ગજબનો સુધારો લાવી દેશે. એક અંદાજ મુજબ ૨૦૨૭ની સાલ સુધીમાં ચીનના ફાઈનાન્સ સેક્ટરના ૨૩ ટકા જોબ આર્ટિફિશિયલ ઇન્ટેજિલન્સ ઓહિયા કરી જશે.




## ટ્રાન્સપોર્ટ ઇન્ડસ્ટ્રી

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની ટ્રાન્સપોર્ટ ઇન્ડસ્ટ્રી પર પણ મોટી અસર પડી શકે છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની મદદથી બનાવવામાં આવેલા સોફ્ટવેરથી પ્રોડક્ટ્નો ઓર્ડર આપનારનો ડિલીવરી ટાઇમનો ચોકસાઇપૂર્વક અંદાજ આપી શકાય છે. તેથી ટ્રાન્સપોર્ટેશનનું કામ કરતી કંપનીઓના પરફોર્મન્સમાં સુધારો થાય છે. તેમ જ તેમને રેવન્યુ લોસ ઓછો થાય છે. રોબોટથી ચાલતા વેરહાઉસ પણ હવે તૈયાર થઈ રહ્યા છે. તેવી જ રીતે ડ્રાઈવર લેસ ટ્રક પણ આવશે તેથી લોજિસ્ટિક-ટ્રાન્સપોર્ટ ઉદ્યોગમાં મોટી ક્રાન્તી આવશે. વેપાર વધી રહ્યો હોવાથી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો આશરો વધુને વધુ લોકો લેતા થયા છે. ભવિષ્યમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વિના ચાલતો લોજિસ્ટિકનો બિઝનેસ સફળ રહેશે કે નહિ તે જ એક મોટો સવાલ છે.

## એજ્યુકેશન

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એજ્યુકેશનના સેક્ટરમ પણ મોટું પરિવર્તન લાવી રહ્યું છે. ટીચર્સને તેમના ક્લાસ એરેન્જ કરવામાં અને શિક્ષણ કઈ રીતે આપ તેમાં વધુ કાબેલ બનાવી શકે છે. એકની એક વાત વરસોના વરસ સુધી ક્લાસમાં જુદાં જુદાં વિદ્યાર્થીઓ કરતાં રહીને શિક્ષકો પણ કંટાળી જાય છે. તેઓ શિક્ષણમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરીને વધુ અર્થપૂર્ણ અભ્યાસક્રમ તૈયાર કરી શકશે તેમ જ શિક્ષણની પદ્ધતિમાં બદલાવ પણ લાવી શકશ દરેક વિદ્યાર્થીની જરૂરિયાત પ્રમાણે શિક્ષણ પદ્ધતિમ બદલાવ લાવી શકશે.




## ઓનલાઈન બિઝનેસ

ઓનલાઈન બિઝનેસમાં કસ્ટમર્સ ક્વેરીના જવાબ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વધુ સરળતાથી અને સારી રીતે આપી શકે છે. આ ઉપરાંત ગ્રાહકની પસંદગી અને બજેટ પ્રમાણે પ્રોડક્ટ્સ સજેસ્ટ કરવાનું કામ પણ AI વધુ સારી રીતે કરી શકે છે.



## આરોગ્ય સેવાઓ

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની મદદથી આંતરડાંના કેન્સરની તપાસ બહુ જ ઝડપથી અને ચોકસાઇ પૂર્વક કરી શકાય છે. એપોલો હોસ્પિટલ અને ભારતી એરટેલે મળીને આ અંગે કરેલા અખતરાના બહુ જ સારા પરિણામો મળ્યા છે. દરદીની ચિકીત્સા બહુ જ ઓછા સમયમાં અને ચોકસાઇ પૂર્ણ રીતે કરી શકાઇ છે. પેશન્ટને પણ તેનાથી ખાસ્સી રાહત થઈ ગઈ છે. ગુજરાતની ફાર્મા કંપની સનફાર્માએ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને મશીન લર્નિંગનો આશરો લીધો હોવાથી નવી ડ્રગ માટેના તેના સંશોધનની ઝડપ વધી ગઈ છે અને નવી શોધેલી ડ્રગની માનવ ઉપર પડનારી અસરનો ક્યાસ કાઢવા માટે વધુ સારી રીતે ક્લિનિકલ ટ્રાયલ કરી શકાય છે.



મશીન લર્નિંગની સિસ્ટમથી અત્યંત ગૂંચવાડાભરી શસ્ત્રક્રિયા એકદમ આસાનીથી અને ઝડપથી કરી શકાય છે. તેની સર્જરીમાં સર્જનના હાથની ચોકસાઇ કરતાં વધુ ચોકસાઇ હોય છે. ડ્રગની ફોર્મ્યુલાયા અંગેની માહિતી તે કાબેલ ડોક્ટર કરતાં વધુ ચોકસાઇથી આપી સકશે.ઇન્ટરનેશનલ જર્નલ ઓફ હેલ્થ સર્વિસના એક અભ્યાસના રજૂ કરેલા તારણો મુજબ મનોચિકીત્સકો તેમના ૨૦.૩ ટકા સમયનો પેપરવર્ક કરવામાં જ ઉપયોગ કરે છે. તેવી જ રીતે જનરલ પ્રેક્ટિશનર્સ ૧૭.૩ ટકા સમય પેપર વર્કમાં જ પસાર કરે છે. તેનું ઓટોમેશન કરવામાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ભૂમિકા ભજવી શકે છે. ઓક્સફર્ડ યુનિવર્સિટીના એક રિપોર્ટમાં આગાહી કરવામાં આવી છે કે મેડિસિન્સના ટ્રાન્સક્રિપ્શન કરનારાઓના જોબ ખતરામાં આવશે. મેડિકલ રેકોર્ડ્સની નોંધણી પણ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સથી શક્ય બની જશે. તેથી મેડિકલ સેક્રેટરી અને હેલ્થ ઇન્ફોર્મેશન ટેકનિશિયન આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના પ્રભાવ હેઠળ નોકરી ગુમાવી શકે છે. મનોચિકીત્સા સાથે સંકળાયેલા ઘણાં લોકોએ જોબ ગુમાવવો પડી શકે છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ હેલ્થકેરના સેક્ટરમાં ખાસ્સો સુધારો લાવી શકે છે.

## કૃષિ સેક્ટર

કૃષિ સેક્ટરની રોજગારી પર પણ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની મોટી અસર પડી શકે છે. ભારતમાં ખેતીનું યાંત્રિકીકરણ ઓછું થાય છે. ભારતની વસતી વધારે છે. આજેય ૬૦ ટકા લોકો ખેતી પર નિર્ભર છે. પરંતુ તેને કારણે શહેર તરફ સ્થળાંતર કરવાનું પ્રમાણ ખાસ્સું વધી ગયું છે. તેથી નાના ખેડૂતો તો યાંત્રિકરણ-મિકેનાઈઝેશનથી દૂર જ રહેવાનું પસંદ કરે છે. કારણ કે ટેક્નોલોજી મોંઘી પડે છે. તેમાં રોકાણ કરવા જેટલો ફાયદો થતો નથી. અમેરિકામાં પણ ખેતી કરનારા ૯૮ ટકા લોકો પાસે પચાસ ટકા ખેતીની જમીન છે. અમેરિકાના ખેડૂતો પણ તગડો નફો કમાઈ ન શકતા હોવાથી યાંત્રિકરણ તરફ ઝડપથી આગળ વધી શકતા નથી. તેથી અમેરિકા માટે પણ ખેતીનું યાંત્રિકરણ ઝડપથી કરવું કઠિન બની ગયું છે. તેમ છતાંય અમેરિકાની નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફૂડ એન્ડ એગ્રીકલ્ચર આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ખેતીમાં ઉપયોગ કરવા માટેના સંશોધન માટે ભંડોળની ફાળવણી કરે છે.



# કાનૂની સેવાઓ:

કોર્ટ કેસનો ડ્રાફ્ટ તૈયાર કરવાની ૮૦ ટકા કામગીરી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ગણતીરીની મિનિટોમાં કરી શકે છે. ચોક્કસ પ્રકારના ગુનાના કેસોમાં કઈ કઈ કલમો લાગે તે ગણતરીની સેકન્ડોમાં શોધીને વકીલના સ્ક્રિન પર મૂકી દેશે. સોશિયલ સાયન્સ રિસર્ચ નેટવર્ક માટેનું ૧૪ પેજનું લીગ પેપર ChatGPT મારફતે તૈયાર કરીને પબ્લિક ફોરમમાં રજૂ કરવાનો કિસ્સો બન્યો છે. તેમાં સુપ્રીમ કોર્ટના સજાતિય લગ્નો અંગેના સુપ્રીમ કોર્ટના ચૂકાદાના કેસની છણાવટ કરવામાં આવી હતી. તેમ જ કાર્ટમાં જવાબ રજૂ કરવા માટે કે પછી અન્ડરટેકિંગ-બાંયધરી આપવા માટે કેવી રીતે રજૂઆત કરવી તેનો મુસદ્દો પણ તૈયાર કરવો તે પણ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સથી તૈયાર કરી શકાય છે અને કરી શકાશે. કોઈપણ ઘટનાના કેસમાં જુબાની આપવા માટે હાજર થતાં મુખ્ય સાક્ષીઓને કેવા સવાલ પૂછવા તે પણ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સથી તૈયાર કરી શકાશે. આર્ટિફિશિલ ઇન્ટેલિજન્સનું AI-બોટ તરીકે ઓળખાતું આ સોફ્ટવેર ન્યાય મેળવવા માટે કોર્ટ સમક્ષ કેવી રજૂઆતો કરવી તે અંગેની માહિતી પૂરી પાડી શકશે. તેનાથી કાનૂની લડત માટેના વ્યૂહ તૈયાર કરવા સરળ બની જશે. ઘટના સામાન્ય રીતે કોર્ટ કેસની સુનાવણી ચાલુ કરવા માટે ઉપરની પ્રક્રિયા કરવામાં આવે છે. પરિણામે કાનૂની સેવાઓ માટેનો ખર્ચ ઊઠાવી ન શકનારાઓને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ કાનૂની સેવાઓ વધુ સરળતાથી ઉપલબ્ધ કરાવી શકે છે. આ સુવિધાનો લાભ ફરિયાદી પક્ષના અને આરોપી પક્ષના વકીલો લઈ શકશે. તેનાથી વકીલોનું કામ સરળ બનશે. તેની મદદ લઈને પાર્ટી ઇન પરસન હાજર થનારાઓ વધશે તો વકીલોના કામકાજ પર અસર પડશે. તેથી જ લીગલ સર્વિસમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ શરૂ થવા માંડ્યો છે.

હોવાથી ભારતના જોબ માર્કેટ પર પણ તેની અસર જોવા મળશે. ઉદ્યોગો પણ ઉત્પાદકતા વધારવા ChatGPTનો ઉપયોગ કરવા માંડ્યા છે. વિશ્વની અગ્રણી CA કંપની PwCએ અંદાજ મૂક્યો છે કે આર્ટીફિશિયલ ઇન્ટેલિજન્સને પરિણામે વૈશ્વિક જીડીપીમાં ૨૦૩૦ સુધીમાં ૨૬ ટકાનો જંગી વધારો થઈ જશે. ૨૦૩૦ સુધીમાં આ વધારાનું મૂલ્ય અંદાજે ૧૫.૭ લાખ કરોડ ડૉલરનું હશે. ૨૦૨૫ની સાલ સુધીમાં ભારતના GDPમાં જ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ૪૫૦થી ૫૦૦ અબજ ડૉલરનો વધારો કરી શકે છે. ૨૦૩૫ સુધીમાં ભારતના જીડીપીમાં ૯૩૫ અબજ ડૉલરનો વધારો થઈ જશે. છતાં તેનાથી નોકરીઓ ખવાઈ જશે તેની બૂમરાણ તો ચાલુ જ છે. આરોગ્ય સેવા, ફાઈનાન્સ સેક્ટર અને એજ્યુકેશન સેક્ટરની શિકલ તો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને કારણે બદલાવાની શરૂ થઈ ગઈ છે.

> દુનિયાના સૌથી શ્રીમંત માનવ એલન મસ્ક આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સને ન્યુક્લિયર બોમ્બથી પણ વધુ ખતરનાક સાધન તરીકે ઓળખાવે છે: આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ પર માનવનો વધુ સારો અંકુશ ન આવે ત્યાં સુધી તેને વધુ ડેવલપ કરવા પર બ્રેક લગવવાની માગણી કરી

**નવી તકોનું સર્જન થશે:**

અલબત્ત નિષ્ણાતોનું માનવું છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને કારણે ડેટા સાયન્સ અને પ્રોગ્રામિંગ કરનારાઓને માટે નોકરીની અનંત તકોનું નિર્માણ થશે. જોકે આ કામગીરીની જાણકારી ન ધરાવતા અને નોકરી ગુમાવી ચૂકેલા કર્મચારીઓ માટે ડેટા સાયન્સ અને પ્રોગ્રામિંગનું કામ શીખીને જોબ મેળવવી કઠિન તો બનશે જ બનશે. કોમ્પ્યુટર આવ્યા અને ડોટકોમની ક્રાન્તિ

## USમાં ChatGPTના અવિચારી ઉપયોગ બદલ વકીલને દંડ

GCCIના IPR ટાસ્ક ફોર્સના કો-ચેરપર્સન પ્રણિત નાણાંવટીએ જણાવ્યું કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ તમને મદદરૂપ બની શકે છે પરંતુ તેના પર આંખ બંધ કરીને વિશ્વાસ કરવો યોગ્ય નથી. ગમે તેમ તો પણ તે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જ છે, તે મનુષ્યને રિપ્લેસ કરી ન શકે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના બેફામ ઉપયોગનો એક કિસ્સો ટાંકતા તેમણે જણાવ્યું કે યુ.એસમાં તાજેતરમાં એક વકીલે ChatGPTએ જવાબમાં દર્શાવેલી કાયદાની વિગતો પર આંખો બંધ કરીને ભરોસો મૂકી દીધો હતો. વાસ્તવમાં આ વિગત સાવ ખોટી હતી અને વકીલે પાછળથી એફિડેવિટ પર કોર્ટની માફી માંગવી પડી હતી.



**પ્રણિત નાણાંવટી,** કો-ચેરપર્સન
IPR ટાસ્ક ફોર્સ, GCCI

ઉલ્લેખનીય છે કે એપ્રિલ મહિનામાં ChatGPTએ રિસર્ચના ભાગ રૂપે યુ.એસના એક ખૂબ પ્રતિષ્ઠાવાન પ્રોફેસર વિદ્યાર્થીઓની જાતીય સતામણી કરતા હોવાની ખોટી વિગતો દર્શાવતા વિવાદ થયો હતો.

## ChatGPTની મર્યાદા

- ChatGPT ઘણી વાર સાચા દેખાય તેવા પણ વાસ્તવિકતામાં ખોટા જવાબો આપે છે.
- ઘણી વાર કોઈ પ્રશ્ન પૂછાય તો તેનો ઉત્તર નથી ખબર તેમ જણાવે છે. પરંતુ એ જ પ્રશ્નને કોઈ જુદી રીતે પૂછાય તો તે તેનો જવાબ દર્શાવે તેવું બને છે.
- આ મોડેલ જરૂર કરતા અનેક ગણા વધારે શબ્દો વાપરે છે અને અમુક શબ્દો વારંવાર વાપરે છે. આથી જ જોઈ સર્ચ એન્જિન ઓપ્ટિમાઈઝેશન માટે AIથી જનરેટ કરેલા કન્ટેન્ટનો ઉપયોગ કરવામાં આવે તો સર્ચ એન્જિન તેને તરત જ ઓળખી લે છે અને વધારે પ્રમોટ કરતું નથી.
- જ્યારે મૂંઝવણભર્યા પ્રશ્ન પૂછવામાં આવે ત્યારે ChatGPT યુઝર શું પૂછવા માંગે છે તે ધારી લે છે અને તે મુજબના જવાબ દર્શાવે છે.
- અમુક કિસ્સામાં તે ઘાતક કે હાનિકારક વિગતો દર્શાવે છે.
- ૨૦૨૧ પછીની ઘટનાઓ અંગે મર્યાદિત જ્ઞાન ધરાવે છે.

**● મશીન બેન્કનરના આગમનથી બેન્કિંગની આખી સિસ્ટમ બદલાઈ જશે, તેની મોટી અસર કસ્ટમર્સ સર્વિસ અને શેરહોલ્ડર સાથેના વહેવારોમાં જોવા મળશે**

**● ગુજરાતની ફાર્મા કંપનીએ ડ્રગ ડિસ્કવરી માટેના અખતરાઓ સારી રીતે કરી શકાય તે માટે આર્ટિફિશિયલ ઇન્ટિલિજન્સ અને મિકેનાઈઝ લર્નિંગનો આશરો લીધો**

આવી ત્યારે પણ માણસોની નોકરીઓ ખવાઈ કે ચવાઈ જશે તેવા ભયનો માહોલ નિર્માણ કરવામાં આવ્યો હતો. પરંતુ તે વાત આજે સાચી પુરવાર થઈ નથી. તેનાથી વધુ લોકોને રોજગારી મળી છે. ChatGPT તેના વપરાશકારોને જ્ઞાન પૂરું પાડશે. તેનો ઉપયોગ કઈ રીતે કરવો તે તેનો આધાર તેમની સર્જકતા પર નિર્ભર છે. આમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જોબ ખાઈ જશે તે એક જરીપુરાણી કથા જ છે. તેનાથી જોબલૉસ થવાનો મોટો ખતરો નથી. હા, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કર્મચારીઓને તેમની કુશળતામાં વધારો કરવાની જરૂર ફરજ પાડશે.




## કઈ કઈ રીતે થઈ રહ્યો છે ChatGPTનો ઉપયોગ?

- ગાર્ડનિંગઃ તમારા ગાર્ડનમાં કયા સમયે કેટલો સૂર્યપ્રકાશ આવે છે, ગાર્ડનમાં અન્ય કયા વૃક્ષ કે છોડવા છે તેની વિગતો નાંખતા ChatGPT તમારા ગાર્ડનમાં કયા વૃક્ષો કે છોડ સરળતાથી ઉછરી શકશે તેની વિગતો આપી દે છે.
- વર્કઆઉટઃ તમે તાજેતરમાં જે વર્કઆઉટ કરતા હોવ તેની વિગતો તમે ChatGPTને આપો તે તે તમારા કયા મસલ્સને ઓછી કસરત મળે છે તેનું એસેસમેન્ટ કરીને નવો વર્કઆઉટ પ્લાન તૈયાર કરી આપે છે.
- લંચ કે ડિનરઃ તમે ચોક્કસ પ્રકારનું ડાયટ ફોલો કરતા હોવ, અથવા તો રોજ સાંજે શું બનાવવું તેની મૂંઝવણ હોય તો પણ ChatGPTને પૂછીને તેનો જવાબ મેળવી શકો છો.
- દલીલો સમજવાઃ વકીલો ChatGPTનો ઉપયોગ સામી પાર્ટી કેવી કેવી દલીલ કરી શકે તે સમજવા માટે પણ કરી રહ્યા છે. આનાથી તેમને કેસ માટે તૈયારી કરવામાં સારી મદદ મળી રહે છે.
- સ્પેસશિપ ડિઝાઈનઃ ઘણી વાર સ્પેસશિપના અમુક પાર્ટ્સ બનાવવા કયું મટિરિયલ વાપરવું તેના સંશોધનમાં વર્ષો નીકળી જાય છે. ChatGPTને રિક્વાયરમેન્ટ જણાવવામાં આવે તો તે ગણતરીની મિનિટમાં ૩૦થી ૪૦ આઈડિયા તમારી સમક્ષ પ્રસ્તુત કરી શકે છે જેના પર તમે આગળ પ્રયોગ કરી શકો છો.
- સ્પીચ લખવા માટેઃ મુખ્ય અતિથિ તરીકે કે પેનલ ડિસ્કશનમાં ભાગ લેવાનો હોય ત્યારે સ્પીચ લખવા પાછળ ઘણો સમય જતો હોય છે. ChatGPTને ફક્ત મુદ્દા આપી દેવામાં આવે તો તે તેમાંથી સરસ સ્પીચ તૈયાર કરી આપે છે.
- એક્સેલના ફોર્મ્યુલા લખવા માટેઃ એક્સેલ ખૂબ ઉપયોગી ટૂલ છે પરંતુ તેનો સારામાં સારો ઉપયોગ કરવા માટે જુદા જુદા ફોર્મ્યુલા યાદ રાખવા જરૂરી છે. એક્સેલ શીટમાં જે લોકો વધુ કામ કરતા હોય તે ChatGPTનો ઉપયોગ ફોર્મ્યુલા શોધવા માટે કરી રહ્યા છે. નવા ફોર્મ્યુલા બનાવવામાં પણ ChatGPT મદદરૂપ બને છે.
- ગીતોનું પ્લેલિસ્ટ બનાવવા માટેઃ જી હા, લોકો તેમના મનગમતા ગીતોનું પ્લેલિસ્ટ બનાવવા માટે પણ ChatGPTનો ઉપયોગ કરી રહ્યા છે. દાખલા તરીકે, મને તબલા અને વાંસળીનો ઉપયોગ થયો હોય તેવા શાંત ગીતો સાંભળવાની ઈચ્છા છે, મારા માટે પ્લેલિસ્ટ સજેસ્ટ કરો. આટલું લખવાથી ChatGPT તમારા માટે ગીતોનું આખું લિસ્ટ દર્શાવી દેશે.

# ઈન્સાઈડર ટ્રેડિંગ: સેબીનો ટૂંકો પડી રહેલો પનો




**ઇન્સાઇડર ટ્રેડિંગ કરનારાઓ પર ગાળીયો કસીને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા શેરબજારના રોકાણને વધુ સલામત બનાવી શકશે કે કેમ તે એક મોટો સવાલ છે**

ઈન્સાઈડર ટ્રેડિંગ કરનારાઓ સામેના કેસ પુરવાર કરવામાં સેબીને અપેક્ષા કરતાં ઓછી સફળતા મળી રહી છે. પરિણામે માર્કેટમાં ખેલ કરીને કરોડોની કમાણી કરી જનારાઓ છટકી જાય છે. અમેરિકાએ ઈન્સાઈડર ટ્રેડિંગ રોકવા માટેના નિયંત્રણોનો અમલ ૧૯૩૪માં કરી દીધો હતો. છતાં આજની તારીખે ઈન્સાઈડર ટ્રેડિંગના માત્ર ૨૫ ટકા કેસો પકડી પાડીને સજા કરવામાં સફળ થાય છે. અમેરિકા હોય કે પછી વિશ્વના અન્ય દેશોના સ્ટોક માર્કેટ હોય, ઈન્સાઈડર ટ્રેડિંગને રોકવું કઠિન છે. દરેક દેશની સરકાર ઈન્સાઈડર ટ્રેડિંગ રોકવામાં અવરોધરૂપ બનતા છીંડાંઓ પૂરવાનો અવિરત પ્રયાસ કર્યા જ કરે છે. છતાં ઈન્સાઈડર ટ્રેડિંગમાં નફો કરનારાઓ તગડો નફો કરીને સિફતથી નીકળી જાય છે. વાસ્તવમાં ઈન્સાઈડર ટ્રેડિંગને રોકવું મુશ્કેલ છે. તેમાંય ઈન્સાઈડર ટ્રેડિંગને શોધીને પુરવાર કરવું બહુ જ અઘરું છે. ભારત સરકારે ઈન્સાઈડર ટ્રેડિંગ રોકવા માટેના નિયંત્રણોનો અમલ ૧૯૯૨માં શરૂ કર્યો હતો. ત્યારથી તેને લગતા નિયમોમાં સુધારા કરવાનું ચાલુ જ છે. ૨૦૧૩ની સાલમાં ન્યાયમૂર્તિ સોઢીના વડપણ હેઠળ કમિટીની રચના કરીને ઈન્સાઈડર ટ્રેડિંગ માટેના નિયંત્રણો નક્કી કરવા જણાવવામાં આવ્યું હતું. ૨૦૧૫ની સાલમાં પણ તેમાં મોટા સુધારા કર્યા હતા.

### ઈન્સાઈડર ટ્રેડિંગમાં ભોળા રોકાણકારો છેતરાય છે:

ભારતીય શેરબજારમાં ભોળા રોકાણકારો છેતરાઈ જાય છે, તેમના હજારો લાખો રૂપિયા ખેંચાઈ જાય છે. ત્યારબાદ તેમાંનો ઘણો વર્ગ શેરબજારથી દૂર પણ થઈ જાય છે. શેરબજારની વિશ્વસનીયતાને તેનાથી ધક્કો લાગી રહ્યો છે. પરિણામે સેબીએ નિયમમાં ફેરફાર કરવાની દરખાસ્ત મૂકી છે. ઈન્સાઈડર ટ્રેડિંગની શંકા જગાવે તેવા સોદા થયા હોય તેવો આરોપ જે દલાલ કે બ્રોકર પર મૂકવામાં આવે તેણે પોતે નિર્દોષ હોવાના પુરાવાઓ રજૂ કરવા પડશે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ખણિક શાહનું કહેવું છે, "ઈન્સાઈડર ટ્રેડિંગને કંટ્રોલમાં લાવવું ઘણું જ કઠિન છે. દરરોજ કે દર વખતે નવી નવી ટેકનિક અપનાવીને ઈન્સાઈડર ટ્રેડિંગ કરવામાં આવી રહ્યા છે. તેથી સેબી માટે તેમને ઝડપી લેવા કઠિન બની રહ્યા છે."



**ખણિક શાહ**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

### ઈન્સાઈડર ટ્રેડિંગ રોકવા AIની મદદ લઈ શકાય:

વાસ્તવમાં ઈન્સાઈડર ટ્રેડિંગ કરીને બજારમાં મોટા ખેલ પાડવામાં આવી રહ્યા છે. ઈન્સાઈડર ટ્રેડિંગમાં સ્ટોક માર્કેટના મોટા અને આર્થિક રીતે સદ્ધર ગણાતા ગ્રુપના બ્રોકર્સ કોઈપણ એક શેર્સના ભાવ ઊછાળી દેવા માટે તેના સોદા કરવાનો આરંભ કરે છે. કંપની અંગેની ગુપ્ત માહિતી તેમની જાણકારીમાં આવી હોય તેમ જણાવીને તેઓ ખેલ કરી રહ્યા છે. ૫૦થી ૧૦૦ જણાનું આ ગ્રુપ તે સ્ક્રિપમાં ધીમે ધીમે ઊંચા ભાવે લેવાની શરૂઆત કરે છે.

પરિણામે એ શેર્સના ભાવ ઊંચા જાય છે. શેરબજારના અનુભવી ઈન્વેસ્ટર અને F&Oના નિષ્ણાત કિરણ શાહનું કહેવું છે, "ઈન્સાઈડર ટ્રેડિંગ નહોતું પકડાતું તેનું એક કારણ એ પણ હતું કે શેરબજારના વગદારો અને સેબીના અધિકારીઓની પણ તેમાં મિલીભગત રહેતી હતી. તેથી આ શક્ય નહોતું. પરંતુ હવે સેબી નિયમ બદલે અને કોમ્પ્યુટર નેટવર્ક સહિતની બધી જ બાબતોનો વ્યવસ્થિત ટ્રેક રાખીને તપાસ કરે તથા આરોપીએ બચવા માટે ઊભા કરેલા પુરાવાઓને ખોટા ઠેરવવાની ક્ષમતા કેળવી લે તો ઈન્સાઈડર ટ્રેડિંગનો ભોગ બનતા ઘણાં નાના ઈન્વેસ્ટર્સને બચાવી શકાય છે. તેમાંય વળી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો પ્રભાવ વધી રહ્યો છે, ત્યારે ઈન્સાઈડર ટ્રેડિંગે રોકવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરવાની વાત સેબીને અસરકારક બનાવી શકે છે."




# ફાઈનાન્શિયલ ઈન્ફ્લુઅન્સરને 4 કરોડ પાછા આપવા સેબીએ આદેશ કર્યો

**ઇન્સાઈડર ટ્રેડિંગને રોકવા સેબી સક્રિય છે તેનો અંદાજ આપવા માટે જ યુ-ટ્યૂબ પર માહિતી આપીને શેરબજારના સોદાઓ પર પ્રભાવ પાડવાનો પ્રયાસ કરનાર પી.આર. સુન્દર નામની વ્યક્તિને ૨૫મી મેએ સેબીએ રૂ. ૪ કરોડનો દંડ કરીને આક્રમક પગલું લીધું છે. તેને એક વર્ષ સુધી શેરબજારમાં સોદો કરવાથી અટકાવી દેવામાં આવ્યો છે. પી.આર. સુન્દર સેબી રજિસ્ટર ઇન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નહોતો. છતાં માસૂન કન્સલ્ટન્ટીને નામે એડવાઈઝરી સર્વિસ પૂરી પાડતો હતો. પી.આર. સુન્દર પોતે ઓપ્શનનું ટ્રેડિંગ કરતો હતો. આમ ટિપ્સ આપીને કમાણી કરાવી આપવાની મોટી મોટી વાતો કરનારાઓથી પણ નવા સવા ઇન્વેસ્ટર્સે સાવધાન રહેવાની જરૂર છે. યુ ટ્યૂબની માફક ટેલિગ્રાફ પર પણ ૧૦૦૦થી માંડીને ૫૦૦૦ ઇન્વેસ્ટર્સના ગ્રુપ ચલાવીને ઇન્વેસ્ટમેન્ટની સૂચના આપીને શેર્સના ભાવ પર મોટો પ્રભાવ પાડવાની કોશિશ કરનારાઓને પણ ઇન્સાઈડર ટ્રેડિંગ માટે દંડને પાત્ર ગણવામાં આવે છે.**



### આકરી પેનલ્ટીનું વલણ પણ...

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ખણિક શાહ કહે છે, "સેબી પાસે ઈન્સાઈડર ટ્રેડિંગ કરનારાઓને પાંચ કરોડથી માંડીને સો કરોડ સુધીની પેનલ્ટી કરવાની જોગવાઈ છે. પરંતુ સેબીએ બહુ જ ઓછા કેસોમાં આકરી પેનલ્ટી કરવાનું વલણ લીધું છે." જોકે અત્યાર સુધી સેબીએ તેટલી ચુસ્તી દાખવી નથી. તેથી જ તેને 'કાગળના વાઘ' અને'દાંત તથા નહોર વિનાના વાઘ' તરીકેનો સરપાવ આપવામાં આવે છે. સેબી હવે ઈન્સાઈડર ટ્રેડિંગના કેસોને પકડી પાડવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો પણ સેબી ઉપયોગ કરવાની તૈયારીમાં છે. મોટા મોટા કેસિનોમાં ઈન્સાઈડર ટ્રેડિંગને પકડી પાડવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

### સોશિયલ મીડિયાનો પણ દુરુપયોગઃ

તેની સાથે જ જે કંપનીનો શેર્સ હોય તે શેર્સના ભાવ ઊંચા જવાની વાતો સોશિયલ મિડીયામાં વહેતી કરી દે છે. તેને માટે કંપનીને નવો મોટો ઓર્ડર મળ્યો હોવાની કે કંપનીનો નફો અત્યંત વધી ગયો હોવાની માહિતી તેમને મળી હોવાની વાતો વહેતી કરી દેવામાં આવે છે. આ જ રીતે કંપનીને માર્કેટની બીજી બહુ જ સદ્ધર કંપની ટેકઓવર કરી રહી હોવાની વાત પણ વહેતી કરી દઈને શેરના ભાવ વધારવાનો ખેલ કરવામાં આવે છે. આમ કંપનીના બોર્ડની ખાનગી માહિતીઓ તેમની પાસે આવી હોવાને નામે તેઓ શેર્સના ભાવ ઊછાળી દેવાનો ખેલ કરે છે. કંપનીના બોર્ડના મેમ્બર પણ ઈન્સાઈડર ટ્રેડિંગમાં સંડોવાયેલા હોવાના કિસ્સાઓ બન્યા છે.

### ઇન્સાઈડર ટ્રેડિંગ માટેની મોડસ ઓપરેન્ડીઃ

કંપનીના બોર્ડમાં થયેલી ચર્ચા અને નિર્ણયોની કંપની જાહેરાત કરે તે પહેલા જ વહેતી કરી દેવામાં આવેલી વાતને પ્રીન્ટ મિડીયા થકી આમ જનતા સુધી પહોંચાડવાનો પ્રયાસ પણ કરવામાં આવે છે. કંપનીના સૂત્રોને નામે, કંપનીના કોઈ ડિરેક્ટરનું નામ આપ્યા વિના જ નવા નિર્ણયોનો વાત વહેતી કરવામાં આવે છે. આ માહિતી છ-બાર મહિના સુધી વહેતી રહે છે. તેથી તેના શેર્સના ભાવ ઊંચકાયા કરે છે. વાસ્તવમાં તેની જાહેરાત થાય ત્યાં સુધીમાં જ તેના ભાવ ૧૦૦ ટકા કે તેનાથીય વધુ વધી જાય છે. આ પ્રકારે થતાં ઈન્સાઈડર ટ્રેડિંગને રોકવા કઠિન છે.

પરિણામે શેરબજારમાં ઈન્વેસ્ટ કરનારાઓની અને શેરબજારમાં રોકાણ કરીને કમાઈ લેવાના કે પછી કરોડપતિ બનવાના સપનાં જોતાં નાના મોટા નવા રોકાણકારો તે શેરના ભાવની વધઘટ પર નજર રાખવા માંડે છે. તેના ભાવ વધતા કમાઈ લેવાની તક મળશે તેવી ગણતરીથી તેમાં રોકાણ કરવાનું ચાલુ કરી દે છે. આમ પહેલો દાવ સફળ ગયા પછી કાર્ટેલ રચીને ભાવ ઊછાળવા સક્રિય થયેલા ૫૦થી ૧૦૦ પ્લેયર્સનું ગ્રુપ કે કાર્ટેલ તે શેર્સમાં વધુ લેવાલી ચાલુ કરે છે. ઈન્સાઈડ ઈન્ફોર્મેશન સાથે કાર્ટેલ સરક્યુલર ટ્રેડિંગ પણ કરે છે. શેર્સના હાથબદલાના રિપોર્ટ્સ રોજ રોજ મળતાં હોવાથી રોકાણકારોનું ધ્યાન તેના તરફ વધુ ખેંચાવા માંડે છે.

હવે બીજો મોટો ખેલ ચાલુ થાય છે. કંપનીના

# કેવી રીતે થાય છે ઇન્સાઇડર ટ્રેડિંગ?

## 1 ફંડ મેનેજરો જ મોટા ગુનેગાર

ઇન્સાઇડર ટ્રેડિંગ કરવા માટે નીત નવા નુસખાઓ અપનાવવામાં આવી રહ્યા છે. કોમન મોડસ ઓપરેન્ડી મ્યુચ્યુઅલ ફંડના નાણાંનું ઇન્વેસ્ટમેન્ટ કરનારા મુખ્ય અધિકારી જ છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ખણિક શાહ કહે છે, "મ્યુચ્યુઅલ ફંડ નાણાં રોકનારા અધિકારીઓ એટલે કે ઇન્વેસ્ટર્સના રોકનારા ફંડ મેનેજર જ મોટા કલ્પ્રિટ છે. તેમની પાસે ઇન્વેસ્ટર્સનું અબજોનું ભંડોળ આવ્યા કરે છે. તેઓ જે સ્ક્રિપમાં લેવાલી કરવાના હોય તે સ્ક્રિપમાં લેવાલી કરવાની વાત સિલેક્ટેડ ગ્રુપને કે વ્યક્તિઓને લીક કરી દે છે. તેમનું અબજોનું રોકાણ આવવાનું હોવાથી સહજપણે તે સ્ક્રિપના ભાવ વધી જ જવાના હોય છે. આ માહિતી લીક કરીને તેઓ ૧૦થી ૩૦ ટકાનો કટ મેળવી લેતા હોવાનું જોવા મળે છે."



## 2 રિઝલ્ટ પૂર્વે શેર્સની કરાતી ખરીદી

કંપનીના રિઝલ્ટ્સ જાહેર કરવાના હોય અને તેનો નફો ખાસ્સો વધ્યો હોય તો તેની માહિતી એડવાન્સમાં એકાઉન્ટ ડિપાર્ટમેન્ટના અધિકારીઓ લીક કરી દે છે. રિઝલ્ટ જાહેર થાય તે પૂર્વે જ તેના શેર્સ ખરીદી લેવામાં આવે છે. પરિણામે કંપનીના રિઝલ્ટની જાહેરાત થાય તે પછી ખરીદી કરવા જાય તેને કારણે મળનારા નફા કરતાં વધુ મોટો નફો કમાઈ લેવાનો રસ્તો ખૂલી જાય છે. કંપનીના ડિરેક્ટર્સ પણ બીજાનો ઉપયોગ કરીને પોતાની આવક વધારી લે છે. તેઓ પોતાના વિશ્વાસુ ખેલાડીઓ પાસેથી મોટી સંખ્યામાં શેર્સની ખરીદી કરાવી લે છે. તેઓ બે પાંચ નહિ, બસો પાંચસો ખાતાઓનો ઉપયોગ કરતાં હોય છે. પરિણામે બે-ચાર વ્યક્તિ લાભ લેવા એડવાન્સમાં તેના શેર્સમાં લેવાલી કરી હોવાનું પ્રસ્થાપિત કરી શકાતું નથી.



## 3 ટીવી ઇન્ટરવ્યુમાં માહિતી વહેતી કરવી

બિઝનેસ ચેનલના ટી.વી. એન્કરનો પણ ઇન્સાઇડર ટ્રેડિંગ માટે ઉપયોગ કરવામાં આવે છે. એન્કરો શેર્સના એનાલિસિસને નામે ચોક્કસ કંપનીઓના શેર્સના ભાવ ઊંચકી લેવામાં મદદ કરે છે. કોઈ એક સ્ક્રિપમાં ફંડ લેવાલ છે એટલું બોલીને પણ તે ભાવને ભડકાવી શકે છે. આ બધી જ બાબત ઇન્સાઇડર ટ્રેડિંગ હેઠળ આવી જ જા છે. આજ રીતે કંપનીની કોઈ મોટી ઇવેન્ટ હોય કે કંપની જમીન મોટા પ્રમાણમાં ખરીદવાની હોય તેને લગતી નાની અમથી માહિતી પણ શેરના ભાવ ભડકાવવા માટે પૂરતી છે. ટી.વી. એન્કર સાથેના ઇન્ટરવ્યુમાં પણ તેઓ આ માહિતી લીક કરી દે છે. સહજ સવાલના જવાબ તરીકે આપેલી માહિતી પણ ઇન્સાઇડર ટ્રેડિંગ બની શકે છે.



## 4 એક્વિઝિશનની માહિતી લીક કરવી

કંપની કોઈ મોટી કંપનીના શેર્સ મોટા પ્રમાણમાં હસ્તગત કરીને તેમાં શેરહોલ્ડિંગ વધારવાનો ઇરાદો ધરાવતી હોય તો તેને લગતા અહેવાલો પણ અગાઉથી લીક કરી દઈને તેનો લાભ લેવા માટે પોતાની સાથે નિકટનો ઘરોબો ધરાવતા ગ્રુપના ઇન્વેસ્ટર્સ પાસે તેમના શેર્સમાં લેવાલી કરાવી લેવાતી હોય છે. તેમાંય લેનારાઓની સંખ્યા બે પાંચની ન રાખીને સેંકડોમાં કરી દેવામાં આવે છે. નિયમ મુજબ કંપનીના ડિરેક્ટર્સ કે તેમના નજીકના સગાંઓ શેર્સમાં ટ્રેડિંગ કરે તો તેને ઇન્સાઇડર ટ્રેડિંગની ડેફિનેશન હેઠળ તકલીફ પડી શકે છે. તેથી તેઓ અજાણ્યા પણ વિશ્વાસુ માણસો પાસે કામ કરાવે છે.





**કંપનીના ફંડામેન્ટલ્સ મજબૂત બની રહ્યા હોવાના અહેવાલો વહેતા કરવામાં આવે છે. તેથી આગામી છ બાર મહિનામાં શેરનો ભાવ ચાર ગણો કે છ ગણો થઈ જવાની વાતો ચગાવવામાં આવે છે.**

ફંડામેન્ટલ્સ મજબૂત બની રહ્યા હોવાના અહેવાલો વહેતા કરવામાં આવે છે. તેથી આગામી છ બાર મહિનામાં શેરનો ભાવ ચાર ગણો કે છ ગણો થઈ જવાની વાતો ચગાવવામાં આવે છે. કંપનીનો નફો વધી જવાની વાતો પણ વહેતી કરવામાં આવે છે. પરિણામે રોકાણનો પ્રવાહ તેમાં વધે છે.

ત્યારબાદ નવા સવા રોકાણકારોને તે વાત મળે તેથી તેઓ પણ તેમાં રોકાણ કરવા તૈયાર થવા માંડે છે. તેઓ તૈયાર થાય ત્યાં સુધીમાં પાંચ રૂપિયાના ભાવના શેરનો બજાર ભાવ વધીને ૭૫ તો થઈ ચૂક્યો હોય છે. આ સ્થિતિમાં શેર્સના ભાવ વધુ વધશે તો તેને કમાઈ લેવાની તક મળી જશે. આ માન્યતા સાથે નાના અને પહેલી-બીજીવારના ઈન્વેસ્ટર્સ બજારમાં એન્ટ્રી લે છે. તેમનું ખાસ્સું રોકાણ તેમાં આવી જાય તે પછી કાર્ટેલ વળતો દાવ રમવાનું ચાલુ કરે છે. કાર્ટેલના ૫૦થી ૧૦૦ સભ્યો તેમની પાસેની હોલ્ડિંગ વેચવાનું ચાલુ કરી દે છે. બજારમાં એકાએક તે શેરની મોટી વેચવાલી આવવા માંડતા તેના લેવાલો ઘટવા માંડે છે. પરિણામે એકાએક શેરનો ભાવ ૭૫થી ઘટીને ૩૦-૪૦ પર આવી જાય છે. આ ભાવ સપાટીએ શેર વેચી દેવાનું રૂ. ૭૫ના ભાવના રોકાણકારો પસંદ કરતાં નથી. કારણ કે તેમાં તેમને મોટું નુકસાન દેખાય છે. ભવિષ્યમાં આ શેરનો ભાવ ફરી વધશે તેવી આશા સાથે તેઓ આ શેર્સનું હોલ્ડિંગ જાળવી રાખે છે. પરિણામે તેમના રૂપિયા કાગળ થઈ જાય છે.



**કિરણ શાહ,** નિષ્ણાત F&O અનુભવી ઇન્વેસ્ટર

ટેકનિકલ જાણકારી ધરાવનારાઓ ફ્રન્ટ રનિંગની અને મેસેજ ડિસએપિયરિંગની સિસ્ટમનો ઉપયોગ કરે છે. ફ્રન્ટ રનિંગમાં સ્ટોકના ટ્રેડિંગ, ઓપ્શન કે ફ્યુચર કોન્ટ્રાક્ટ કે ડેરિવેટિવ્સ અથવા તો સ્ક્રિપ આધારિત સ્વેપિંગમાં ખેલાડી એન્ટર થાય છે. જાહેર ન થયેલા કે લોકોની જાણમાં ન હોય તેવી માહિતીને આધારે તેઓ આ સોદા મોટા જથ્થામાં કરે છે. તેની અસર સીધી સ્ટોકના ભાવ પર પડે છે. તેને માટેના ફંડિંગનો સ્રોત-સોર્સ પણ પકડી ન શકાય તેવો પણ રાખે છે. પરિણામે શેરબજારના ખેલાડીઓની દરેક હિલચાલ પર નજર રાખવાનો પ્રયાસ કરતી સેબીનો પનો ટૂંકો પડે છે. તેથી ઈન્સાઈડર ટ્રેડિંગના કેસ જીતવામાં પણ તેમને ફાંફા પડી જાય છે.

ઈન્સાઈડર ટ્રેડિંગમાં ખાસ કરીને અસાધારણ નફાની લાલચ આપીને ભોળા ઈન્વેસ્ટર્સને આકર્ષવામાં આવે છે. તેની આ કાર્યપદ્ધતિના નક્કર પુરાવાઓ ન મળે ત્યાં સુધી કહેવાતા માર્કેટ ઓપરેટર્સને પકડી પણ શકાતા નથી.

**ઈન્સાઈડર ટ્રેડિંગના ૧૦૦થી વધુ કિસ્સામાં પગેરું નથી મળતું:**

ચોક્કસ કંપનીને લગતા અહેવાલો આવતા હોય તેવા કિસ્સાઓમાં અસાધારણ ટ્રેડિંગ કરવામાં આવ્યું હોવાના ૧૦૦થી વધુ કિસ્સાઓ ધ્યાનમાં આવે છે. કોઈ કંપની તરફથી ચોક્કસ જાહેરાત કરવામાં આવે તે પહેલા જ તેના શેર્સમાં મોટી પોઝિશન લઈ લેવામાં આવતી હોવાનું જોવા મળે છે. પરંતુ નક્કર પુરાવાઓને અભાવે સેબી આ પ્રકારના કિસ્સાઓમાં કોઈ જ આકરાં પગલાં લઈ શકી નથી. આ મર્યાદાને ઓળંગી જવાનો પ્રયાસ નવા નિયમો અને નિયંત્રણોના માધ્યમથી કરવામાં આવશે. તેની મદદથી વધારે કન્વિન્સિંગ પુરાવાઓ આપી શકશે. કોર્ટ વધુ કન્વિન્સિંગ પુરાવાઓ હોય તો જ તેને ગ્રાહ્ય રાખે છે.

જોકે એક સિક્કાની બે બે બાજુ હોય છે તેમ આ નવી જોગવાઈ સીધાસાદા અને કાયદેસર ટ્રેડિંગ કરનારાઓની પણ હાલાકી વધારી શકે છે. તેમણે તેમના દરેક સોદા પાછળના ગણિતો સમજાવવા પડશે. પચાસ પ્રકારના ખુલાસાઓ કરવા પડશે. પોલીસ તેનો ડિસએડવાન્ટેજ પણ લઈ શકે છે. પોતે નિર્દોષ હોવાનું પુરવાર કરવા માટેના પુરાવાઓ રજૂ કરવાનું આરોપીને માથે નાખવામાં આવવાની હોય ત્યારે તે કાનૂની જોગવાઈ વધુ ક્લિયર કે સ્પષ્ટ હોવી જોઈએ.

મની લાઈફ ફાઉન્ડેશને ઈન્સાઈડર ટ્રેડિંગના કેસોનો ઊંડો અભ્યાસ કર્યો છે. તેમનું તારણ એવું છે કે ઈન્સાઈડર ટ્રેડિંગ માટેનો કાયદો અને સેબીએ તેના અનુસંધાનમાં ઊભા કરેલા ધારાઓ અને આપેલા ચૂકાદાઓ કે જજમેન્ટ્સને જોતાં લાગે છે કે અત્યાર સુધી બધું આડેધડ આગળ વધ્યું છે. સેબીના ચૂકાદાઓમાં જ વિરોધાભાસ પણ જોવા મળે છે. કેટલીકવાર અલગ જ મોડસ ઓપરેન્ડી અપનાવીને ઈન્સાઈડર ટ્રેડિંગ કરવામાં આવ્યું હોવાથી સેબી તેના સંદર્ભમાં યોગ્ય ચૂકાદો ન આપી શકી હોવાનું જોવા મળે છે. પરિણામે ઈન્સાઈડર ટ્રેડિંગ અંગેના ચૂકાદાઓ લવાદના નિર્ણય જેવા જ છે.



# ખેત ઉપજનું ગ્રેડિંગ હવે ખેડૂતો ઘર આંગણે જ કરી શકશે

**● ક્રોપનું ગ્રેડિંગ કરીને સ્પોટ પર જ ભાવ નક્કી કરી દઈને ખેડૂતોને ઓછી રકમ પકડાવી દેનારાઓથી હવે છૂટકો મળી શકશે**

ખેડૂત કૃષિ ઉત્પાદન બજાર સમિતિમાં પહોંચે અને પોતાનો માલ વેપારીને બતાવે ત્યારે વેપારી જે કહે તે ક્વોલિટી હોવાનું અને આપે તે ભાવ લઈને નીકળી જવાની લાચારી જગતના તાતને માથે લખાયેલી છે. એક જમાનામાં તો વેપારીઓની સિન્ડિકેટ વચ્ચે રૂમાલ રાખીને હાથથી કોઈ સાંકેતિક ઇશારાઓ કરીને ખેડૂત દ્વારા લાવવામાં આવેલા માલની કિંમત નક્કી કર દેતા હતા. ખેડૂતોએ તે કિંમત સ્વીકારીને માલ આપીને ચાલ્યા જવું પડતું હતું. તેમાં ખેડૂતોની ભયંકર શોષથ થતું હતું. હા, હવે આ લાચારીમાંથી જગતના તાતને મુક્તિ મળી શકે છે. નવી ટેક્નોલોજી ખેડૂતોની મદદે આવી રહી છે. ઉપજાવ એગ્રીટેક એલએલપીએ ખેડૂતોના હિતમાં એક એપ-એપ્લિકેશન ડેવલપ કરી છે. આ એપ્લિકેશનને ઉપજાવના નામથી ઓળખાવવામાં આવે છે. ગુજરાતના ખેડા જિલ્લામાં આ એપ્લિકેશનનો ટ્રાયલ રન થવાનો છે.

ઉપજાવ એગ્રીટેક એલએલપીના પ્રમોટર શ્રીધર મહેતાનું કહેવું છે, "એપીએમસીમાં માલ વેચવા જનાર ખેડૂતને તેના પ્રોડક્ટની ક્વોલિટીની પાક્કી ખબર હોતી જ નથી. પરિણામે એપીએમસીમાં વેચવા જાય ત્યારે ખરીદનાર વેપારી હાથમાં તેના પાકના થોડા દાણા લઈને કહી દે છે કે તારી ક્વોલિટી આ છે અને તેના તને મણદીઠ આટલા રૂપિયા જ મળશે. ખેડૂતે તે સ્વીકારીને માલ



**શ્રીધર મહેતા, પ્રમોટર**
ઉપજાવ એગ્રીટેક એલએલપી

પડે કે પછી વેચ્યા વિના પાછા ફરી જવું પડે છે. બહુધા કેસમાં ખેડૂત તેને વેપારી જે ભાવ આપે તે ભાવથી માલ વેચીને આવી જાય છે. હા, આ ખેડૂતને લાચારી છે. "

દૂધના ફેટ માપવાની એપ બનાવીને પશુપાલકોને તેમના દૂધની યોગ્ય કિંમત અપાવતા ઇલેક્ટ્રોનિક્સ ઉપકરણો બનાવનાર પ્રોમ્પ્ટ ઇક્વિપમેન્ટ પ્રાઈવેટ લિમિટેડના પ્રમોટર શ્રીધર મહેતાને ખેડૂતોને આ લાચારીમાંથી બહાર લાવવાનો વિચાર આવ્યો. તેઓ મચી પડ્યા. તેમના આ કામમાં પ્રણવ અસ્થાના, રિતુ મિશ્રા, સ્મિત મહેતા અને ડૉ.નીરજ મહેતાનો સાથ મળી ગયો. તેમણે ખેડૂતોના ઘઉં, ચોખા, બાજરી, જુવાર, મકાઈ, મગ, મઠ, તુવેર સહિતના દરેક આપે તેવી એક મોબાઈલ એપ-મોબાઈલ એપ્લિકેશન ડેવલપ કરી.

### મોબાઈલ એપ્લિકેશન કઈ રીતે વાપરી શકાય

મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ બહુ જ સરળ છે. મોબાઈલમાં આ પેઈડ એપ્લિકેશન ડાઉનલોડ કરી શકાય છે. વેપારીઓ પણ કૃષિ ઉપજના ગ્રેડેશન માટે તે એપ્લિકેશન મેળવી શકે છે. વાર્ષિક રૂ. ૩૦૦૦૦નું સબસ્ક્રિપ્શન આપીને તેનો ઉપયોગ જોઈએ તેટલીવાર કરી શકે છે. ખેડૂતો મર્યાદિત વપરાશ માટે તે એપ લઈ શકે છે. હવે એપ કઈ રીતે વાપરવી તેની વાત કરીએ.

પહેલા એક બ્લેક કલરના કાગળ કે કાપડના ટુકડાને જમીન પર પાથરી દો. ત્યારબાદ ખેડૂત તેના ઘઉં, જુવાર, બાજરી કે મકાઈના દાણાનો એક ખોબો ભરીને તેના પર છૂટા છૂટા પાથરી દે. આ રીતે દાણા કાપડ પર પાથરી દીધા પછી તેને ઉપજાવ એગ્રોટેક એલએલપીએ ડેવલપ કરેલી એપ-એપ્લિકેશનથી સ્કેન કરો. માત્ર દસથી પંદર સેકન્ડમાં તે દાણાનું સ્કેનિંગ થઈ જશે.

શ્રીધર મહેતા કહે છે, "દાણાનું સ્કેનિંગ કર્યા પછી થોડી જ સેકન્ડમાં તેમાં કેટલા મોટા દાણા છે. કેટલા નાના દાણા છે. કેટલા તૂટેલા દાણા છે તથા કેટલા દાણાને જીવાત લાગેલી છે. તે બધો જ ડેટા પંદરથી ત્રીસ સેકન્ડમાં જનરેટ થતા

રિપોર્ટમાં લેખિતમાં આવી જાય છે. હવે આ જ રીપોર્ટ અને સ્કેનરની તસવીર મોકલીને ખેડૂત તેના પ્રોડક્ટની ક્વોલિટીનો ક્લેઈમ કરી શકે છે. તેને આધાર તરીકે વેપારીને મોકલી શકે છે. આ રીતે મોકલવામાં આવેલા રિપોર્ટને આધારે વેપારી તેના પ્રોડક્ટનું કેટલું મૂલ્ય ઉપજી શકે તેનો નિર્ણય પણ લઈ જ શકે છે.”

### એપથી છેતરપિંડી પણ થઈ શકે છે

ઉપજાવ એગ્રોટેક એલએલપી દ્વારા બનાવવામાં આવેલી એપ્લિકેશનનો દુરુપયોગ પણ થઈ શકે છે તેવી દહેશત વ્યક્ત કરવામાં આવી રહી છે. આ મોબાઈલ એપ્લિકેશનથી કૃષિ ઉપજનું સ્કેનિંગ કરતી વખતે માત્ર સારી ગુણવત્તાના જ દાણા મૂકીને ગ્રેડિંગ સર્ટિફિકેટ મેળવવાનો પ્રયાસ કરવામાં આવી શકે છે. હા, આ પ્રકારની ગેરરીતિ આચરવામાં આવી શકે છે. પરંતુ તેને પણ બ્લોક કરી શકાય છે.

એક, ખેડૂત દ્વારા મોબાઈલ એપ પર સ્કેન કરીને મોકલવામાં આવેલા સેમ્પલ્સને સીલ કરીને રાખવાનો રહેશે. તેને સીલ બંધ રાખવાની જવાબદારી પ્રાઈમરી એગ્રીકલ્ચર કોઓપરેટીવ સોસાયટીએ નિભાવવાને રહેશે. વેપારીને તે જ સેમ્પલનો હિસ્સો મોકલવાનો રહેશે. બીજો હિસ્સો ખેડૂતના હાથમાં રહેશે. ત્રીજો હિસ્સો પ્રાઈમરી એગ્રીકલ્ચર કોઓપરેટીવ સોસાયટીના હાથમાં સીલબંધ રહેશે. તેથી સેમ્પલ બદલાઈ જવાની શક્યતા તેમાં રહેશે નહિ. તેમાં ગેરરીતિ કરનાર પેક્સ-પ્રાઈમરી એગ્રીકલ્ચર કોઓપરેટીવ સોસાયટીને પણ જવાબદાર ગણવાની વ્યવસ્થા ઊભી કરવાની રહેશે. સેમ્પલ મોકલવામાં ગરબડ કરનાર ખેડૂતને પણ જવાબદાર ઠેરવવાની સિસ્ટમ દાખલ કરવી પડશે. તેનાથીય આગળ વધીને વાત કરીએ તો ખેડૂત મોબાઈલ એપ પર તૈયાર કરેલો ગ્રેડિંગનો અને ક્વોલિટીનો રિપોર્ટ મોકલે તે પછી વેપારી તે માલ ખરીદવા તૈયાર થાય અને માલ ખરેખર ડિલીવરી લે ત્યારે વેપારી પાસે પણ તેને વેરીફાય કરવાની તક રહેલી છે. સેમ્પલ પ્રમાણેનું જ પ્રોડક્ટ છે કે નહિ તેની તે ખેડૂતના કુલ સપ્લાયમાંથી પાંચ દસ કોથળાને ખોલીને તેના રેન્ડમ ટેસ્ટિંગ કરી શકે જ છે. ખેડૂતે છેતરપિંડી કરતો રિપોર્ટ તૈયાર કરાવ્યો હશે તો તે માલની ખરીદી કરતી વખતે પકડાઈ જવાની સંભાવના છે. પ્રાઈમરી એગ્રીકલ્ચર કોઓપરેટીવ સોસાયટી આડતિયા તરીકેની ભૂમિકા ભજવીને પોતાના ખેડૂતને તેની ઉપજના સારામાં સારા ભાવ મળે તે માટેના પ્રયાસો કરી શકે છે. આ એપનો ઉપયોગ કરવાથી ખેડૂતોને તેની ઉપજના યોગ્ય કે મળવાપાત્ર ભાવ અપાવવામાં મદદ મળશે તે નિશ્ચત છે. ■



**તેજસ પટેલ, ચેરમેન**
ખેડા જિલ્લા સહકારી બેન્ક

## ખેડા જિલ્લા સહકારી બેન્કના પ્રમુખ તેજસ પટેલ શું કહે છે

**ખેડા જિલ્લા સહકારી બેન્કના પ્રમુખ અને ગુજકોમાસોલના ડિરેક્ટર તેજસ પટેલ આ મોબાઈલ એપને ખેડૂતોની જિંદગીમાં કાન્તિકારી પરિવર્તન લાવવાને સમર્થ મોબાઈલ એપ તરીકે ઓળખાવે છે. તેનાથી કૃષિ ઉપજમાં ભેળસેળ કરવાની પ્રવૃત્તિ પર પડદો પડી જશે. ૨૦મી મેથી આણંદ જિલ્લાના પેટલાદ અને સોજિત્રા તાલુકાનો ૮૦ ગામોમાં આ એપની ટ્રાયલ રન કરવામાં આવશે. તેજસ પટેલ કહે છે, “આ એપ ભારતના ખેડૂતો માટેની ક્રાન્તિકારી એપ છે. ખેડૂતોની લાચારી દૂર કરનારી આ એપ છે. ખેડૂત માલ ભરીને જાય તે પછી વેપારીઓ સામે તે લાચાર થઈ જાય તે દિવસો હવે વિદાય લઈ શકે છે. ખેડૂતોને માલ વેચવા જવું નહિ પડે. તેમનો માલ ઘેર બેઠાં વેચાશે. માલનું સ્ટાન્ડર્ડ બતાવવા માટે ખેડૂતે માલ ભરીને બજાર સુધી જવું પડે છે તે હવે જવું પડશે નહિ.” ભારતના ખેડૂતોને માટે આ મોટોમાં મોટો આવિષ્કાર ગણાશે. વેપારીને પણ પૂરા માલનો અંદાજ મેળવવામાં તકલીફ પડે છે તે ઓછી થઈ જશે. તેમાં માલના દાણાની સાઈઝ, મોઈશ્ચર, કેટલા ટકા સારો, દાણાનું વજન કેટલું છે, એક જ રિપોર્ટમાં વેપારીને પણ તેનાથી ખબર પડી જાય છે. વેપારીને માટે પણ માલની ગુણવત્તા નક્કી કરવી કઠિન રહેશે નહિ. બીજું કૃષિ ઉપજમાં ભેળસેળ કરીને પધરાવી દેવાના કૌભાંડો પર પણ નિયંત્રણ આવી શકે છે. મગફળીના બોરામાં માટી ભરવાનું કાંડ પણ થશે નહિ. તેનું ઉદાહરણ આપતા તેજસ પટેલ કહે છે કે અમે ગુજકોમાસોલ માટે ૮૭૦ ખેડૂતો પાસેથી ચણા ખરીદ્યા હતા. પરંતુ કેટલાક ખેડૂતો તેમાં વધુ કાંકરા ભરીને આવ્યા હતા. તેમાં કાંકરા પડેલા જોઈને તે ખરીદવાની ના પાડી ત્યારે તેમણે તેમના રાજકીય સ્ત્રોતો તરફથી ખરીદી લેવા માટે દબાણ કરવાનો પ્રયાસ કર્યો હતો. પરિણામે પુરવઠા વિભાગના ડિસ્ટ્રિક્ટ સપ્લાય ઓફિસરને બોલાવવાની ફરજ પડી હતી. ત્યારબાદ આ એપથી અમે ૮૭૦ ખેડૂતોના માલના જથ્થાના સેમ્પલ્સ લઈને મોબાઈલ એપ્લિકેશનથી સ્કેન કરીને તેના રિપોર્ટ બનાવીને તેનો ડેટા સાચવી રાખવાનું કામ કર્યું છે. સરકારે નક્કી કરેલા સ્ટાન્ડર્ડ પ્રમાણેનો જ માલ ખરીદ્યો હોવાનું આ એપ્લિકેશનથી શક્ય બની જશે. ટેકાના ભાવે ખેડૂતો પાસેથી માલની ખરીદી કરનારા અધિકારીઓ પણ ખેડૂતો સાથેની મિલીભગતમાં ગેરરીતિઓ કરી શકશે નહિ.**

## એપને કારણે કેટલા ફાયદા થાય ?

ઉપજાવ એગ્રોટેક એલએલપીએ વિકસાવેલી એપથી ઘણાં ફાયદા થાય છે. પ્રાઈમરી એગ્રીકલ્ચર કોઓપરેટીવ સોસાયટીઓ પણ આ એપનો ઉપયોગ કરીને ખેડૂતોના માલની ક્વોલિટીને સર્ટિફાય કરી જ શકશે. તેઓ એપીએમસીના વેપારીઓ માટે કૃષિ ઉપજની ક્વોલિટીના ગેરેન્ટર બની શકે છે.

- એક, ખેડૂતે તેની ઉપજ લઈને ખેતરથી કે ઘરથી એપીએમસી સુધી જવાની ફરજ પડશે નહિ.
- બે, એપીએમસી પર ન જવું પડે તેથી માલ લાવવા અને લઈ જવાનો ખર્ચ બચી જાય છે.
- ત્રીજું, વેપારી કહે તે જ ભાવે માલ વેચીને આવી જવાની લાચારીમાંથી ખેડૂતને છૂટકારો મળી જશે.



# ભારતીય ચલણમાં આયાત અને નિકાસના સોદા કરવા શક્ય છે ખરા?




**રૂપિયાના ચલણમાં આયાત-નિકાસના માલના પૈસાની ચૂકવણી કરવામાં આવે તો ડોલરના ભાવમાં થતી વધ-ઘટને કારણે ઊભા થતાં જોખમો ઘટી જશે**

પહેલી એપ્રિલ ૨૦૨૩થી અમલમાં મૂકવામાં આવેલી ભારત સરકારની નવી ટ્રેડ પોલીસીમાં રૂપી ટ્રેડને પ્રમોટ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. તેના થકી નિકાસમાં વધારો કરવાનું આયોજન છે. અત્યારે વિશ્વ બજારમાં એક્સપોર્ટ ઘટી રહ્યું છે ત્યારે ભારત સરકારે આ નવીન અભિગમ અપનાવ્યો છે. શ્રીલંકા, પાકિસ્તાન, નેપાળ, માલદિવ્સ, ઈરાન, ભૂતાન, બાંગલાદેશ અને અફઘાનિસ્તાન જેવા સાઉથ એશિયાના દેશો ભારત સાથે રૂપિયામાં ટ્રેડિંગ કરવા તૈયાર થઈ ગયા છે. ડૉલરની અછતને કારણે તથા ડૉલરના ભાવની વધ-ઘટની અસર આ દેશો પર ન પડે તે માટે તેઓ ભારતીય રૂપિયાના ચલણમાં વેપાર કરવા તૈયાર થઈ ગયા છે. પ્રસ્તુત જાહેરાત ભારતના વાણિજ્ય સચિવ સુનિલ બાર્થવાલે નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં કરી છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડના વડાનું માનવું છે કે નવી ફોરેન ટ્રેડ પોલીસીમાં નક્કી થયા મુજબ ૨૦૩૦ના વર્ષ સુધીમાં ૭૭૦ અબજ ડૉલર એટલે કે બે લાખ કરોડની નિકાસના ટાર્ગેટને હાંસલ કરવાનું છે. આ લક્ષ્યાંકને સિદ્ધ



**ચિંતન માસ્ટર,** ડિરેક્ટર
ફિનરેક્સ

કરવા માટે રૂપી ટ્રેડને પ્રમોટ કરવો જરૂરી છે. જોકે અત્યારે વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતા વધી રહી હોવાથી નિકાસના ટાર્ગેટને પહોંચી વળવું કઠિન હોવાથી નવું મોટું ટાર્ગેટ નક્કી કરવામાં આવ્યું છે. આ હેતુને પાર પાડવા માટે જ ડ્યૂટી ફ્રી ઈમ્પોર્ટ કર્યા પછી એક્સપોર્ટના કમિટમેન્ટ પૂરા ન કરી શકેલા લોકો માટે માફી યોજના જાહેર કરવાની કેન્દ્ર સરકાર તૈયારી કરી રહી છે. નિકાસની જવાબદારીઓ અદા કરવાને લગતા વિવાદોને સરકાર સપ્ટેમ્બર ૨૦૨૩ સુધીમાં સમેટી લેવા માગે છે. જોકે આ યોજનાનો લાભ ફ્રોડ કરનારાઓને આપવામાં આવશે નહિ.

### રૂપી ટ્રેડમાં વધુ જોખમ છે

જોકે નિષ્ણાતો માને છે કે રૂપિયામાં ટ્રેડ કરવામાં જોખમ વધારે છે. તેને કારણે કેપિટલ એકાઉન્ટમાં કરન્સીની કન્વર્ટિબિલિટીનો પ્રશ્ન ઊભો થાય છે. આ સમસ્યાનો સામનો કરવા ભારત અત્યારે સજ્જ નથી. આમઆદમીને સમજાય તે ભાષામાં વાત કરીએ તો કેપિટલ એકાઉન્ટ કન્વર્ટિબિલિટીમાં ભારતીય રૂપિયાને કોઈપણ જાતના અંકુશ વિના જ વિદેશી કરન્સીમાં રૂપાંતરિત કરી શકાય. તેમ થવાથી સ્થાનિક વેપારીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે આસાનીથી વેપાર કરી શકે છે. તેમાં વિદેશી હૂંડિયામણમાં ડીલ કરતાં એક્સચેન્જની પણ જરૂર રહેતી નથી. આ જોખમ હોવા છતાં ભારતના નાણાં ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન ભગવત કિસનરાવ કરાડે રાજ્યસભામાં જણાવી દીધું છે કે વિશ્વના ૧૮




# વેપાર સરખો ન હોય ત્યાં રૂપી ટ્રેડ શક્ય નથી

એગ્રી બિઝનેસ કોર્પોરેશનના પ્રમોટર-પ્રોપરાઈટર પરેશ શાહનું કહેવું છે, "બે દેશ વચ્ચે સરખેસરખો વેપાર હોય ત્યાંજ રૂપિયાના ચલણમાં વેપાર કરવો શક્ય છે. મલેશિયા સાથેના વેપારની વાત કરવામાં આવે તો ભારત મલેશિયામાં ૭.૧૬ કરોડ ડોલરની નિકાસ કરે છે. તેની સામે ૧૨.૭૩ કરોડ ડોલરની આયાત કરે છે. આમ વેપારમાં સરખાપણું નથી. તેથી મલેશિયા પાસે ભારતીય ચલણ પડી રહેવાની સંભાવના છે. આ વેપાર સરખેસરખો થાય તો જ ભારતના ચલણમાં વેપારના બિલ સેટલ કરી શકાય છે. અન્ય સંજોગોમાં તે વાયેબલ જણાતું નથી. વેપારી ખાદ્ય બંને વચ્ચે પોતાની કરન્સીમાં વેપાર કરવામાં મોટો અવરોધ ઊભો કરી રહી છે." અહીં જે ૧૮ દેશો સાથે રૂપી ટ્રેડ ચાલુ કરવાની વાત કરવામાં આવી રહી છે તે દેશોમાં ભારતની કુલ નિકાસ ૭૧.૯ કરોડ ડોલરની છે. તેની સામે તે દેશોમાંથી કુલ મળીને ૧૨૩.૯ કરોડ ડોલરની વસ્તુઓની આયાત કરે ચે. આમ ૫૨ કરોડ ડોલરનો ગાળો પડે છે. આ ગાળાને પુરવો કોઈ જ રીતે શક્ય જણતો નથી. ભારત અને રશિયા વચ્ચે આ ગાળો ૪૩૦૦૦ કરોડની આસપાસનો હોવાથી તેની સાથે રૂપિયાના ચલણમાં વેપાર કરવો કઠિન છે.



દેશો સાથે રૂપિયાના મૂલ્યમાં વેપાર કરવાની વ્યવસ્થાને સરકારે લીલીઝંડી આપી દીધી છે. રિઝર્વ બેન્કે રૂપિયામાં ટ્રેડ કરવા માટેની સિસ્ટમ પણ અમલમાં મૂકી દીધી છે.

### રૂપીમાં કેવી રીતે ટ્રેડ થશે?

આ સિસ્ટમ હેઠળ ૧૮ દેશોને ખાસ વોસ્ટ્રો રૂપી એકાઉન્ટ ખોલવાની છૂટ આપી છે. રૂપિયાના મૂલ્યમાં રૂપિયાનું પેમેન્ટ કરીને નાણાંની લેવડદેવડ આ ખાતા મારફતે જ કરવામાં આવશે. બોટ્સવાના, ફિજી, જર્મની, ગયાના, ઈઝરાયલ, કેનિયા, મલેશિયા, મોરેશિયસ, મ્યાનમાર, ન્યૂઝીલેન્ડ, ઓમાન, રશિયા, સિચિલિસ, સિંગાપોર, શ્રીલંકા, તાન્ઝાનિયા, યુગાન્ડા અને બ્રિટન સાથેના આયાત-નિકાસના વેપારો આ ખાતામાં સેટલ કરવાની છૂટ આપવામાં આવી છે. મલેશિયા સાથે રૂપિયાના મૂલ્યમાં લેવડદેવડ કરવાનું એપ્રિલ મહિનાથી ચાલુ કરી દેવામાં આવ્યું છે. ઈન્ટરનેશનલ બેન્ક ઓફ મલેશિયાએ ભારતની યુનિયન બેન્ક ઑફ ઈન્ડિયામાં સ્પેશિયલ વોસ્ટ્રો રૂપી એકાઉન્ટ ખોલાવી પણ દીધું છે. મોટી કંપનીઓ પણ રૂપિયામાં ઈન્વોઈઝનું પેમેન્ટ કરી

# ચીન ચલણનું આંતરરાષ્ટ્રીયકરણ કરવા સમર્થ કેવી રીતે બન્યું?

**હાલની સ્થિતિમાં ચીન જ વિશ્વનો એવો એક દેશ છે કે જે તેના ચલણનું આંતરરાષ્ટ્રીયકરણ કરી શકવાને સમર્થ છે. તેમ કરીને પણ તે તેના કેપિટલ એકાઉન્ટ પરનો અંકુશ જાળવી રાખવાની સ્થિતિમાં રહે છે. આ માટે ચીને પીપલ્સ બેન્ક ઓફ ચાઈના સાથે કરન્સી સ્વેપિંગની વ્યવસ્થા કરલી છે. તદુપરાંત ૪૩ દેશની મધ્યસ્થ બેન્કો સાથે પણ કરન્સી સ્વેપિંગની વ્યવસ્થા ઊભી કરેલી છે. આ વ્યવસ્થા હેઠળ કરન્સીનો જરૂર કરતાં વધુ સપ્લાય ન થાય તેનું તમામ દેશો ધ્યાન રાખે છે. ચીને પરદેશમાં તેના ચલણ માટે મજબૂત માર્કેટ ઊભું કરી દીધું છે. આજે ચીનના ચલણથી ડોલર ખરીદી શકાય તેવી સ્થિતિ છે. આ ઉપરાંત ચીને પોતાની વ્યવસ્થાને સ્થિર રાખવા માટે ફોરેન એક્સચેન્જનું રિઝર્વ પણ બહુ જ મોટા પ્રમાણમાં એકત્રિત કરી લીધેલું છે. ચીનની આયાત કરતાં નિકાસ વધારે છે. ચીન પાસે વિદેશી ચલણની અનામત હોવાથી તેના ચલણ-યુઆનને સરળતાથી તોડી પાડી શકાય તેમ નથી. આમ ચીન ટ્રેડ સરપ્લસ છે. ભારત ટ્રેડ ડેફિસિટ છે. ભારતમાં આયાત વધુ છે અને નિકાસ ઓછી છે જેને કારણે વેપારી ખાધ જોવા મળે છે. ભારત સરકાર ભારતીય રૂપિયાનું આંતરરાષ્ટ્રીયકરણ કરવા માટે ઉત્સુક છે. પરંતુ તેને માટે ભારત સરકારને બહુ જ સંગીન પ્લાનિંગ કરવું જરૂરી છે. આ મોરચે ઉતાવળ કરવા જશે તો ભારતીય અર્થતંત્રના પાયા હચમચી જતાં વાર લાગશે નહિ.**



શકશે આ માટે તેમણે અલગથી વોસ્ટ્રો એકાઉન્ટ ખોલાવવા પડશે.

**આ નવી સિસ્ટમના બીજ કેવી રીતે રોપાયા?**

રૂપીમાં ટ્રેડ કરવાનો આરંભ કઈ રીતે થયો તે સવાલ થાય છે. રશિયા-યુક્રેન યુદ્ધ પછી આંતરરાષ્ટ્રીય પેમેન્ટની સ્વિફ્ટ તરીકે ઓળખાતી સિસ્ટમમાંથી રશિયાની બાદબાકી કરી દેવામાં આવી તેને પરિણામે રશિયા સાથે ડૉલરમાં ચૂકવણી કરીને વેપાર કરવું અઘરું પડ્યું હતું. તેથી રૂપિયામાં આયાતની ચૂકવણી કરીને આયાત અને નિકાસના કામકાજ ચાલુ રાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ તબક્કે ભારત માટે ક્રૂડ ઓઈલની આયાતનો મોટો સ્રોત રશિયા હોવાથી પણ ભારત તે માટે સહમત થયું હતું. ભારતની ક્રૂડની કુલ આયાતમાંથી ૧૮ ટકા આયાત એકલા રશિયામાંથી કરવામાં આવતી હતી. રશિયા પાસેથી ભારત ક્રૂડ ઓઈલ ઉપરાંત રાસાયણિક ખાતર અને લશ્કરી શસ્ત્ર સરંજામની આયાત પણ કરે છે.

**રશિયા રૂપીમાં પેમેન્ટ ન સ્વીકારે તો ભારતે ગોલ્ડ રિઝર્વમાંથી સોનું કાઢીને આપવું પડશે**

ફિનરેક્સના ડિરેક્ટર ચિંતન માસ્ટરનું કહેવું છે, "રશિયામાંથી ક્રૂડની કરવામાં આવેલી આયાતનું પેમેન્ટ ગોલ્ડના રિઝર્વમાંથી સોનું કાઢીને આપવાનો ભારત સરકાર વિચાર કરે તેવી સંભાવના છે. રશિયા રૂપિયાના ચલણમાં પેમેન્ટ ન સ્વીકારે તો ભારત પાસે ગોલ્ડ રિઝર્વમાંથી સોનું આપવા સિવાય કોઈ જ વિકલ્પ બચતો નથી. ભારત પાસે આજની તારીખે સોનાનું રિઝર્વ અંદાજે ૭૯૪ મેટ્રિક ટનનું છે. તેનું મૂલ્ય અંદાજે ૪૫ અબજ ડૉલરનું થવા જાય છે. રૂપિયાના ચલણમાં રશિયા પેમેન્ટ ન સ્વીકારે તો રશિયા પાસેથી ક્રૂડની કરવામાં આવતી આયાત પણ ચિંતાનો વિષય બની રહેશે. પેમેન્ટની પદ્ધતિ અંગે નિશ્ચિતતા સધાવી જરૂરી છે."




**રૂપી ટ્રેડથી શું ફાયદા થશે?**

રૂપિયાના ચલણમાં પેમેન્ટ કરવાની આ સિસ્ટમ હેઠળ કેપિટલ અને કરન્ટ એકાઉન્ટમાં કરવાના થતાં પેમેન્ટ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરસ્પર સમજૂતી કરીને આ પેમેન્ટની વ્યવસ્થા કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પેમેન્ટ કર્યા પછી કેપિટલ કે કરન્ટ એકાઉન્ટમાં પૈસા જમા પડ્યા રહે તો તે પૈસાનું સરકારી ટ્રેઝરી બિલમાં, સરકારી જામીનગીરીઓમાં રોકાણ કરવાની છૂટ આપવાનું પણ નક્કી કરવામાં આવ્યું હતું. આમ જે વિદેશી સંસ્થા પાસે વધારાના રૂપિયા પડ્યા રહે તો તેમને તે રૂપિયા ભારતમાંની નિશ્ચિત કરેલી અસ્ક્યામતોમાં રોકાણ કરવા માટે ઉપયોગમાં લેવાની છૂટ આપવામાં આવી હતી. રિઝર્વ બેન્કના પૂર્વ ગવર્નર રઘુરામ રાજને પણ કહ્યું હતું કે ભારતની નિકાસ વધતી જશે તેમ તેમ ભારતે રૂપિયાના ચલણમાં પેમેન્ટના સેટલમેન્ટ કરવાનું વધારતા જવું પડશે. તેનાથી એક બીજો મોટો ફાયદો એ થવાનો હતો કે ભારતીય રૂપિયો આંતરરાષ્ટ્રીય કરન્સી તરીકે ઊભરી આવે તેવી શક્યતા હતા. ભારતીય રૂપિયાનું વધુ

આંતરરાષ્ટ્રીયકરણ થાય તો સરહદ પારના વેપાર કરવામાં થતી ટ્રાન્ઝેક્શન કોસ્ટમાં ઘટાડો આવી શકે છે. તેમ થાય તો વિદેશી હૂંડિયામણમાં થતી વધઘટ એટલે કે રૂપિયા સામે ડૉલરના મૂલ્યમાં થતી વધઘટને કારણે ઊભા થતાં જોખમો ઘટી જવાની સંભાવના રહેલી છે.

રૂપિયાના ચલણમાં આયાતનિકાસના બિલ સેટલ કરવાના બે મોટા ફાયદા છે. એક, ડૉલરના ભાવમાં થતી વધઘટને કારણે તેમના આયોજનો પર પડતી અસર ઓછી થઈ જવાની શક્યતા રહેલી છે. બીજું, તેને કારણે બિઝનેસ કરવા માટે કરવા પડતા ખર્ચમાં ઘટાડો આવી શકે છે. તેનાથી વિશ્વ બજારમાં ભારતીય ઉત્પાદકો વધુ સસ્તા પડી શકે છે. તેમની સ્પર્ધાત્મકતા વધી શકે છે. બીજું, રૂપિયાના ચલણમાં જ આયાત અને નિકાસના બિલના એકાઉન્ટ સેટલ થાય તો વિદેશી હૂંડિયામણની અનામત રાખવાની જફામાંથી છૂટકારો મળી શકે છે.

### સરકારના આયોજન કેમ પાર નથી પડી રહ્યા?

જોકે ભારત સરકારના રૂપિયાના ચલણમાં આયાતનિકાસના બિલ સેટલ કરવાના આયોજનને સૌથી પહેલો ફટકો રશિયા તરફથી જ પડ્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. રશિયાએ રૂપિયામાં પેમેન્ટ સ્વીકારવાની ના પાડી દેતા આ આયોજનને મોટો ઝાટકો લાગ્યો છે. ભારત સરકારે રશિયાની સરકારને સતત સમજાવવાનો પ્રયાસ કર્યો કે તેમની પાસેના વધારાના રૂપિયા તેઓ પોતાની તિજોરીમાં રાખી મૂકી શકે છે. પરંતુ રશિયાએ તે વાતને સ્વીકારવાનો ઇનકાર કરી દીધો છે. તેને પરિણામે ક્રૂડ ઓઈલની સસ્તી આયાત કરવાના ભારતના આયોજનને મોટો ફટકો પણ પડ્યો છે. કરન્સી કન્વર્ઝનની જફામાંથી મુક્તિ મેળવવાનો રસ્તો ફરી એકવાર બંધ થઈ ગયો છે. કન્વર્ઝન માટે થનારા ખર્ચમાં ઘટાડો થશે તેવી આશા પર આ સાથે જ પાણી ફરી વળ્યું છે.

### ભારતના આયાત-નિકાસકારોમાં જાગૃતિનો અભાવ

ભારતમાંથી રશિયામાં ૩.૧૫ અબજ ડૉલરની નિકાસ સામે રશિયામાંથી ભારતમાં થતી નિકાસ ૪૬.૨૧ અબજ ડૉલરની છે. આમ ભારત અને રશિયા વચ્ચેની આયાત અને નિકાસ વચ્ચેનો ગાળો ૪૩.૦૬ અબજ ડૉલરનો છે. આટલી મોટી રકમ પોતાની તિજોરીમાં પડેલી રહેવા દેવામાં રશિયાને સહજ રીતે રસ ન હોય તે માની શકાય તેમ છે. ફિનરેક્સના ડિરેક્ટર ચિંતન માસ્ટરનું કહેવું છે, “ભારત રશિયા વચ્ચે ટ્રેડ ગેપ મોટો છે. રશિયામાંથી ભારતની આયાત વધી છે. તેની સામે ભારતમાંથી થતી નિકાસમાં ખાસ કોઈ વધારો થતો નથી. રિઝર્વ બેન્કે વોસ્ટ્રો એકાઉન્ટ ખોલવા અંગે પરિપત્ર કરી દીધો છે. વોસ્ટ્રો એકાઉન્ટ કઈ ભારતીય બેન્કમાં ખોલાવવા તેની પૂરતી જાણકારી ભારતના આયાત-નિકાસકારો પાસે નથી. આજે ભારતમાંથી રશિયામાં નિકાસ થાય છે, પરંતુ પેમેન્ટ તો ભારતીય રૂપિયા સિવાયના ચલણમાં જ કરવામાં આવી રહ્યા છે. એક્સપોર્ટના સોદા થયા છે તેને માટે કરવા પડતા ખર્ચ ઘણાં ઊંચા ગયા છે. કારણ કે યુકો બેન્કે તો વોસ્ટ્રો એકાઉન્ટમાંથી સોદા કરવા માટે ઇન્વોઈસ વેલ્યુના ૧૦ ટકા જેટલા ઊંચા ચાર્જ વસૂલી રહી છે. વોસ્ટ્રો એકાઉન્ટમાંથી વહેવાર કરનારાઓ પાસે દસ ટકા રકમ ચૂકવવા સિવાય કોઈ વિકલ્પ જ નથી. વોસ્ટ્રો એકાઉન્ટ થકી વહેવારો કરવામાં કોઈપણ આયાત-નિકાસકારોએ બહુ જ કાળજી લેવી જરૂરી છે.”

### ગાઈડલાઈન્સ વિના ટ્રેડ શક્ય નથી

વાસ્તવમાં રશિયા યુક્રેન યુદ્ધ પછી રૂપિયાના ચલણમાં પેમેન્ટ કરવાના નક્કર સોદા થયા જ નથી. માત્ર વાતો જ થઈ છે. હા, કેટલાક સોદાઓમાં ડૉલરને બદલે યુનાઈટેડ આરબ અમિરાતના દિરહામના ચલણમાં પેમેન્ટ થયા હોવાના કિસ્સા જોવા મળ્યા છે. આમ રશિયા અને ભારતે રૂપિયાના ચલણમાં આયાત-નિકાસ કરવાની વાત તો કરી હતી, પરંતુ વાસ્તવમાં તેને માટેની ગાઈડલાઈન્સ તૈયાર જ થઈ નથી. રશિયાને ભારતીય રૂપિયો તિજોરીમાં સંગ્રહી રાખવામાં રસ નથી. તેને બદલે ચીની યુઆન કે પછી અન્ય કોઈ ચલણમાં તેમને પેમેન્ટ મળે તેવું રશિયા ઇચ્છી રહ્યું છે. રશિયા-યુક્રેન યુદ્ધ ચાલુ થયું તે પછી ભારતે રશિયા પાસેથી આયાત વધારી છે. આયાત પાંચમી એપ્રિલ સુધીમાં વધીને ૫૧.૩ અબજ ડૉલરની થઈ ગઈ છે. ગયા વરસે આ સમયગાળામાં માત્ર ૧૦.૬ અબજ ડૉલરની આયાત કરવામાં આવી હતી. તેના પરથી ફલિત થાય છે કે રૂપિયા અને રૂબલના ચલણમાં પેમેન્ટ કરવાની વેપાર પદ્ધતિ ચાલી શકે તેવી જણાતી નથી. સોવિયેટ સંઘ તૂટી પડ્યું તે પછી પડી રહેલા રૂપિયા વટાવતા રશિયાને ૧૫ વર્ષથી વધુ સમય લાગ્યો જોકે ત્યારે આ પદ્ધતિ સંપૂર્ણપણે અમલમાં મૂકવામાં આવી નહતી.



## BUSINESS FORUM AND B2B MEETINGS WITH FOUNDATION INDUSTRIES DELEGATION, UK – DT. 02-03-2023 - INTERNATIONAL TRADE TASKFORCE



A Business Delegation from the UK on Foundation Industries visited Ahmedabad on today March 02, 2023, and participated in a Business Forum & B2B meetings that were organized jointly by GCCI, FICCI, and British Deputy High Commissioner's office, Ahmedabad.

The purpose of the forum & B2B meetings was to explore export & partnership opportunities here in Gujarat. Various UK companies participating in the forum represented a wide range of areas like Cement, Paper, Glass, Ceramics, Metals, and Bulk Chemicals, Clean Energy, Waste to Energy, Lithium Battery Manufacturing, Artificial intelligence, etc. and they had fruitful one-to-one B2B meetings with their counterparts in Ahmedabad & Gujarat.

## B2B NETWORKING MEETING WITH DELEGATION OF VIETNAM LED BY H.E. MR. NGUVEN THANH HAI – DT. 03-03-2023 - INTERNATIONAL TRADE TASKFORCE

A high-level delegation from Vietnam, led by H.E. Ambassador Mr. Nguyen Thanh Hai, visited the Gujarat Chamber of Commerce and Industry (GCCI) on March 3, 2023, to discuss prospects on industry bilateral relationships and cooperation.

The delegation included Minister Counsellor Mr. Do Thanh Hai, Mr. Saurin Shah, Hon. Consul of Vietnam of Gujarat, Counsellor Mr. Bui Trung Thuong, Reporter Mr. Phan Thanh Tung, and Economic Attache Mr. Nguyen Luong Duc. The meeting was held with team of Office Bearers of GCCI led by the President Shri Pathik Patwari and prominent members of the GCCI.

GCCI President, Shri Pathik Patwari, welcomed the delegation and briefly introduced activities carried out by GCCI and shared information on Gujarat State. He stated that Gujarat is India's top industrial state in terms of manufacturing capacity, investment opportunities, and operational special economic zones. Gujarat's GSDP has shown a 13% growth rate which is higher than national average. Further he stated that Gujarat has emerged as a major investment hub and cited examples of Tata, Airbus grabbed Rs 22,000-cr project to make C-295 aircraft in Gujarat and Vedanta and Foxconn investment deal of $ 19.5 billion to set up semiconductor and display



production plants in Gujarat.

The delegation led by H.E. Ambassador Mr. Nguyen Thanh Hai expressed their interest in exploring opportunities to strengthen economic ties between Vietnam and Gujarat. They highlighted the importance of developing bilateral relationships and cooperation in various sectors, such as agriculture, tourism, education and information technology. They also discussed the potential of the FTA and CETA between Vietnam and India, which could further enhance the trade and investment relationship between the two countries. He further stated that they see Gujarat as a crucial partner in efforts to strengthen bilateral ties and cooperation between Vietnam and India and are committed to working with India in particular Gujarat - GCCI and its members to explore new opportunities for collaboration and investment and to build a stronger economic relationship between our two nations. H.E Ambassador Mr. Hai stated that specific commodity group for cotton crop should be set-up. He invited GCCI delegation to visit Vietnam.

GCCI also expressed its willingness to work with the Vietnamese delegation to explore new opportunities for bilateral trade and investment. It was also discussed for the collaboration in sectors such as education, tourism and textiles. It was discussed that for smooth execution and better dialogue, Memorandum of Understanding should be done between Vietnam Chamber of Commerce and Industry & GCCI. It was also discussed to have permanent representation from Vietnam in Gujarat in order to promote tourism in both countries.

